

ચોથી ટેસ્ટમાં ભારતનું ખરાબ પ્રદર્શન, 191 રનમાં ઓલઆઉટઃ ઇંગ્લેન્ડ 53/3

PAGE NO. 18

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



તાલિબાનની મદદથી ISISનો ખાત્મો કરવા USની તૈયારી

PAGE NO. 16

FRIDAY, 03 SEPTEMBER, 2021 Vol. 18, No. 36 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh. news Web : www. swadesh. news

## સબવે, બસ સ્ટેશનો, પાર્કિંગ બેઝમેન્ટ પાણીમાં ગરકાવ, ન્યૂયોર્ક એરપોર્ટ પર પાણી ભરાતા ફ્લાઇટો રદ

# USના 3 રાજ્યમાં વાવાઝોડું, 25ના મોત

## ન્યૂયોર્ક અને ન્યૂજર્સીમાં વીજપુરવઠો ખોરવાતા 85,000 લોકો અંધારપટમાં, કટોકટી જાહેર કરાઇ







**ન્યૂયોર્ક**

હરિકેન ઈડા લુઈસિયાનામાં ભારે તબાહી સર્જ્યા બાદ બુધવારે અમેરિકાના ઉત્તરપૂર્વ કિનારા પર આવેલા 3 રાજ્યને ઘમરોળીને આગળ વધ્યું હતું. અતિભારે વરસાદના કારણે ન્યૂયોર્ક, ન્યૂજર્સી અને મેરીલેન્ડ રાજયમાં ભીષણ પૂરથી ૨૫નાં મોત થયાં હતાં. ન્યૂયોર્કમાં 8 કલાકમાં 6.5 ઈંચ જેટલો વરસાદ થતાં બેઝમેન્ટ એપાર્ટમેન્ટમાં પૂરના પાણી ભરાતાં 9 અને ન્યૂજર્સીમાં 10 લોકોનાં મોત થયાં હતાં. મેરીલેન્ડમાં તણાઈ જવાના કારણે બે વ્યક્તિનાં મોત થયાં હતાં. ન્યૂયોર્કની સડકો પર ધસમસતાં પૂરના પાણી ફરી વળતાં કારો તણાઈ હતી. ન્યૂયોર્ક સ્ટેટ અને ન્યૂજર્સીમાં વીજપુરવઠો ખોરવાઈ જતાં 85000 લોકો અંધારપટમાં સપડાયાં હતાં. એકલા ન્યૂયોર્કમાં 25,000 લોકોને અંધારામાં રહેવાની ફરજ પડી હતી. પેન્સિલ્વેનિયા સ્ટેટમાં પણ વીજપુરવઠો ખોરવાતાં 112000 અને ન્યૂજર્સીમાં 36000 લોકોને વીજળી વિના રહેવું પડયું હતું. ન્યૂયોર્ક એરપોર્ટ વિસ્તારમાં બે કલાકમાં ૪ ઈંચ વરસાદ થતાં એરપોર્ટના બેગેજ એરિયામાં પણ પૂરના પાણી ભરાઈ જતાં તમામ ફ્લાઈટ રદ કરી દેવાઈ હતી અને પાંકિગ લોટ બંધ કરી દેવાયાં હતાં. ન્યૂયોર્કના સબવે સ્ટેશનોમાં પૂરના પાણી ધસી જતાં બુધવારે રાત્રે તમામ સબવે લાઈન પર ટ્રેન સેવાઓ રદ કરી દેવાઈ હતી. ગુરુવાર સવાર સુધી ન્યૂયોર્કની સડકો પર નોનઈમર્જન્સી વાહનો પર પ્રતિબંધ લાદી દેવાયો હતો. ન્યૂજર્સીમાં પણ ટ્રાન્ઝિટ લાઈન પર ટ્રેન અને બસસેવાઓ રદ કરી દેવાઈ હતી. ન્યૂજર્સીમાં સંખ્યાબંધ ઠેકાણે ટોર્નેડો ત્રાટકયાં હતાં. ન્યૂયોર્કના મેયર બિલ દ બ્લાસિયોએ બુધવારે રાતથી જ શહેરમાં કટોકટી જાહેર કરી હતી.

## ઉત્તર પ્રદેશમાં રહસ્યમય બીમારી ફેલાતા ફફડાટ, 100થી વધુ લોકોના મોત

**લખનઉ**

ઉત્તરપ્રદેશમાં રહસ્યમયી બીમારીથી લોકોના હોશ ઉડી રહ્યા છે. આ રોગમાં અચાનક વ્યક્તિનું શરીર ગરમ થવા લાગે છે. તેના પછી શરીરમાં પ્લેટલેટ્સ નિરંતર ઘટવા લાગે છે. સમગ્ર પ્રદેશમાં અત્યાર સુધીમાં આ રોગના કારણે 100થી વધુના મોત થઈ ચુક્યા છે. ફિરોજાબાદમાં 15 દિવસ 58ના મોત થઈ ચુક્યા જ્યારે 240 લોકો હોસ્પિટલમાં દાખલ છે, જ્યારે મથુરામાં 10 લોકોના મોત થયા છે જયારે 60 લોકો હોસ્પિટલમાં ભર્તી છે. સહારનપુરમાં 4ના મોત થયા છે, જયારે 60 લોકો હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. જયારે, બાગપતમાં 22 લોકો આ રહસ્યમય રોગના શિકાર બન્યા છે. યુપીના હેલ્થ નિદેશક વેદ્રવત સિંહે જણાવ્યું હતું કે, કેટલાક લોકોના સેમ્પલ ટેસ્ટ કરવા માટે લખનઉની KGMU હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા હતા. તેમા લેક્ટોસ્પેરોરોસિસ રોગ સામે આવ્યો હતો. તેના લાક્ષણો સામાન્ય રીતે ડેન્ગ્યુ જેવા જ હોય છે, જેમાં ઉદર અને ડુક્કરના પેશાબના કારણે ફેલાય છે.

## પેન્સિલ્વેનિયામાં બંધની સપાટી ભયજનક સ્તરે, હજારોનું સ્થળાંતર

પેન્સિલ્વેનિયામાં વરસાદ જતાં જહોન્સટાઉન નજીક આવેલા બંધની સપાટી ભયજનક સ્તરે પહોંચતાં હજારો લોકોનું સ્થળાંતર કરાવાયું હતું. પીટ્સબર્ગ નજીક પૂરના પાણીમાં ફસાયેલી સ્કૂલબસમાંથી ૪૧ બાળકોને ફાયર બ્રિગેડે બચાવી લીધાં હતાં. ઇડાના કારણે શાળા, દુકાનો અને ૧૫૦ સડકો બંધ કરી દેવાઇ હતી. જહોન્સટાઉનમાં બુધવારે બપોર બાદ પાંચ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબક્યો હતો. ફિલાડેલ્ફિયામાં પણ તોફાની પવનોના કારણે મકાનોની છત ઊડી ગઇ હતી અને સંખ્યાબંધ વૃક્ષ ધરાશાયી થયાં હતાં.

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Need mortgage financing? Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ઓઈલ-ગેસ એમિસન પર નિયંત્રણનું લિબરલ નેતાનું વચન

## ચૂંટણી પ્રચાર દરમિયાન કેટલાક પર્યાવરણ અને હવામાનવાદી સંગઠનોએ નેતાઓનું સ્વાગત કર્યું

**કેમ્બ્રિજ, ઓન્ટેરિયો**

લિબરલ નેતા અને કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ કલાઈમેટ ચેન્જની દિશામાં મોટું પગલું લેવાની તૈયારી દર્શાવતા કેનેડાના ઓઈલ અને ગેસના ઉત્પાદકો ચિંતામાં મુકાઈ ગયા છે. રવિવારે ચૂંટણી પ્રચાર દરમિયાન કેટલાક પર્યાવરણ અને હવામાનવાદી સંગઠનોએ તેમનું સ્વાગત કર્યું હતું. જે બાદ પાર્ટીના નેતાઓએ કેનેડામાં ઓઈલ અને ગેસના એમિસન પર નિયંત્રણની તેમની યોજનાની જાહેરાત કરી હતી.

આ સાથે જ ઈલેકટ્રીક વાહનોના વેચાણને પ્રોત્સાહનનું પણ વચન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, જો તેઓ ફરીથી ચૂંટાઈ આવશે તો આવનારા પાંચ વર્ષના કાર્યકાળમાં ઓઈલ એન્ડ ગેસ ઉત્પાદકોને ઝીરો એમિસનનો લક્ષ્યાંક આપશે અને ૨ બિલીયન યુએસ ડોલરનું ફંડ ઓઈલ -ગેસ ઉદ્યોગ પર આધારીત લોકો માટે ફાળવશે. ઓઈલ એન્ડ



ગેસ કંપનીઓએ મિથેન એમિસનના પ્રમાણને ૨૦૧૨ની સરખામણીમાં ૭૫ ટકા જેટલું ૨૦૩૦ સુધીમાં ઘટાડવું પડશે, આ અગાઉ આ લક્ષ્યાંક ૫૦ ટકાનો હતો. ટ્રુડોએ એમ પણ કહ્યું હતું કે, આપણે કેનેડામાં ઓઈલ અને ગેસને કારણે સર્જાતા એમિસનનો ચોથો ભાગ પણ ઘટાડી શકીએ એ વાસ્તવિક લક્ષ્યાંક છે. લિબરલ પાર્ટી ઈલેકટ્રીક વાહનો માટેની વચગાળાની પ્રોત્સાહક યોજના પણ બનાવી રહી છે. જેનાથી કેનેડામાં ૨૦૩૦ સુધીમાં ઝીરો એમિસન કારોનું વેચાણ વધી શકે અને ૧૦૦ ટકા સિદ્ધી મળે તો ૨૦૩૫ સુધીમાં એમાં સફળતા મળી શકશે. એને માટે દેશભરમાં ૫૦૦૦૦થી વધુ ચાર્જિંગ સ્ટેશનો બનાવાશે. જે પૈકીના ૧૭૦૦૦ તો લગભગ તૈયાર થઈ રહ્યા છે. ટ્રુડોના ઓન્ટેરિયો પ્રવાસ સમયે પણ વિરોધીઓની હાજરી જોવા મળી હતી. જો કે, પોલીસ બંદોબસ્તને કારણે કોઈ મુશ્કેલી ઉભી થઈ નહોતી.

# આરોગ્ય સુવિધામાં અપૂરતા સ્ટાફ વચ્ચે ઓન્ટેરિયોમાં નર્સના પગાર વધારાની માંગ

## 350થી વધુ ઈમરજન્સી ડોકટર્સે ઓન્ટેરિયોવાસીઓને સંબોધીને એક પત્ર લખ્યો

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોના ૩૫૦થી વધુ ઈમરજન્સી ડોકટર્સે ઓન્ટેરિયોવાસીઓને સંબોધીને એક પત્ર લખી ક્રિટીકલ કેર નર્સીસની તંગીનો ઉલ્લેખ કરી તેમના પગાર વધારાની માંગણી કરી હતી. તેમણે લખ્યું હતું કે, કોવિડ-૧૯ મહામારી શરૂ થઈ ત્યારથી ઈમરજન્સી તબીબો અને નર્સો સતત છેલ્લા ૧૮ માસથી કામ કરી રહ્યા છે.

તો સંબંધિત વિભાગોએ આ વાત ધ્યાને લઈને નર્સોના પગારમાં યોગ્ય વધારો તત્કાળ કરવો જોઈએ તેમ પણ જણાવ્યું હતુ.

ઈમરજન્સી વિભાગમાં એક તરફ બેડની અછત છે, કયાંક વેન્ટીલેટર્સની અછત છે. પણ સૌથી વધુ મુશ્કેલી અપુરતા નર્સીંગ સ્ટાફને કારણે સર્જાય છે.

ઈમરજન્સી વિભાગના ડો. ક્રિસ્ટોફર કીફરે લખેલા પત્રમાં એમ પણ જણાવાયુ હતુ કે, તેમને તેમના સાથી તબીબોનો મોટો ટેકો છે અને એટલે જ તેઓ આ માંગણી રજુ કરી રહ્યા છે.

તેમણે મીડિયા સાથેની વાતચીતમાં આ પત્ર વિશે જાણકારી આપી હતી. તેમણે કહ્યું હતું કે, અમારી ઈમરજન્સી ટીમનો ઉત્સાહ જળવાઈ રહ્યો છે. કેમ કે, અમે બધા એકબીજાને ટેકો આપી રહ્યા છીએ. અમારે એકબીજા પર આધારીત રહેવું જ પડતું હોય છે. એટલે જયારે નર્સીંગ સ્ટાફની અછત ઉભી થઈ રહી છે અને ઘણી નર્સો આ ક્ષેત્ર છોડી રહી છે ત્યારે નર્સોના પગાર વધારા વિશે રજુઆત જરૂરી બની જાય છે. તેમણે કહ્યું છે કે, મારી આ વાત સાથે સંમત થનારા તમામ ડોકટર્સે આ પત્રમાં હસ્તાક્ષાર આપીને મને ટેકો આપ્યો છે.

એ દર્શાવે છે કે, અમે અમારી ટીમનું હિત જોઈ રહ્યા છીએ.

# વાન્કુંવર લિબરલ પાર્ટીના ઉમેદવારે નફા માટે ૪૧ મકાનો વેચી નાંખ્યા

**ટોરોન્ટો**

વાન્કુંવરના ગ્રેનવિલે યોર્ક શાયર વિભાગના લિબરલ પાર્ટીના ઉમેદવારે ૨૦૦૫થી અત્યાર સુધીમાં ૨૦થી વધુ મકાનો ખરીદી એક વર્ષના અંતરે વેચીને નફો કમાઈ લીધો હોવાનું જાણવા મળ્યું છે. પાર્ટીના ઉમેદવારનું પગલું લિબરલ પાર્ટીની હાઉસિંગ નીતિથી સાવ અલગ છે.

બ્રિટીશ કોલંબિયાના એસેસમેન્ટ અહેવાલ મુજબ તાલિબ નૂર મહોમ્મદે વર્ષ ૨૦૦૫થી ૨૦૨૧ સુધીમાં ૪૧ મકાનો વેચ્યા છે. જે પૈકીના મોટાભાગના મકાનો તો ખરીદીના એક વર્ષથી ઓછા સમયમાં વેચ્યા હતા અને એમાંથી ૪.૯ મિલિયન યુએસ ડોલરનો નફો કમાઈ લીધો હતો. લિબરલ પાર્ટીનું હાઉસિંગ પ્લેટફોર્મમાં રહેણાંકના મકાનોની બદલી ઉપર નિયંત્રણ માટે એન્ટી ફલિપીંગ ટેક્ષાની ભલામણ ગયા અઠવાડિયે કરવામાં આવી હતી. એટલે તેને આ કાયદો લાગુ નહીં પાડી શકાય એમ પણ માનવામાં આવી રહયું છે. નૂર મોહમ્મદના પ્રચાર કાફલાના એક સભ્યે જણાવ્યું હતું કે, તેઓ હાલમાં મુલાકાત માટે ઉપલબ્ધ નથી. પરંતું તેમણે કહ્યું છે કે, પાર્ટીના હાઉસિંગ માટેના નિયમો પ્રત્યે કટીબધ્ધ છે. કેનેડામાં હાઉસિંગ એફોર્ડેબલ હોવું જોઈએ એ બાબતે એ સ્પષ્ટ છે.

# કોરોના: ઓન્ટેરિયોની બે હોસ્પિટલમાં બાળકો માટે હવે વિભાગ શરૂ કરાશે

## શાળાઓ શરુ થયા બાદ બાળકો કોરોનાની ચપેટમાં આવવા માંડતા નિર્ણય કરાયો

**ટોરોન્ટો**

શાળાઓ ફરીથી શરૂ થયા બાદ નાના બાળકોમાં કોરોનાનું સંકમણ વધવાની આશંકા અને કેસોમાં થઈ રહેલા વધારાને ધ્યાનમાં રાખી ઓન્ટેરિયોની બે હોસ્પિટલે બાળકો માટે કોવિડ-૧૯ કિલનીક શરૂ કર્યા હતા. મંગળવારથી વિન્ડસર રીજિયોનલ હોસ્પિટલમાં તેની શરૂઆત થઈ હતી.

જયારે માઈકલ ગેરોન હોસ્પિટલે બુધવારથી કલીનીક શરૂ કરવાની જાહેરાત કરી હતી. વિન્ડસરની હોસ્પિટલના ચીફ ઓપરેટીંગ ઓફિસર અને નર્સિંગ એકઝીકયુટીવે કહ્યું હતું કે, બાળકોમાં સંક્રમણ ઝડપથી ડબલ થઈ રહયું હોવાનું ગત અઠવાડિયે જાણવા મળ્યા બાદ આ નિર્ણય લેવાયો હતો. શાળાઓ ફરીથી શરૂ થયા બાદ આ ખતરો હતો. અમે પરિસ્થિતિને પહોંચી વળવા અપીલ પણ કરી હતી. ટેસ્ટીંગનું પ્રમાણ પણ વધારવામાં આવ્યું હતું. કારેન રીડેલે એક ઈન્ટરવ્યુમાં આ વાતો જણાવી હતી. હોસ્પિટલમાં પીડીયાટ્રીક અરજન્ટ મેડીકલ એસેસમેન્ટ કિલનીક શરૂ કરવામાં આવ્યું હતું. જે ઈમરજન્સી વિભાગની બાજુમાં છે. જયાં ૧૭ વર્ષથી ઓછી વયના વિદ્યાર્થીઓના કોવિડ-૧૯ના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. રીડેલે કહ્યું હતું કે, ૨૦૧૦ બાદ જન્મેલા તમામ બાળકોને વેકસીન આપવામાં આવે. જેથી ડેલ્ટા વેરીયન્ટના સંક્રમણની શકયતા ઘટાડી શકાય.

HOUSE UPPER FLOOR FOR RENT



Main Floor 3-bedroom house, living room, open concept kitchen with island, Appliances include Fridge, Stove/ Oven, dishwasher and private Washer/ Dryer, one car parking,

conveniently located on Markham Road, walking distance to Cedarbrae Mall, bus stops, supermarket/ pharmacy/ banks and more. Available for rent from September 1, 2021.

Contact: 416-996-7755

THINKING OF INVESTING?
INVEST AS LOW AS $50,000 IN REAL ESTATE
SECURED INVESTMENT with up to 8-12% Guaranteed Return
INVEST WITH Metrobuild Capital
Sharia'h Compliant
We have multiple avenues for investment in Residential Properties, Commercial Properties or Construction Projects plus your investment is secured against the assets.
રેસિડેન્શિયલ અને કોમર્શિયલ પ્રોપર્ટી અથવા કન્સ્ટ્રકશન પ્રોજેક્ટ્સ માં અમારી પાસે ઘણાં જુદા જુદા રોકાણોનો વિકલ્પ છે જ્યાં તમુને રોકાણ પર ૮-૧૨% સુધીનું વળતર અને તમારું રોકાણ સંપત્તિ સામે સુરક્ષિત હોય છે.
CALL 416 893 4585 TODAY!!!
આપના વિશ્વાસુ અને ભરોસાપાત્ર
અમારી રીયલ એસ્ટેટ અને ઇન્વેસ્ટમેન્ ની મફત સલાહ નો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો.



MOHAMMAD ABOWATH
SALES REPRESENTATIVE
MAAZ ABOWATH
BROKER
IBRAHIM ABOWATH
SALES REPRESENTATIVE
Call us TODAY for all of your Real Estate Needs and get Honest, Reliable and Courteous Service you can count on.
- Residential
- New Construction
- Investment
- Commercial
416 893 4585
ABOWATH
REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
#1 RE/MAX
ABOWATH.COM
RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
#SellwithABOWATH your Local REALTOR
*Not intended to Solicit client under contract.

# કોરોના ઈફેક્ટ : બીજા ત્રિમાસિક ગાળામાં કેનેડાના જીડીપીમાં ૦.૩ ટકાનો ઘટાડો

## કોરોનાની ત્રીજી લહેરને કારણે વેપાર ધંધામાં મંદીની અસર વર્તાવા માંડી

**ટોરોન્ટો**

કેનેડાના અર્થતંત્રમાં આવી રહેલા સુધારાને ફરીથી બ્રેક લાગી છે. એપ્રિલથી જુનના ત્રિમાસિક ગાળામાં કેનેડાના જીડીપીમાં ૦.૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જેની પાછળ કોવિડ -૧૯ની ત્રીજી લહેરની અસર કારણરૂપ છે. જેને કારણે વ્યવસાયો મંદીનો સામનો કરી રહ્યા છે અને લોકો પણ ખર્ચ ઉપર કાપ મુકી રહ્યા છે.

સ્ટેટેસ્ટિક્સ કેનેડાએ મંગળવારે જાહેર કરેલા અહેવાલ મુજબ દેશનો જીડીપી ઘટી રહ્યો છે. એનું કારણ કોવિડ-૧૯ મહામારીને કારણે સર્જાયેલી સ્થિતિ જ છે. જો કે, એમાં છેલ્લા થોડા સમયથી સુધારો જોવા મળતો હતો. જે છેલ્લા ત્રિમાસિક ગાળામાં અટકી જતા જીડીપીમાં ઘટાડો નોંધાયો છે.

ખાસ કરીને હાઉસિંગ માર્કેટની મંદી એને માટે કારણરૂપ છે. જો કે, ફેબ્રુઆરી ૨૦૨૦ની સરખામણીમાં જુન ૨૦૨૧માં અર્થતંત્રમાં ૧.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. રાષ્ટ્રીય સ્તરે મકાનોના વેચાણમાં ૧૭.૭ ટકાનો ઘટાડો માર્ચ ૨૦૨૧ સુધીમાં જોવા મળ્યો હતો. એની સરખામણીમાં રીસેલ અને રીનોવેશનની કામગીરીમાં ઉછાળો જોવા મળ્યો હતો. એમાંય મહામારીને કારણે વર્ક ફ્રોમ હોમનું પ્રમાણ વધવાને કારણે પ્રવાસ ખર્ચમાં ઘટાડો થતાં બચતની શકયતા વધી હતી.

અને સરકારે મકાનો માટેના ધિરાણના વ્યાજદરમાં ઘટાડો કર્યો હોવાથી પણ હાઉસિંગ સેકટરમાં પ્રવૃત્તિ વધી હતી. મહામારીને કારણે નિકાસમાં ઘટાડો થયો હતો. પેસેન્જર કારના વેચાણમાં પણ ૭.૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. હેવી વ્હીકલ્સના વેચાણમાં પણ ૩૪ ટકાનો જંગી ઘટાડો જોવા મળ્યો હતો. કેનેડામાં સરેરાશ કારોની નિકાસમાં ૧૮.૯ ટકાનો ઘટાડો થયો હતો. શટડાઉનને કારણે વાહનોના ઉત્પાદનમાં પણ ઘટાડો થયો હતો. બેંક ઓફ મોન્ટ્રીયલ સાથે સંકળાયેલા અર્થશાસ્ત્રી ડગ પોર્ટરે જીડીપીના ઘટાડાને અપેક્ષાથી વધુ ઓછા અને ચોંકાવનારો ગણાવ્યો હતો.

જુલાઈમાં પણ બજારનું વલણ ઘટાડા તરફી જ જણાયું હતું. અન્ય એક અર્થશાસ્ત્રી સ્રીબાલાસિંગમ કહે છે કે, કેનેડાના અર્થતંત્ર ઉપર વાદળો ઘેરાઈ રહ્યા છે આ પહેલા ડેલ્ટા વેરીયન્ટનો ખતરો હતો.

# ઓન્ટેરિયોની સરકારે થ્રી પેઈડ સિકલીવ યોજનાને લંબાવી દીધી

**ટોરન્ટો**

ઓન્ટેરિયોની સરકારે કોવિડ-૧૯ના ડેલ્ટા વેરીયન્ટના વધી રહેલા સંક્રમણને ધ્યાનમાં રાખીને પેઈડ સિક લીવ પ્રોગ્રામ જે ૨૫મી સપ્ટેમ્બરે પૂર્ણ થનાર હતો તેને આ વર્ષના અંત સુધી લંબાવવાની જાહેરાત કરી હતી. પ્રાંતમાં આ યોજના એપ્રિલથી શરૂ થઈ હતી. કેમ કે, તે સમયે હેલ્થ એક્ષપર્ટસે વિનંતી કરી હતી કે, હેલ્થ વર્કર્સને ચુકવવા વિભાગ પાસે જોગવાઈ નથી. એટલે કેટલાક કર્મચારીઓને સિકલીવનો પગાર સરકાર ચુકવે. સરકારે જાહેર કરેલી યોજના મુજબ કર્મચારીઓને ત્રણ દિવસની રજાનો પગાર ૨૦૦ યુએસ ડોલર પ્રતિદિનના હિસાબે ચુકવશે. જો તેઓ કોવિડ-૧૯ને કારણે પોતાના કામ પર હાજર નહીં રહ્યા હોય.

> કર્મચારીઓને ત્રણ દિવસની રજાનો પગાર 200 ડોલર ચુકવાય છે

આ રકમ સરકાર નોકરી દાતાઓ અને ઈન્સ્યોરન્સ બોર્ડ પાસેથી મેળવી લેશે. મંગળવારે કરાયેલી જાહેરાત મુજબ લેબર મિનીસ્ટરે જણાવ્યું હતું કે, નવી માહિતી મુજબ પ્રાંતમાં ડેલ્ટા વેરીયન્ટનું સંક્રમણ વધી શકે છે એ જોતાં સરકારે પેઈડ સિક લીવ પ્રોગ્રામને આ વર્ષના ડીસેમ્બર માસના અંત સુધી લંબાવવાનું ઠરાવ્યું છે. જેથી વધુને વધુ લોકો વેકસીન લઈ શકે અને આવનારા નવા વેરીયન્ટના સંક્રમણથી બચી શકે. પ્રિમિયર ડગ ફોર્ડની સરકારે આ મુદ્દે અગાઉ ઘણી ટીકાઓનો સામનો કરવો પડયો હતો. સાયન્સ ટેબલે પણ સરકારની ટીકા કરી હતી અને સિકલીવનો ગાળો ૧૦ દિવસ કરવાનું સુચન પણ કર્યું હતું. જો કે હવે ૭૫ ટકા ઓન્ટેરિયોવાસીઓ વેકસીન લઈ ચુકયા હોવાથી સંક્રમણનો ખતરો થોડો ઓછો થયો છે. અને રોજના કેસોની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે.

# કેનેડા આવવા ઈચ્છતા હજારો લોકો અફઘાનિસ્તાનમાં ફસાયા

**ઓન્ટેરિયો**

કેનેડા આવવા માંગતા હજારો લોકો કાબુલમાં તાલિબાનોથી બચવા છુપાઈ રહ્યા છે અને અફઘાનિસ્તાનમાંથી બહાર નિકળવાની પ્રતિક્ષા કરી રહ્યા છે. કેનેડા છોડી કાબુલ ગયેલા હજારો લોકો હાલમાં તો ફસાઈ ગયા છે અને તાલિબાનોથી બચવા પ્રયાસ કરી રહ્યા છે. એવા જ એક જુથે કેનેડાની ફેડરલ સરકારને પત્ર લખીને તેમને સુરક્ષિત કેનેડા પાછા લાવવા વિનંતી કરી છે.

પત્રમાં લખ્યું છે કે અમે અમારા ઘર, પ્રાંત અને દેશને છોડીને અફઘાનિસ્તાન ગયા હતા. પરંતુ હવે અમે કાબુલમાં ફસાઈ ગયા છીએ અને કેનેડાની ફેડરલ સરકાર અમારી મુકિત માટે પ્રયાસ કરશે એવી આશા રાખી રહ્યા છીએ.

આ જાણકારી કેનેડીયન સશસ્ત્રદળ સાથે સંકળાયેલા એક દુભાષિયાએ મીડિયાને આપી હતી. વિદેશી બાબતોના મંત્રી માર્ક ગ્રેનેઉએ મંગળવારે જણાવ્યું હતું કે, અંદાજે ૧૨૫૦ કેનેડીયન નાગરીકો, પરમેનન્ટ રેસીડેન્ટસ અને તેમના પરિવારજનો અફઘાનિસ્તાનમાં ફસાઈ ગયા છે. ત્યાંની સ્થિતિ અત્યારે અનિશ્ચિતતાવાળી હોવાથી એમને પાછા લાવી શકાય કે નહીં એ કહેવું મુશ્કેલ છે. અમે તાલિબાનો સાથે એ વિશે ચર્ચા કરી રહ્યા છીએ. જો કે, કાબુલથી સલામત રીતે બહાર આવવાના માર્ગ વિશે પણ અમે વિચારી રહ્યા છીએ. હાલમાં તો અમેરિકા પોતાના લોકોને બહાર લાવવાના પ્રયાસો કરે છે અને અમે પણ એ દિશામાં વિચારી રહ્યા છીએ. જો કે, એને માટે કાબુલ એરપોર્ટ સુરક્ષિત બને એની રાહ જરૂર જોવી પડશે અને એમાં કદાચ એક મહિનાથી વધુ સમય પણ લાગી શકે છે.

# આરોગ્ય સંસ્થાના લાભાર્થે 57 શહેરમાં બીએપીએસ ચેરીટીઝ દ્વારા વોક રન

**ક્યૂબેક**

બાપ્સ ચેરીટીઝ દ્વારા ઓગષ્ટ મહિનામાં કેનેડાના 57 શહેરોમાં વોક રનનું આયોજન થયું હતુ. આ વર્ષે કોવિડને કારણે બધાના સ્વાસ્થ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ આયોજન વર્ચ્યુઅલી કરવામાં આવ્યું હતુ. આ વર્ષનું વોક રન એ **William Osler Health System Foundation, CNIB Foundation, Scarborough Health Network Foundation** અને **Victoria General Hospital Foundation** જેવી સંસ્થાઓના લાભાર્થે યોજવામાં આવ્યું હતું.

બાપ્સ ચેરીટીઝ દ્વારા આયોજિત કાર્યક્રમો સંપ અને સેવાની ભાવનાથી સર્વના વિકાસ માટે કાયમ પુષ્ટિ આપે છે. આ વર્ષે કેનેડામાં 700થી વધુ પરિવારોએ વોક રનમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

કાર્યક્રમનું આયોજન એ રીતે કરવામાં આવ્યું હતું કે જેથી કોવિડના નિયમોનું પાલન થાય.

કેનેડામાં 2,000થી વધુ સ્પર્ધકો 25 મિલિયનથી વધુ પગલાં ચાલ્યા હતા. સમગ્ર નોર્થ અમેરિકામાં 11,000થી પણ વધુ



સ્પર્ધકોએ વોક રનમાં જોડાઈને 200 મિલિયનથી વધુ પગલા ચાલ્યા હતા. બાપ્સ ચેરીટીઝ કેનેડાના પ્રસીડન્ટ યોગેશભાઈ પટેલે જણાવ્યું કે, આટલી મોટી સંખ્યામાં બધા ભેગા થઈ અને કમ્યુનિટીની મદદ કરે છે એ જોઈને ખુબ આનંદ થાય છે.

આ વાર્ષિક વોક રનના કાર્યક્રમ ઉપરાંત, કોવિડ મહામારી દરમ્યાન બાપ્સ ચેરીટીઝ દ્વારા સમગ્ર કેનેડામાં 175,000 પીપીઈ કીટ્સનું વિતરણ કરાયું છે.

7,200 **care packages**ની વહેંચણી કરી છે. બાપ્સ ચેરીટીઝ આખા વર્ષ દરમ્યાન ઘણી બધી આરોગ્ય અને સ્વાસ્થ્યલક્ષી પ્રવૃત્તિઓને સતત પ્રોત્સાહન આપે છે.

# બ્રામ્પ્ટન ખાતે કન્ઝર્વેટિવ પાર્ટીના ઉમેદવાર નવલ બજાજના પ્રચાર કાર્યાલયનો આરંભ

## આગેવાનોએ હાજર રહી બજાજને ટેકો જાહેર કર્યો

**ટોરોન્ટો**

કન્ઝર્વેટિવ પાર્ટીના ઉમેદવાર નવલ બજાજે બ્રામ્પટન પૂર્વના રહેવાસીઓ સાથે તેમના પ્રચાર કાર્યાલયનો આરંભ કર્યો હતો. આ તકે, તેમણે કહ્યું હતુ કે, તેમણે એવી આશા અને આશાવાદ જોયો છે જે સમુદાયમાં રહેવાથી આવે છે જ્યાં કંઈપણ શક્ય છે.

નવલ બજાજે 29 ઓગસ્ટ, 2021ના રોજ બ્રામ્પટન પૂર્વમાં ચેરીક્રેસ્ટ ડ્રાઈવ પર તેમની ઓફિસમાં એક કાર્યક્રમ યોજ્યો હતો. તેમણે સમુદાયના અસંખ્ય મતદારો સાથે વાત કરીને તમામ સ્વયંસેવકો અને ટીમના સભ્યોનો તેમના આજ સુધીના પ્રયત્નો માટે આભાર માન્યો હતો. બજાજે કહ્યું હતુ કે, ઉર્જાવાન યુવાનોની વસ્તી, મહેનતુ કુટુંબો પોતાને અને





તેમના સમુદાય માટે ઉપયોગી નિવડે છે. કાર્યક્રમમાં કેટલાક મહાનુભાવોએ ભાગ લીધો હતો. જેમણે નવલ બજાજને પોતાનો ટેકો જાહેર કર્યો હતો. પૂર્વ વિદેશ મંત્રી જ્હોન બેયર્ડે કહ્યું હતુ કે "જો તમે નવલ માટે આગામી ચાર અઠવાડિયા સુધી સખત મહેનત કરશો, તો તે આગામી ચાર વર્ષમાં તમારા માટે કામ કરશે. તમે માત્ર સાંસદ જ નહીં, પરંતુ કન્ઝર્વેટિવ પાર્ટીના સભ્ય પણ છો. "વધુમાં, સેનેટર સલમા અતાઉલ્લાહજં સાઈદે કહ્યું," બ્રામ્પટન નસીબદાર હશે કે કોઈ નવલ બજાજ જેટલા મહેનતુ અને સક્ષમ ઉમેદવાર આ વખતે તેમને મળી રહ્યા છે.

ભૂતપૂર્વ ફેડરલ સ્ટેટ મિનિસ્ટર ઓફ સ્ટેટ બાલ ગોસલએ નવલ બજાજને સમર્થન આપ્યુ હતુ. એમપીપી અમરજોત સંધુ, એમપીપી દીપક આનંદ અને અન્ય સમાજના આગેવાનો સાથે નાના વેપારી અને મંત્રી એમપીપી નીના ટાંગરીએ પણ બજાજને શૂભેચ્છા પાઠવી હતી.

# ઓન્ટેરિયોમાં વેકસીન પાસપોર્ટ સિસ્ટમ અમલીકરણની કવાયત

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોમાં રહેનારાઓએ વેકસીન લીધી હોવાના પુરવાઓ હવેથી બિનઆવશ્યક સેવાઓ માટે સાથે રાખવા પડશે. આ નવા સુધારાને વેકસીન પાસપોર્ટ સિસ્ટમ તરીકે ઓળખવામાં આવશે. જેનો આરંભ ૨૨મી સપ્ટેમ્બરથી થશે. જેમણે જીમ, રેસ્ટોરાં કે થીયેટરમાં જવું હોય તેમણે વેકસીન સર્ટિફીકેટ બતાવવું પડશે. ઓન્ટેરિયોના પ્રિમિયર ડગ ફોર્ડે આ જાહેરાત બુધવારે બપોરે એક પત્રકાર પરિષદમાં કરી હતી. તેમણે કહ્યું હતું કે ડેલ્ટા વેરીયન્ટનો ખતરો હોવાથી હવે લોકોએ બિનઆવશ્યક સેવાઓનો લાભ લેવા માટે વેકસીન સર્ટિફીકેટ સાથે રાખવું પડશે.

મેડીકલ એક્ષપર્ટસ સાથે લાંબી ચર્ચા-વિચારણા બાદ અમે આ નિર્ણય લીધો છે અને એ બધાના હિતમાં છે. જો કે, ઓન્ટેરિયોમાં વેકસીનેશનનું પ્રમાણ સારૂં હોવાથી લોકોને ખાસ તકલીફ નહીં પડે. સરકારે આ નિર્ણય લેતા પહેલા વેકસીન સર્ટીફિકેટ પ્રોગ્રામ શરૂ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આ સર્ટીફિકેટ વેકસીનના બંને ડોઝ જેને સરકારના આરોગ્ય વિભાગની મંજુરી મળી હોય એ લીધા પછી જ મળી શકશે. એ રીતે જ રેસ્ટોરાં, જીમ અને થીયેટર સાથે સંકળાયેલા કર્મચારીઓએ પણ વેકસીન પ્રમાણપત્ર રાખવું પડશે.

તો જ બધાની સુરક્ષા રાખી શકશે. ઓન્ટેરિયોના ચીફ મેડીકલ ઓફિસર ફોર હેલ્થ ડો. કિરેન મુરે બુધવારે પત્રકારોને જણાવ્યું હતું કે અમે નવા વેરીયન્ટના સંક્રમણના ખતરાનો અંદાજ લગાડયા બાદ આ નિર્ણય લીધો છે. વેકસીન સર્ટી.ની ચકાસણી માટે અમે કયુઆર કોડ વિકસાવી રહ્યા છીએ. જે ૨૨મી ઓકટોબર સુધી તૈયાર થઈ જશે.

## તંત્રી સ્થાનેથી

### સેન્સેક્સ 57000ને પાર, ઈન્વેસ્ટરોની સંપત્તિ 6.29 લાખ કરોડ વધી

# ભારતીય શેરબજારમાં અણધારી ચમક સાથે હવે ચિંતાના વાદળો

2021માં ભારતીય શેરબજારમા આવેલા ઉછાળાનો સિલસિલો ચાલુ રહ્યો છે. ચાલુ વર્ષએ અત્યાર સુધી નિફ્ટીમાં 21, સેન્સેક્સમા 19 ટકાની વૃધ્ધિ નોંધાઈ છે. ગુરુવારે બીએસઈ સેન્સેક્સ ૫૧૪.૩૩ પોઈન્ટ એટલે કે ૦.૯૦ ટકાના ઊછાળા સાથે ૫૭,૮૫૨.૫૪ પોઈન્ટના સ્તરે બંધ થયો. એનએસઈ નિફ્ટી પણ ૧૫૭.૯૦ પોઈન્ટ એટલે કે ૦.૯૨ ટકાના વધારા સાથે ૧૭,૨૩૪.૧૫ પોઈન્ટના સ્તરે બંધ થયો. નિફ્ટી પર શ્રી સિમેન્ટ, એચડીએફસી લાઈફ, સિપ્લા, ટીસીએસ અને હિંદુસ્તાન યૂનિલિવર લિમિટેડના શેર સૌથી વધુ તેજી સાથે બંધ થયા. બીજી બાજુ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઓએનજીસી, બજાજ ઓટો, ડિવિસ લેબ, ટાટા મોટર્સના શેરમાં સૌથી વધુ ગિરાવટ જોવા મળી. ઓટો પીએસયૂ બેક્નને બાદ કરતા અન્ય તમામ સેક્ટોરલ ઈન્ડેક્સ લીલા નિસાન પર બંધ થયા. આઈટી અને ફાર્મા સેક્ટરમાં એક-એક ટકાનો ઊછાળો નોંધાયો. આ પહેલાં મંગળવારે બીએસઈ સેન્સેક્સે આજે ૫૭૦૦૦ અને નિફ્ટીએ ૧૭૦૦૦ની સપાટી કુદાવી દીધી હતી.



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

હવે શેરબજારમાં આવેલા આ ઝગમગાટ માટે જાણકારો માને છે કે, યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા બોન્ડ બાઈંગ કાર્યક્રમ સંદર્ભે અપનાવાયેલ હળવું વલણ ઉપરાંત ભારતના બજારમાં રિટેલ રોકાણકારોની વધતી સંખ્યા અને લિક્વિડિટીની તરલતાના કારણે બજારની તેજીએ વેગ પકડયો છે. આ ઉપરાંત અર્થતંત્રને સ્પર્શતા વિવિધ આંકડામાં સુધારો, સાનુકૂળ કોર્પોરેટ પરિણામો તેમજ રિઝર્વ બેંક દ્વારા નાણાંકીય નીતિમાં અપનાવાયેલા નરમ વલણને કારણે શેરબજારની ચમક વધી છે. સાનુકૂળ સ્થિતિને કારણે સેન્સેક્સ ૫૭૦૦૦ અને નિફ્ટીએ ૧૭૦૦૦ની સપાટીને આંબી છે. દેશમાં કોરોના સંક્રમણની ત્રીજી લહેરની ચિંતા છતાં આર્થિક મોરચે દેશમાં ઉદ્યોગો અને કોર્પોરેટ ઈન્ડિયા ફરી બિઝનેસમાં વેગ પકડી રહ્યા છે. જો કે, આ તેજીના માહોલ વચ્ચે પણ બજારના ઊંચા વેલ્યુએશન, અર્થતંત્રની ધીમી વૃધ્ધિ અને કોરોનાની ત્રીજી લહેરની આશંકાથી રોકાણકારોમાં ચિંતા છે.

આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, કન્ઝયુમર ડયુરેબલ્સ, બેંકિંગ-ફાઈનાન્સ, મેટલ-માઈનીંગ, ઓઈલ-ગેસ, હેલ્થકેર-ફાર્માસ્યુટિકલ્સ, ઓટોમોબાઈલ શેરોમાં ફંડોની તેજીથી સેન્સેક્સનો આંક ૫૭૦૦૦ની સપાટીથી ઉપર પહોંચ્યો છે. રૂપિયા સામે અમેરિકી ડોલર ૨૬ પૈસા ઘટીને રૂ.૭૩ રહ્યો હતો. ક્રુડ ઓઈલમાં ઓપેક દેશોની મીટિંગ યોજાતા પૂર્વે આ વખતે ઓઈલમાં ઉત્પાદનને જાળવી રાખવામાં આવશે એવા અંદાજો વચ્ચે ક્રુડ ઓઈલ બ્રેન્ટ ૭૨.૯૨ ડોલર અને નાયમેક્ષ ક્રુડ ૬૮.૬૦ ડોલર નજીક રહ્યા હતા. શેરોમાં આજે સાર્વત્રિક તેજીએ બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન, રોકાણકારોની સંપતિ મંગળવારે એક દિવસમાં જ રૂ. ૨.૭૨ લાખ કરોડ વધીને રૂ. ૨૫૦.૦૨ લાખ કરોડની નવી ઐતિહાસિક ઊંચાઈએ પહોંચી ગઈ છે. આમ બે દિવસમાં શેરોમાં રોકાણકારોની સંપતિમાં રૂ.૬.૨૯ લાખ કરોડ અને ચાર ટ્રેડીંગ દિવસમાં રૂ.૮.૪૮ લાખ કરોડનો જંગી વધારો થયો છે.

ભારતીય શેરબજારમાં આ હલચલ વચ્ચે અદાણી ફરી એશિયાના બીજા અને વિશ્વના 14માં સૌથી ધનવાન ઉદ્યોગપતિ બન્યા છે. જો કે, મુકેશ અંબાણી ટોપ પર રહ્યા છે. બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સના 1 સપ્ટેમ્બરના આવેલા રિપોર્ટ મુજબ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી એશિયામાં પ્રથમ અને વિશ્વના 12માં સૌથી ધનિક ઉદ્યોગપતિ છે.

અમેઝોનના જેફ બેઝોસ હજુ પણ વિશ્વમાં નંબર વન પર છે. તેમની સંપત્તિ 200 અરબ ડોલરથી વધુ છે. ટેસ્લાના માલિક એલન મસ્ક અંબાણી ભલે રેન્કિંગમાં અદાણી કરતા આગળ હોય, પરંતુ રૂપિયા કમાવામાં અદાણીએ અંબાણીને પાછળ છોડી દીધા છે. અદાણીએ જે જૂનું રેન્કિંગ ફરીથી મેળવ્યું છે તેનું કારણ તેમની કંપનીઓના શેરની કિંમતમાં થયેલો વધારો છે. તેમની ત્રણ કંપનીઓ અદાણી પાવર, અદાણી ગેસ અને અદાણી ટ્રાન્સમિશનના શેરમાં છેલ્લા 10 દિવસથી સારી તેજી જોવા મળી છે. અદાણી ટ્રાન્સમિશનના શેર દૈનિક 5%ની અપર સર્કિટ સાથે બંધ થઈ રહ્યો છે. તેણે ગુરુવારે 1 વર્ષની નવી ઉચી સપાટી બનાવી હતી. ગુરુવારે તે રૂ. 1,735 પર ગયો હતો. અગાઉ તેની ઉચી કિંમત 1,682 રૂપિયા હતી. માર્કેટને 57,000ની સપાટીએ પહોંચાડવામાં અદાણીનો મહત્વનો ફાળો પણ શેરબજારના સિંહ તો આજે પણ મુકેશ અંબાણી જ છે. છેલ્લા એક વર્ષ દરમિયાન ગૌતમ અદાણીના અદાણી ગ્રૂપની 6 લિસ્ટેડ કંપનીઓનું પરફોર્મન્સ રહ્યું છે તે મુજબ શેરબજારને નવી ઊંચાઈએ પહોંચાડવામાં અદાણીનું મહત્વનું યોગદાન છે. છેલ્લા એક વર્ષમાં અદાણી ગ્રૂપની કંપનીઓના શેર્સ 185-945% વધ્યા છે. અદાણીની સંપત્તિમાં 8.29 ગણો વધારો થયો છે. જ્યારે મુકેશ અંબાણીની સંપત્તિમાં 1.15 ગણો વધારો થયો છે.ગૌતમ અદાણી અને મુકેશ અંબાણીની સંપત્તિ વચ્ચે જે તફાવત હતો તે પણ ઘણો ઓછો થયો છે. અદાણી ગ્રૂપમાં આટલું બધુ ડેવલપમેન્ટ થવા છતાં શેરબજારના સિંહ તો આજે પણ મુકેશ અંબાણી જ છે. ગૌતમ અદાણી ગ્રૂપની 6 લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 7.11 લાખ કરોડ છે. જ્યારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની માર્કેટ કેપ રૂ. 13.77 લાખ કરોડ છે. ચાર મહિના પહેલાં જૂન મહિનામાં નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડે અદાણી ગ્રુપની કંપનીઓમાં 43,500 કરોડનું રોકાણ કરનાર ત્રણ ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સના ખાતાં ફ્રીઝ કરી દીધાં છે એવા અહેવાલો આવ્યા બાદ અદાણીના સ્ટોક્સમાં ભારે ધોવાણ થયું હતું.

કોરોના દરમિયાન રૂપિયા કમાવાની બાબતમાં અદાણી આગળ રહ્યા છે. **BSE** પર લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. 240.86 લાખ કરોડ છે. જેમાં રૂ. 13.77 લાખ કરોડ સાથે રિલાયન્સ પહેલા નંબર પર છે. અદાણી ગ્રૂપની એક પણ કંપની માર્કેટ કેપ ટોપ-25 લિસ્ટમાં પણ નથી. **BSE** ટોપ-100 માર્કેટ કેપ લિસ્ટમાં અદાણી એન્ટરપ્રાઈઝ રૂ. 1.60 લાખ કરોડ સાથે 27માં નંબર પર છે. બંને ગ્રુપની લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન જોઈએ તો રિલાયન્સ કરતાં અદાણી ગ્રુપ ઘણું પાછળ છે. રિલાયન્સનું માર્કેટ કેપ અત્યારે રૂ. 13.77 લાખ કરોડ છે. એની સામે અદાણીની લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 7.10 લાખ કરોડ છે. જો કે, શેરબજારમાં અન્ય સેકટરના શેરની કિંમતોમાં પણ ભારતીય રોકાણકારોએ રોકાણ કર્યું છે. પરંતુ હવે સેન્સેક્સ તથા નિફ્ટીની વિક્રમજનક સપાટીએ પહોંચ્યા પછી તેના કડડભૂસ થવાની ચિંતા પણ વર્તાઈ રહી છે. કેટલાક રોકાણકારોના મતે ગમે તે સમયે સેન્સેક્સ અને નિફ્ટી તેવી આ સપાટી ગુમાવી શકે છે. આવા સંજોગોમાં રોકાણકારોને જંગી આર્થિક નુકસાન થવાની શકયતા છે.

manoj1968@yahoo. ca










| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

# ડાકોરમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી નંદમહોત્સવ મોકૂફ રહેતા નારાજગી

## ઠાકોરજીને સોનાના શંખ, ચક્ર, ગદા અને સવા લાખ રૂપિયાનો મુગટ અર્પણ

**નડિયાદ**

ડાકોરમાં જન્માષ્ટમીનો ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. લાખો ભક્તોએ ભક્તિભાવપૂર્વક ગોપાલલાલજીના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. કૃષ્ણજન્મના પવિત્ર અવસરની ઉજવણી માટે છેલ્લા ત્રણ દિવસથી ડાકોરમાં ભક્તોનો ધસારો જોવા મળ્યો હતો. ઠાકોરજીને સોનાના શંખ, ચક્ર, ગદા અને સવા લાખ રૂપિયાનો મુગટ ધરાવવામાં આવ્યો હતો. કીમતી આભૂષણોમાં સુશોભિત અને સજ્જ ભગવાનનું દૈદિપ્યમાન સ્વરૂપના દર્શન કરીને ભક્તોએ કૃતાર્થતા અનુભવી હતી.

નિત્યક્રમ પ્રમાણે સવારે ૬:૪૫ વાગ્યે મંગળાઆરતી થઈ હતી. ઠાકોરજીને કેસરસ્નાન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ શણગારભોગમાં તિલક કરીને જન્માષ્ટમીના ઉત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સાંજે ૪ વાગ્યે મંદિર ખોલવામાં આવ્યું હતું. જો કે ૩૧મી ઓગસ્ટે નંદમહોત્સવ બંધ રાખવામાં આવ્યો હતો. જે બાબતથી કેટલાક ભક્તો નારાજ થયા હતા.

# આણંદ APMCની ચૂંટણી જાહેર, 7 મી ઓક્ટોબરે મતદાન

**વલ્લભવિદ્યાનગર**

આણંદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીની મુદત પૂર્ણ થતી હોઈ ખેડૂત વિભાગની ૧૦, વેપારી વિભાગની ૦૪, ખરીદવેચાણ વિભાગની -૨ બેઠકો માટે આગામી ૭મી ઓક્ટોબરે ચુંટણી પ્રક્રિયા હાથ ધરાશે. જે માટે ૨૧ સપ્ટેમ્બરથી નામાંકનપત્ર વિતરણ-ભરવાનો પ્રારંભ થશે. જે પ્રક્રિયા ૨૨મી સુધી ચાલશે. છેલ્લાં કેટલાક સમયથી ભાજપના આગેવાન ભરત પટેલ ચેરમેનપદે સત્તારૂઢ છે અને તેઓના વડપણ હેઠળ પુનઃ ૧૬ બેઠકોની પેનલ ચુંટણીજંગમાં ઝુકાવશે.

# વડોદરા કોર્પોરેશનમાં સાત ગામનો સમાવેશ, વેરાની વસુલાત માટે સરવે

**વડોદરા**

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં સાત ગામનો ઉમેરો થતાં પ્રાથમિક સુવિધા આપવાની સાથે સાથે કોર્પોરેશને આ વિસ્તારમાંથી વેરાની વસુલાત કરવા માટે સર્વે હાથ ધર્યો હતો જેમાં અંદાજે 60000 મિલકતોમાંથી વાર્ષિક રૂપિયા 25 કરોડની વેરાની આવક થશે તેમ જાણવા મળે છે.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં અગાઉ વર્ષ 2019માં આઉટ ગ્રોથ વિસ્તારનો સમાવેશ થયા બાદ જૂન 2020માં વધુ સાત ગામનો ઉમેરો થયો હતો જેમાં વડદલા, ભાયલી, બિલ સેવાસી ઉંડેરા કરોડિયા અને વેમાલીનો સમાવેશ થાય છે.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હવે આ વિસ્તારો માં પ્રાથમિક સુવિધા આપવાની જવાબદારી માથે આવી છે ત્યારે કોર્પોરેશને આ વિસ્તારમાંથી કેટલી આવક થઈ શકશે તે અંગે તાજેતરમાં સર્વે કરાવવામાં આવ્યો હતો. સાત ગામોના વિસ્તારોમા આવેલી કોમર્શિયલ અને રહેણાંક મિલકતો ની માપણી કરવામાં આવી હતી જેમાં કુલ અંદાજે 60 હજાર મિલકતો હોવાનું જણાઈ આવ્યું હતું આ મિલકતોની વેરા બિલો માટે આકારણી કરવામાં આવતા અંદાજે રૂપિયા 25 કરોડની વેરાની આવક થશે તેવો અંદાજ પણ મૂકવામાં આવ્યો છે.

# વડોદરા: સ્થાપના દિને યાત્રાનું આયોજન કરનાર વિહીપ-પોલીસ વચ્ચે ઘર્ષણ

**વડોદરા**

વિશ્વ હિન્દુ પરિષદ વડોદરા દ્વારા સોમવારે સાંજે તરસાલી વિસ્તારના સ્વામિનારાયણ મંદિર પાસેથી શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. હિન્દુ ધર્મની પરંપરાને જીવંત રાખવાના હેતુથી વિશ્વ હિન્દુ પરિષદના 57માં સ્થાપના દિન અંતર્ગત માંજલપુર તરસાલી પ્રખંડ વિશ્વામિત્ર ભાગના સહયોગથી ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન મકરપુરા પોલીસે કાર્યકર્તાઓની અટકાયત કરતા મામલો ગરમાયો હતો. નારાજ થયેલા વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓ મકરપુરા પોલીસ મથકે પહોંચ્યા હતા અને રામધૂન બોલાવી વિરોધ દર્શાવ્યો હતો.

# પેટલાદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની તમામ 16 બેઠકો ઉપર ભાજપનો કબજો

**વલ્લભવિદ્યાનગર**

પેટલાદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી ની બોર્ડ ઓફ ડીરેકટરની ચુંટણીમાં ૧૬ બેઠકો માટે ૧૯ ઉમેદવારોએ જંગમાં ઝુકાવ્યુ હતું. જેમાં એક ડમી ઉમેદવારનું ફોર્મ રદ થતા આજે ૨૯ ઓગષ્ટના રોજ ઉમેદવારી પત્ર પરત ખેંચવાના અંતીમ દિવસે વધુ બે ઉમેદવારોએ પોતાનું નામાંકનપત્ર પરત ખેંચતા વર્તમાન સત્તાધારી જુથના અને પ્રદેશ ભાજપ સહકારીતા સેલના સદસ્ય તેજસ પટેલ ઉર્ફે જીગાભાઈના વડપણ હેઠળની ભાજપ પેનલના તમામ ૧૬ ઉમેદવારો બીનહરીફ ચુંટાયેલા ચુંટણી અધિકારીએ જાહેર કરતા એપીએમસીમાં ભગવો લહેરાયો છે.ઉમેદવારી પરત ખેંચવાના દિવસે ચિત્ર સ્પષ્ટ થતા વર્તમાન ચેરમેન, તેજસ પટેલની પેનલના ખેડુત વિભાગની ૧૦, વેપારી વિભાગની ૪, ખરીદ વેચાણ સંઘની ૨ બેઠકો બીનહરીફ ચુંટાઈ આવ્યા છે. પેનલ ચુંટાઇ આવતા જ ભાજપ છાવણીમાં આનંદ છવાયો છે.

**બીનહરીફ ચુંટાયેલા હોદેદારો** : -ખેડુત વિભાગ (૧) રાકેશ પટેલ (૨) અશોક પટેલ (૩) નગીન પટેલ (૪) રમેશ પટેલ (૫) રમેશ પટેલ (૬) અરવિંદ પટેલ (૭) ઘનશ્યામ પટેલ (૮) મહેન્દ્ર પટેલ (૯) તુષાર પટેલ (૧૦) જ્યંતી સોલંકી

**વેપારી વિભાગ** : (૧) નૈનેશ પટેલ (૨) અમિત પટેલ (૩) કેયુર પટેલ (૪) ભરત પટેલ

**સહકારી ખરીદ - વેચાણ વિભાગ** : (૧) તેજસ પટેલ (૨) સંદિપ પટેલ

# સાવરીયા મહારાજે જીવનને પરિક્રમા બનાવી નર્મદા પુત્રનું બિરુદ મેળવ્યું

**વડોદરા**

માતા નર્મદાને જેમણે પોતાનું સમસ્ત જીવન સમર્પિત કર્યું છે તેવા સાંવરિયા મહારાજે એક બે વાર નહીં પરંતુ સેંકડો વાર અને વિવિધ રીતે પરિક્રમા કરવાનું અભૂતપૂર્વ તપ કર્યું છે. 74 વર્ષની વયના આ નર્મદા સાધકે કુલ 325 વાર વિવિધ રીતે પરિક્રમાનું તપ કર્યું છે. તેમણે 318 વાર વાહનમાં અને 7 વાર પગપાળા નર્મદા પરિક્રમા કરવાનું ભક્તિ પરાક્રમ કર્યું છે. તેઓ કહે છે કે દશ વર્ષની કુમળી વયે પૂજ્ય ગુરુદેવ બાજરિયા બાપુની આજ્ઞા થી પ્રથમ નર્મદા પરિક્રમા કરી અને તે સિલસિલો હજુ પણ અટક્યો નથી.


ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

CATERING SPECIAL
$ 7.99 +Tax 10 items
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# મહુવા ખાતે દરગાહના દર્શન કરી નદીમાં નાહવા પડેલા એક જ પરિવારના 5 ડૂબ્યાં

## એકને બચાવવામાં બધા તણાઇ ગયા, સમાજમાં શોક મગ્ન

**બારડોલી**

સુરત લિંબાયત ખાતે મીઠી ખાડી નુરાની નગરમાં સલીમશા હૈદરશા ફકીર પત્ની રૃખ્સાનાબીબી (ઉ.વ.૫૮), પુત્ર જાવીદશા, જાવીદશાની પત્ની પરવીનબીબી (ઉ.વ.૩૦), રૃક્સારબી જાફરશા ફકીર (ઉ.વ.૨૭), આરીફશા સલીમશા ફકીર (ઉ.વ.૨૨) અને સમીમબી આરીફશા ફકીર (ઉ.વ.૧૮) રહેતા હતા. મંગળવારે સવારે ૯ વાગે જાવીદશા ફકીર રીક્ષામાં પોતાની મમ્મી રૃખ્સાનાબીબી પત્ની પરવીનબીબી તેમજ ભાઈ આરીફશા સહિત પરિવાર કુમકોતર ગામે જોરાવરપીર દરગાહ પર દર્શન કરવા માટે આવેલા હતા. દરગાહ પર દર્શન કર્યા બાદ બપોરના એક વાગે દરગાહ નજીકથી પસાર થતી અંબિકા નદીના પાણીમાં આખો પરિવાર નાહવા માટે ઉતાર્યો હતો.

જાવીદશા નદીના કિનારે ઉભેલો હતો અને નાનોભાઈ આરીફશા ડૂબવા લાગતા તેને બચાવવા માટે માતા રૃક્ષાનાબીબી બચાવવા ઊંડા પાણીમાં જતાં તે પણ ડૂબી ગઈ હતી. તેને બચાવવા માટે પરવીનબીબી તથા તેની પાછળ રૃક્ષારબીબી અને આરીફશાની પત્ની સમીમબી બચાવવા જતા ચારેય મહિલા નદીમાં ડૂબી ગઈ હતી. બાદમાં રૃક્ષાનાબીબીની લાશ નદી કિનારે આવી ગઈ હતી. જ્યારે આરીફશા, પત્ની સમીમબી અને બંને ભાભીઓ પરવીનબીબી તથા રૃક્ષારબીબી નદીના ઊંડા પાણીમાં તણાઈ ગઈ હતી.

# 60 મુમુક્ષુને મુહૂર્ત સાથે સુરતમાં દીક્ષા મુહૂર્તનો નવો વિક્રમ સ્થપાયો

**સુરત**

દીક્ષા નગરી તરીકે પ્રસ્થાપિત થઇ ચુકેલી સુરત નગરીમાં શુક્રવારે દીક્ષાધર્મનો એક નવો ઈતિહાસ રચાઇ ગયો. એક સાથે 60 મુમુક્ષુઓને દીક્ષામુહૂર્ત પ્રદાન થયા હોય એવો આ જિનશાસનનાં 526 વર્ષનો પહેલો અવસર હતો. આ અગાઉ જ્યારે 77 સામૂહિક દીક્ષા થઈ ત્યારે એક સાથે 40 મુમુક્ષુઓને મુહૂર્ત અપાયા હતા. જૈનાચાર્ય જિનચંદ્રસૂરીશ્વરજી મહારાજાની પ્રથમ વાષક સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે શ્રી શાંતિ કનક શ્રમણોપાસક ટ્રસ્ટ-અધ્યાત્મ પરિવાર દ્વારા અધ્યાત્મ નગરી ખાતે જિન સંગમ ઉત્સવમાં છેલ્લા દિવસે દીક્ષાધર્મ મહાનાયક યોગતિલકસૂરિશ્વરજીની વૈરાગ્ય વાણીથી વૈરાગી બનેલા ૬૦-૬૦ દિક્ષાર્થીઓને મુક્તિપ્રભસૂરીશ્વરજી, યોગતિલક સૂરીશ્વરજી, કુલરત્ન સૂરીશ્વરજી, પુણ્યપ્રભસૂરીશ્વરજી, હ્રીંન્કારપ્રભસૂરીશ્વરજી, ઉપાધ્યાય આર્યતિલકવિજયજી આદિ ૪૦૦થી વધુ શ્રમણ શ્રમણી ભગવંતોની પાવન નિશ્રામાં દીક્ષા ના મુહૂર્ત અપાયા હતા. દીક્ષાર્થીઓને કારતક વદ 10 સોમવાર તા 29 નવેમ્બરનું મુહૂર્ત પ્રદાન કરાયુ હતુ. દરમિયાન વેસુ બલર હાઉસ મધ્યે પાંચ દિવસીય સામૂહિક દીક્ષા મહોત્સવ થશે.

# સુરતમાં 39,972 લોકોના ચક્ષુદાનથી 42,451 લોકોનું જીવન સક્ષરંગી બન્યું

**સુરત**

નેત્રદાન અંગે જાગૃતિ આવે તે માટે તા.25 -8- 2021 થી તા.8-9- 2020 સુધી નેત્રદાન જાગૃતિ પખવાડિયા મહોત્સવનું આયોજન કરાયુ છે. સુરતમાં 39,972 ચક્ષુદાતાઓ તરફથી થયેલા ચક્ષુદાનનાં કારણે 42,451 વ્યક્તિઓને રોશની મળી છે. સુરતમાં કોરોના કાળમાં ચક્ષુદાન કરવામાં ૫૦ ટકાનો ઘટાડો થયો હતો છતાં ગુજરાતમાં સુરત ચક્ષુદાનમાં અવ્વલ છે.

લોક દ્રષ્ટિ ચક્ષુ બેંકના પ્રમુખ ડોક્ટર પ્રફુલભાઈ શિરોયાએ જણાવ્યું હતું કે નેત્રદાન અંગે ગુજરાતમાં સુરત મોખરે છે. છેલ્લા 25 વર્ષથી આ સંસ્થા કાર્યરત છે. સુરતની લોક દ્રષ્ટિ ચક્ષુ બેંક શરૃ થઈ ત્યારથી અત્યાર સુધીમાં સુરત સહિતના વિસ્તારના 39,972 વ્યક્તિઓ પાસેથી 75,989 ચક્ષુદાન પ્રાપ્ત થયા છે. જેમાં42,451 વ્યક્તિઓને રોશની આપી આપી નવું જીવન બક્ષ્યું છે. ગુજરાતમાં સુરત બાદ ભાવનગર, અમદાવાદ અને અમરેલીના વ્યકિતઓ ચક્ષુદાન કરવામાં આગળ પડતા રહે છે.

# સુરતમાં બે ગાઢ મિત્રોના અંગદાનથી દેશના 12 વ્યક્તિને નવું જીવન મળ્યું

**સુરત**

રૂસ્તમપુરાના સુરમાવાડમાં રહેતા અને કેટરિંગનો વ્યવસાય કરતા કલ્પેશકુમાર સોમેશ્વર પંડ્યાનો પુત્ર મીત ઉ.વ. 18 તેમજ બેગમપુરા ચેવલી શેરીમાં રહેતા અને બેગમપુરા મોટી સિનેમા પાસે ભજીયાની લારી ચલાવતા સંજયકુમાર પ્રવિણચંદ્ર ગાંધીનો 18 વર્ષની પુત્ર ક્રીશ શારદાયતન સ્કુલમાં ધોરણ 12માં અભ્યાસ કરતો હતો.

જોકે મીત અને ક્રીસ બંને ખાસ મિત્રો હતા. મીત અને ક્રીશ ગત તા.24મીએ બપોરે મોપેડ ઉપર જી.ડી.ગોએન્કા સ્કુલની સામેના રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે કાર ચાલકે મોપેડને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બંનેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. ગત તા.28 મીએ ડોક્ટરની ટીમે મીત અને ક્રીશને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. જે બાદ ક્રીશ અને મીતની કિડની અમદાવાદની હોસ્પિટલને, લિવર અમદાવાદની હોસ્પીટલને, મીતનું હૃદય અમદાવાદની હોસ્પિટલને ફાળવવામાં આવ્યું હતું બાદ ક્રીશના ફેફસાં હૈદરાબાદની હોસ્પિટલને ફાળવવામાં આવ્યા હતા. જ્યારે ક્રીશ અને મીતના ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટી ચક્ષુબેંકના સ્વીકાર્યુ હતું. સુરતની ખાનગી હોસ્પિટલથી હૈદરાબાદનું 926 કિ.મીનું અંતર 180 મીનીટમાં કાપીને ક્રીશના ફેફસાનું ટ્રાન્સપ્લાન્ટ પુનાના રહેતા સી આર પી એફમાં ફરજ બજાવતા 54 વર્ષીય વ્યક્તિમાં કરાયું હતું. બે મિત્રોના અંગદાનથી 12 વ્યક્તિના જીવનમાં ખુશીનો પ્રકાશ ફેલાયો છે.



# કચ્છના એનાટોમી મ્યુઝિયમમાં ૨૦૦થી વધુ માનવદેહના અંગો

## તબીબી અભ્યાસમાં અંગ-ઉપાંગોના મ્યુઝિયમનું પાયાનું પ્રદાન

**ભુજ**

ઐતિહાસિક વારસો અને પ્રાદેશિક પરંપરાનું જ્ઞાન વર્તમાન યુગને પ્રાપ્ત થાય તાથા સંશોધનો માટે ઉપયોગી બને તે માટે જે સાંસ્કૃતિક વિરાસત ધરાવતા મ્યુઝિયમ ઉપયોગી છે તે જ રીતે મેડીકલ ક્ષેત્રમાં શિક્ષણ મેળવવા એનાટોપી મ્યુઝિયમનું આગવું મહત્વ છે. ત્યારે કચ્છની મેડીકલ કોલેજમાં વિશાળ એનાટોમી મ્યુઝિયમ ઉભું કરાયું છે. જેમાં હાલે ૨૦૦થી વધુ માનવદેહના અંગો વૈજ્ઞાનિક ઢબે સચવાયેલા છે.

માનવ શરીરના અંગો-ઉપાંગોના અભ્યાસ અને સંશોધન હેતું અંગોને પ્રિઝર્વ(રક્ષિત) કરી મેડિકલ કોલેજમાં મ્યુઝિયમ ઊભું કરવામાં આવે છે. અદાણી મેડિકલ કોલેજ ભુજમાં પણ આ જ પાયાની હકીકતને ધ્યાનમાં રાખીને એનાટોમી(શરીરરચના) વિભાગમાં ૨૦૦થી વાધુ માનવશરીરના આંતરિક ભાગોને વૈજ્ઞાનિક ઢબે સાચવવામાં આવ્યા છે, એમ જણાવી કોલેજના એનાટોમી વિભાગના હેડ અને પ્રોફે. ડો. સાગ્નિક રોયે જણાવ્યુ હતું કે, દેશ અને ગુજરાતની મોટી મેડિકલ કોલેજની માફક કચ્છમાં પણ માનવદેહના અંગોના સંશોધનઅને અભ્યાસ માટે એક વિશાળ મ્યુઝિયમ તૈયાર કરવામાં આવ્યું છે. આ મ્યુઝિયમમાં પગાથી માથા સુધીની માનવશરીરની આંતરિક રચનાના અંગોના પ્રત્યેક હિસ્સાને જુદા જુદા કોણાથી દર્શાવવામાં આવ્યા છે. જેમ કે, મસ્તિષ્કના વાળ, મગજ, ખોપરી, આંખ,જિહવા,જડબા, છાતી, ફેફસા, હ્રદય, જઠ્ઠર, પેંક્રિયાસ, યકૃત (લીવર), આંતરડા, ઉત્સર્ગતંત્ર (કિડની) પગ સહિત રુધિરાભિસરણ તંત્ર, કકાલ તંત્રના વિભાગો ઉપરાંત ચાર્ટ તાથા આટફિશિયલ નમુનાઓ પણ તૈયાર કરી મૂકવામાં આવ્યા છે. તેમજ ૧૦૦ જેટલા માઈક્રોસ્કોપાથી દરેક અંગના સેલનો અભ્યાસ પણ કરી શકાય છે. મેડિકલની પ્રત્યેક શાખાના વિધાર્થીઓ આ મ્યુઝિયમના માધ્યમાથી ટોપ ઉપર પહોંચી શકે છે. અને નક્કી કરેલા ચિકિત્સાશા તરફ આગળ વાધી શકે છે.

# ચામુંડા ડુંગરે બેકાબૂ ભીડ વચ્ચે પ્રસૂતાએ બાળકીને જન્મ આપ્યો

**રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલા પ્રસિધ્ધ યાત્રાધામ ચોટીલા ચામુંડા માતાજીના ધામમાં સાતમ આઠમની રજાના પગલે આશરે ત્રણેક લાખ ભાવિકો ઉમટી પડતા સ્થાનિક પ્રશાસન વ્યવસ્થા જાળવવામાં ટૂંકુ પડયું હતું. ભારે ભીડ વચ્ચે ડુંગર ચડી રહેલ દાહોદ જિલ્લાની એક સગર્ભા મહિલાને જન્માષ્ટમીના દિવસે પગથિયા પર જ પ્રસુતિ થઈ ગઈ હતી. ત્યાં ૧૦૮ વાન પણ ભીડ વચ્ચે મહા મુશ્કેલીથી પહોંચી હતી. તેને બાળકી જન્મી હતી અને સ્થિતિ સારી હોય સ્થાનિક હોસ્પિટલે સારવાર બાદ તેને રજા અપાઈ છે. ચોટીલા ડુંગર પર માતાજીના દર્શનાર્થે દર વર્ષે વાર તહેવારો ભાવિકોની ભીડ થતી હોય છે ત્યારે ગઈકાલે વહેલી સવારથી જ દર્શનાર્થીઓનો ભારે ધસારો હતો. આ દરમિયાન ડુંગરની તળેટીએ પગથિયા શરુ થાય છે ત્યાં મુકાયેલ ચોકીદારે ગમે તે કારણે થોડી મિનિટો માટે દરવાજો બંધ કરી દેતા ભારે અફડાતફડી સર્જાઈ હતી.

# પેરા ઓલમ્પિકમાં સિલ્વર મેડલ વિજેતા ભાવિનાના ગામમાં જશ્ન

## ટેબલ ટેનિસ પ્લેયરના ગામ સુંઢીયામાં ખુશી મનાવાઈ

**મહેસાણા**



મહેસાણાના વડનગર તાલુકાના સુંઢીયા ગામે રહેતા એક ખેડૂત અને નાના વેપારીની દિવ્યાંગ દીકરી ટેબલ ટેનિસ પ્લેયર તરીકે પેરાઓલમ્પિકમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિલ્વર મેડલ પ્રાપ્ત કરતા તેના માતા પિતા સહિત સુંઢીયા ગ્રામજનોએ વિશેષ રૂપે ઉજવણી કરી દીકરીની સફળતાને વધાવી લીધી હતી.

મહેસાણા જિલ્લામાં આવેલ વડનગર તાલુકાના સુંઢીયા ગામે હસમુખભાઈ પટેલ નામના ખેડૂત અને કટલરીના વ્યવસાય કરતા પિતાની દીકરી ભાવિના પટેલ ટેબલ ટેનિશની રમતમાં રુચિ દાખવતા વિવધ કેડરની રમતોમાં ભાગ અનેક વાર ગોલ્ડ સિલ્વર મેડલ જીતી છે. ભાવિના એ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પેરા ઓલિમ્પિકમાં દિવ્યાંગ ગર્લ કેટેગરીમાં ટેબલ ટેનિશની સ્પર્ધામાં જોડાઈ સેમી ફાઈનલમાં જીત મેળવી ફાઈનલમાં રમી હતી જે રમતને લઈ તેના ગામમાં રહેતા તેના માતાપિતા સહિતના ગ્રામજનોએ ગામમાં મોટી એક એલઈડી સ્ક્રીન લગાવી રમતનું જીવંત પ્રસારણ કર્યું હતું જોકે ફાઈનલમાં ભાવિના પરાજિત થતા તેને ગોલ્ડ નહિ પરંતુ સિલ્વર મેડલ મળ્યો હતો. ત્યારે ભાવિના પેરાઓલિમ્પિકમાં ભાગ લેનાર ભારતની પ્રથમ ફિમેલ હોઈ તેની પ્રસિદ્ધિને જોતા પિતા હસમુખભાઈ સહિત ગામ લોકોએ ભારે ખુશી વ્યક્ત કરી તેને અભિનંદન પાઠવતા મીઠાઈ વેચી, ફટાકડા ફોડ્યા હતા અને ગુજરાતી સંસ્કૃતિ મુજબ ગરબા રમી જશ્નની જેમ દીકરીની સફળતાની ઉજવણી કરી હતી આ ઉજવણીમાં ભાવિનાના સગા સંબંધી ઓ અને મોટી સઁખ્યામાં ગ્રામ જનો જોડાયા હતા.

# વિશ્વભરના 42 દેશોના રાષ્ટ્રધ્વજને ઓળખતો બોરસદનો 3 વર્ષનો બાળક

## વેદાંતને ઇન્ડિયા રેકોર્ડ ઓફ બુકમા સ્થાન મળ્યું

**વલ્લભવિદ્યાનગર**

બોરસદ શહેરમા રહેતા બેંક મેનેજરના ૩ વર્ષ ૧ માસના પુત્ર વિશ્વના ૪૨ દેશોના રાષ્ટ્રધ્વજને ઓળખે છે અને ગણતરીના પળભરમાં જ તમામ દેશોના ધ્વજને જોઈને જ દેશનુ નામ ઓળખી બતાવે છે. ખુબ જ નાની ઉમરે તીવ્ર યાદશક્તિને લઈને ઈન્ડિયા રેકોર્ડ ઓફ બુકમાં તેની સિદ્ધિને સ્થાન મળ્યુ છે. એટલું જ નહીં પરંતુ ત્રણ વર્ષીય વેદાંત ગુજરાતના ૨૪ મુખ્ય અને ખ્યાતનામ સ્થળો, સોલાર રીલેટેડ ઉપકરણો, ૨૦ પ્રાણીઓ, પાંચ વૈજ્ઞાનિકો, ૨૫ અલગ-અલગ પ્રવૃત્તિઓ તથા ભારતના રાજ્યો અને તેની રાજધાનીને ઓળખી બતાવે છે.

મુળ પાલીતાણા અને હાલ બોરસદ શહેરમા વસવાટ કરતા અને બેંક મેનેજર તરીકે નોકરી કરતા મનિષ ચુડાસમા અને તેમના પત્નિ પૂર્ણાબેન ચુડાસમાનો પુત્ર વેદાંત રમવા, કુદવાની ઉમરે તેનુ જનરલ નોલેજ, તીવ્ર બુદ્ધિપ્રતિભાએ ભલભલા ભણેલા-ગણેલા કે ઉચ્ચ કારકિર્દી ધરાવતા લોકોને પણ પાછળ મુકી દીધા છે. ૩ વર્ષના વેદાંતની યાદશક્તિની ખુબીને દાદ આપવી પડે તેવી છે. તેને એક વખત કોઈ વસ્તુ કે ચિત્ર બતાવો એટલે તેને ઝડપથી યાદ રહી જાય છે.

**MOTEL HELP WANTED**

Motel help wanted for a motel located in Ontario around 1.5-2.0 hr drive from GTA. Accommodation will be provided. This position is suitable for either single person or Couple.

The job duties include Desk, Cleaning of rooms, Laundry, basic repair-maintenance related to work.

Management will support LMIA if required after 1 year working with company.

Interested person please send resume at

motelhelp@yahoo.com OR

Contact at 705-706-8183

**Imperial PEST CONTROL**

Residential • Commercial • Industrial

24 Hour Service • 7 Days a Week

Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:

1 Spray Services | 2 Fogging Services | 3 Sanitation Services

All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control

Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets

Free Estimates & Written Guarantee

First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking

Special Service For Bedbug Control

www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)

Call: Ramesh Kanani 416-837-1820

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# કચ્છ-મોરબીના સાંસદ ચાવડાના ભાણેજનો છાતીમાં ગોળી મારી રહસ્યમય આપઘાત

## અમેરિકામાં મેડિકલ સ્ટુડન્ટ અક્ષયનો અભ્યાસ ઓનલાઈન ચાલુ હતો

ભુજ

કચ્છ-મોરબીના સાંસદ વિનોદ ચાવડાના સગા ભાણેજ, ૨૩ વર્ષીય અક્ષય લોંચાએ કારને અંદરથી લોક કરી છાતીમાં ગોળી મારી આપઘાત કરી લીધાની ઘટનાએ ચકચાર જગાવી છે. નખત્રાણા તાલુકાના દેવપર (યક્ષ) ગામે રહેતા અને અમેરિકામાં મેડિકલ સ્ટુડન્ટ અક્ષયનો મૃતદેહ પોતાના ગામથી વીસેક કિલોમીટર દૂર કોટડા જડોદર નજીક રોડ પાસે વાડી વિસ્તારમાં મળ્યો હતો. સવારે ૧૨-૩૦ વાગ્યાના અરસામાં



કોઈએ કાર ચાલુ જોઈ હતી. કારમાં જોતાં લોહીલોહાણ હાલતમાં યુવક જોવા મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. કારનો કાચ તોડી પોલીસે તપાસ કરતાં છાતીમાં ગોળી મારીને યુવકે આપઘાત કર્યાનું જણાયું હતું. જાણવા મળતી વિગતો મુજબ ૨૩ વર્ષીય અક્ષય રમેશભાઈ લોચા મૃતદેહ કોટડા(જડોદર) ગામ પાસે આવેલ વાડી વિસ્તારમાંથી મળી આવ્યો હતો. ભાટ નગર નજીક આવેલી કારમાંથી મળી આવ્યો હતો. પોલીસને કારમાંથી એક રીવોલ્વર મળી હતી. પોલીસે મૃતદેહનો કબ્જો લઈને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ લઈ ગયા હતા. હતભાગી અમેરિકામાં તબીબ અભ્યાસ કર્યો હતો. અક્ષય થોડા દિવસ પૂર્વે યુ.એસ.માં પોતાનો તબીબનો અભ્યાસ પૂર્ણ કરી પરત આવ્યો હતો.

# મેઘાણી સાથે સંકળાયેલા સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે

ભાવનગર

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મ જયંતીની રાજયવ્યાપી ઉજવણી અંતર્ગત ભાવનગર ખાતે પણ રાષ્ટ્રીય શાયરને ભાવસભર અંજલિ અપત કરવા સરદારનગરના મેઘાણી હોલ ખાતે કસુંબીનો રંગ ઉત્સવની શાનદાર ઉજવણી કરાઈ હતી.

આ અવસરે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીએ જણાવ્યું હતુ કે, ગુજરાતી સાહિત્યના લુપ્ત થતાં સાહિત્યને ફરીથી તેજોમય તેજથી મઢેલા શબ્દોથી ઝવેરચંદ મેઘાણીએ પોતાના ઓજસ્વી અને તેજસ્વી વ્યક્તિત્વ દ્વારા અજરામર કર્યુ છે. ગુજરાતી સાહિત્યના આવાં શિરમોર વ્યક્તિત્વના વિચારો અને સર્જનને જન-જન સુધી પહોંચાડવા તેમના જીવન સાથે સંકળાયેલા સ્મૃતિ સ્થળોને રાજય સરકાર દ્વારા પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે. આ અવસરે લોકસાહિત્યકાર માયાભાઈ આહીર, રઘુવીર કુંચાલા અને તેમની ટીમ દ્વારા ઝવેરચંદ મેઘાણીના સાહિત્યની અદભુત પ્રસ્તુતિઓ રજૂ કરાઈ હતી. આ સાથે કવિ મેઘાણીના જીવન અને કવનને દર્શાવતી ડોક્યુમેન્ટ્રી ફિલ્મના નિદર્શન સાથે મેઘાણી સાહિત્યનું વિતરણ પણ કરાયુ હતું.

# સોમનાથ મહાદેવનાં દર્શન સાથે 1.59 લાખ ભક્તોએ શીશ નમાવ્યું

વેરાવળ

શ્રાવણ માસના ચોથા સોમવારે જન્માષ્ટમીનો તહેવાર હોવાથી સોમનાથ મહાદેવને શિશ નમાવવા દેશ વિદેશથી દોઢ લાખથી વધુ ભાવિકો ઉમટી પડયા હતા. રવિવારે સવારે ૪ વાગ્યાથી રાત્રે ૧૦.૩૦ વાગ્યા સુધી તેમજ સોમવારે પણ આટલા જ સમય માટે સોમનાથ મંદિર ખુલ્લું રહ્યું હતું અને ધાર્મિક ઉત્સવ ઉજવાયો હતો. ત્રણ દિવસમાં હજારો પુજાવિધઓ તેમજ અનેક ધ્વજા તત્કાલ પુજાઓ નોંધાયેલ હતી. મંદિર પરીષરમાં હોલમાં ૨૦૦ થી વધારે ભુદેવો દ્વારા સતત આ પુજાવિધીઓથી મંદિર પરીષર ગુંજતું હતું. એક સપ્તાહમાં અહીં દોઢ લાખથી વધુ ભક્તોએ દર્શન કર્યા હતા.

# સરધાર મંડળીની ચૂંટણીમાં ભાજપનાં નેતાનાં સમર્થનવાળી પેનલને પછડાટ

રાજકોટ

રાજકોટ જિલ્લા ભાજપનાં બે જૂથ સરધારની સહકારી મંડળની ચૂંટણીમાં સામસામે હતા. જેમાં ભાજપનાં નેતાઓના ખુલ્લા સમર્થનવાળા જૂથની આખી પેનલનો સફાયો થયો છે જયારે ભાજપનાં અસંતુષ્ટ જૂથની આખી પેનલ વિજેતા થઈ છે. કુલ ૨૦ બેઠકોમાંથી એક બિનહરિફ થતા ૧૯ બેઠકો માટે મતદાન થયુ હતુ. ૧૨ ગામનાં આશરે ૨૪૦૦ મતદારો નોંધાયેલા છે તેમાંથી આશરે ૮૮ ટકાએ મતદાન કર્યુ હતુ. મંડળીમાં દાયકાઓથી હરદેવસિંહ જાડેજા અને નિતિન ઢોકચા જૂથનો કબ્જો છે આ ચૂંટણીમાં તેઓ પણ ઉમેદવાર હતા. સામે

## અસંતુષ્ટ જૂથનો દબદબો યથાવત : જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખની હાર

જિલ્લા પંચાયતનાં પુર્વ પ્રમુખ નિલેશ વિરાણી અને રાજકોટ તાલુકાની કારોબારી સમિતિનાં વર્તમાન ચેરમેન ચેતન પાણે પણ ઉમેદવારી કરી હતી આ બંને આગેવાનોની પણ કારમી હાર થઈ છે. દરેક બુથમાં તેમના જૂથને ઓછા મત મળ્યા છે. આ જૂથને જિલ્લા ભાજપનાં હોદેદારો અને ધારાસભ્યએ પણ ટેકો આપ્યો હતો છતાં આખી પેનલ હારી ગઈ હતી.

# રાજકોટમાં રાજકુમાર કોલેજની ચૂંટણીમાં 17 રાજવીઓએ ઝંપલાવ્યું

રાજકોટ

રાજકોટમાં ઈ.સ.૧૮૬૮માં ત્યારના રાજવીઓએ રાજકુંવરોના શિક્ષણ માટે સ્થાપેલી અને આજે નર્સરીથી ધો.૧૨ સુધીના ૧૮૦૦ વિદ્યાર્થીઓ ધરાવતી રાજકુમાર કોલેજ ટ્રસ્ટની વર્ષો પછી ચૂંટણી યોજવાનો નિર્ણય લેવાયો છે. આ ચૂંટણીમાં ઉમેદવાર તરીકે સૌરાષ્ટ્રના ૧૭ રજવાડાઓના ઠાકોર સાહેબ અને દરબાર સાહેબના સિંહાસન પર હાલ બીરાજતા રાજવીઓએ ઉમેદવારી નોંધાવી છે.

સૂત્રો અનુસાર આ ચૂંટણી અધિકારી તરીકે અમરુ એચ.ચાવડાની નિયુક્તિ કરાઈ છે. જેમણે જાહેર કરેલા ચૂંટણી કાર્યક્રમ મૂજબ ગઈકાલથી આગામી તા.૧૮-૯ સુધી પોસ્ટલ બેલેટ જમા કરાવી શકાશે.

# દ્વારકામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો, મંદિરે 3 લાખથી વધુ ભાવિકો ઉમટ્યા

## ભગવાન કાળિયા ઠાકોરની કર્મભૂમિમાં 'નંદ ઘેર આનંદ ભયો..'ની ગુંજ

દ્વારકા

ભગવાન કાળિયા ઠાકોરની કર્મભૂમી દ્વારકામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉમળકાભેર ઉજવણી કરવામાં આવી હતી. કોરોનોકાળ હળવો થતાં ગઈકાલે એક જ દિવસમાં ૩ લાખથી વધુ ભાવિકો ઉમટયા હતા અને પવિત્ર ગોમતી સ્નાન કરીને ભગવાન દ્વારકાધીશનાં દર્શનનો ધર્મલાભ લીધો હતો. જન્માષ્ટમીની રાત્રીના ૧૨ વાગ્યાનાં ટકોરે માં 'નંદ ઘેર આનંદ ભયો..'ની ગુંજ સાથે શ્રધ્ધાળુઓ ઝુમી ઉઠયા હતા. જગતમંદિરે ઠાકોરજીને ખુલ્લા પડદે અભિષેક સહિતનાં ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. યાત્રાધામ દ્વારકા ખાતે શ્રાવણી આઠમ એટલે જન્માષ્ટમીના પાવન અવસરે સંખ્યાબંધ ભાવિકોની ઉપસ્થિતીમાં



શ્રીકૃષ્ણ જન્મત્સવની ભક્તિમય વાતાવરણમાં ભવ્ય ઉજવણી પુજારી પરીવાર દ્વારા કરવામાં આવી હતી. રાત્રીના ૧૨ના ટકોરે શ્રી દ્વારકાધીશના ત્રૈલોકય સુંદર જગતમંદિરમાં ઝળહળથી રોશની વચ્ચે 'જય રણછોડ માખણ ચોર'ના ધોષ સાથે 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી'ના ગગનભેદી નાદ સાથે કૃષ્ણ જન્મત્સવની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. જન્માષ્ટમીએ કાળિયા ઠાકોરને ખુલ્લા પડદે મંત્રોચ્ચારથી પુજારી દ્વારા અભિષેક કરવામાં આવ્યો હતો. દ્વારકાધીશને જન્માષ્ટમીના રાત્રીના દસ વાગ્યે ભિતરમાં બંધ પડદે મંગલા આરતી કર્યા બાદ પ્રભુંના જન્મના સ્નાન અભિષેક પુજન કરાયા બાદ શ્રીજીને શુંગાર કરવામાં આવ્યો હતો.

# સૌરાષ્ટ્રમાં ઠેરઠેર શોભાયાત્રા નીકળી

રાજકોટ

ગત વર્ષે કોરોના મહામારીના કારણે જન્માષ્ટમી મહાપર્વની ઉજવણી નહીં કરી શકનાર સૌરાષ્ટ્રમાં આ વર્ષે આંશિક છૂટછાટો મળતા મંદિરોમાં, શહેરના ચોકે ચોકે, ગામેગામ શણગારીને ધામધૂમથી કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો હતો અને જન્માષ્ટમીની શોભાયાત્રા ૨ તમામ સ્થળોએ આઠમના દિવસે ઉત્સાહભેર નીકળી હતી અને પોલીસના ચૂસ્ત બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ સંપન્ન થઈ છે. સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમીએ સૌ પ્રથમ ૪૦ વર્ષ પહેલા શોભાયાત્રા શરુ કરનાર ધોરાજીમાં વિહિપ દ્વારા આજે બહુચરાજી માતાજી મંદિર ખરાવાડ ચોકથી પ્રારંભ થઈ પરંપરાગત રૂટ પ્રમાણે જેતપુર રોડ, ગેલેક્સી ચોક, ગરબી ચોક, રામમંદિર, સ્ટેશન રોડ, સોનીબજાર, શાકમાર્કેટ થઈને પૂર્ણ થઈ હતી. પાંચ જેટલા ફ્લોટ્સ જોડાયા હતા. રાજકોટમાં કિસાનપરા ચોકથી ધર્મસભાના આયોજન બાદ ૩૬મા વર્ષે શોભાયાત્રા નીકળી હતી, રૂટને ટૂંકાવાયો હતો અને બપોરે ૧૨ વાગ્યે બાલક હનુમાન ચોકમાં સમાપન થયું હતું. રથયાત્રામાં પાંચ ફ્લોટ ઉપરાંત છત્રી સાથે શણગારેલા ટુ વ્હીલરો, અશ્વસવારો વગેરે જોડાયા હતા. પોરબંદર, જામનગર, અમરેલી સહિતના વિસ્તારોમાં જન્માષ્ટમીની ઉજવણી થઈ હતી.


First Flight
FFCL Couriers Inc.
દુનિયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, Opposite Vegetables Market. Phone 647-761-1317, 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough WE ARE RE-OPENING 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY CLOSED : SAT-SUN : 11.00 AM to 6.00 PM
Mississauga 2960 Drew Road, Unit-158, Mississauga ON L4T 045 Great Punjab Plaza, Next to Malton Gurudwara. : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631 ------: MON-FRI : ------ 9.30 AM to 8.00 PM
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ



## વિવાદીત અભિનેત્રી પાયલ રોહતગી સામે FIR

પુણેમાં અભિનેત્રી પાયલ રોહતગી સામે કેસ નોંધવામાં આવ્યો છે. પાયલ પર મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ, ઇન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી માટે અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરવાનો આરોપ છે. પાયલે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેની પર મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ, ઇન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી વિરુદ્ધ વાંધાજનક શબ્દોનો ઉપયોગ કર્યો હતો. પાયલ સામે IPC ની કલમ 153 (a), 500, 505 (2) અને 34 હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.



## બિગ બોસ વિનર સિદ્ધાર્થ શુક્લાનું 40 વર્ષની ઉંમરે હાર્ટ એટેકથી અવસાન

**નવી દિલ્હી**

અભિનેતા અને બિગ બોસ-13 ના વિનર સિદ્ધાર્થ શુક્લાનું ગુરૂવારે અવસાન થયું છે. મુંબઈની કૂપર હોસ્પિટલે સિદ્ધાર્થના મૃત્યુની પૃષ્ટિ કરી છે. 40 વર્ષીય સિદ્ધાર્થ શુક્લાનું હાર્ટ એટેકના કારણે અવસાન થયું છે. જાણવા મળ્યા મુજબ સિદ્ધાર્થ શુક્લાએ રાતે સૂતા પહેલા કેટલીક દવાઓ ખાધી હતી અને ત્યાર બાદ તેઓ ઉઠી ન શક્યા. બાદમાં હોસ્પિટલે સિદ્ધાર્થનું મૃત્યુ હાર્ટ એટેકના કારણે થયું હોવાની પૃષ્ટિ કરી હતી.

સિદ્ધાર્થ શુક્લાના અચાનક અવસાનના કારણે સમગ્ર બોલિવુડ અને ટીવી ઈન્ડસ્ટ્રી શોકમાં છે. તમામ અભિનેતા અને અભિનેત્રીઓ દ્વારા સિદ્ધાર્થ શુક્લાના અવસાનને લઈ શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે. ટીવી ઈન્ડસ્ટ્રીનો ફેમસ ચહેરો સિદ્ધાર્થ શુક્લા રિયાલિટી શો બિગ બોસની 13મી સિઝનમાં વિજેતા બન્યો હતો.

## જેકલીન ફર્નાન્ડીઝ 200 કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ રેકેટનો ભોગ બની



મુંબઈ: 30 ઓગસ્ટે 200 કરોડ રૂપિયાની મની લોન્ડ્રિંગ સાથે જોડાયેલા એક કેસમાં બોલીવુડ અભિનેત્રી જેકલીન ફર્નાન્ડીઝ સાથે ઈડીએ લાંબી પૂછપરછ કરી. આ દરમિયાન જેકલીને કેટલાક મહત્વના ખુલાસા કર્યા છે. જણાવવામાં આવી રહ્યુ છે કે જેકલીન પોતે આ છેતરપિંડીના રેકેટનો શિકાર બની ગઈ છે. તેમની એક સાક્ષી તરીકે પૂછપરછ કરવામાં આવી છે. તેની પાંચ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી. ઈડીની તપાસમાં જાણવા મળ્યુ છે કે મની લોન્ડ્રિંગના સાગરીત સુકેશે પોતાના પાર્ટનર લીના પૉલ દ્વારા જેકલીનને નિશાન બનાવી હતી. જેકલીન આ કેસમાં આરોપી નથી પરંતુ તેમની સાક્ષી તરીકે પૂછપરછ થઈ છે. ઈડીની તપાસમાં જાણવા મળ્યુ છે કે સુકેશે બોલીવુડના એક ફેમસ એક્ટરને પણ નિશાન બનાવ્યા હતા. જોકે આ એક્ટરનું નામ ગુપ્ત રાખવામાં આવ્યુ છે. 24 ઓગસ્ટે તપાસ એજન્સીએ ચેન્નઈના એક બંગલા પર દરોડા પાડ્યા હતા જ્યાંથી તેમણે 82 લાખ રૂપિયા રોકડા જ્યારે 12થી વધારે લગ્ઝરી કાર જપ્ત કરી હતી.

## અભિનેત્રી સાયરા બાનુને આવ્યો હાર્ટ એટેક

મુંબઈ: બોલિવૂડના પીઢ અભિનેત્રી અને દિવંગત અભિનેતા દિલીપ કુમારની પત્ની સાયરા બાનુની તબિયત અચાનક બગડી ગઈ હતી. તેમને મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં દાખલ કરવામાં



આવ્યા હતા. તેમને માઇનોર હાર્ટ એટેક આવ્યો હતો. હાલ તેમની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે. પરિવારના સભ્યોએ અભિનેત્રીના સ્વાસ્થ્ય વિશે જાણકારી આપી છે. 7 જુલાઈએ પતિ અને પીઢ અભિનેતા દિલીપ કુમારને ગુમાવનાર પીઢ અભિનેત્રી સાયરા બાનુને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેઓ હિન્દુજા હોસ્પિટલ, મુંબઈના ઈન્ટેન્સિવ કેર યુનિટ (ICU) માં છે. અભિનેત્રી છેલ્લા ત્રણ દિવસથી હોસ્પિટલમાં છે અને ડોક્ટરો તેમની ખાસ કાળજી લઈ રહ્યા છે. સાયરા બાનુ 77 વર્ષના છે. અભિનેત્રી સાયરા બાનુએ પ્રથમ વખત 29 ઓગસ્ટ 2021 ના રોજ બ્લડ પ્રેશરની ફરિયાદ કરી હતી. પછી અચાનક તેમની તબિયત બગડી, ત્યારબાદ તેમને હિન્દુજા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. જણાવવામાં આવી રહ્યું છે કે હાલમાં સાયરા બાનુની તબિયત સ્થિર છે.












હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

### જન્માષ્ટમીના દિવસે જ ભારતીય ખેલાડીઓએ બે ગોલ્ડ સહિત પાંચ મેડલ જીતી લીધા

# ઓલિમ્પિક્સ પછી પેરાલિમ્પિક્સ, ભારતની યશગાથા

પ્રાસંગિક
ધવલ શુક્લ

ટોક્યો ઓલિમ્પિક્સમાં સાત મેડલ સાથે અત્યાર સુધીનો શ્રેષ્ઠ દેખાવ કર્યા પછી હવે ટોક્યોમાં જ રમાઈ રહેલી પેરા ઓલિમ્પિક્સમાં પણ ભારતીય ખેલાડીઓએ રંગ રાખ્યો છે. પેરાલિમ્પિક ગેઈમ્સ પૂરી થવાને હવે 3 દિવસ બાકી છે. પાંચમી સપ્ટેમ્બરે એટલે કે આવતા રવિવારે પેરાલિમ્પિક ગેઈમ્સનું સમાપન થવાનું છે. જે પહેલાં જ ભારતને ૭ મેડલ મળી ચૂક્યા છે. ભારતે જન્માષ્ટમીના શુભ દિવસે જોરદાર સપાટો બોલાવીને બે ગોલ્ડ સહિત પાંચ મેડલ જીતી લીધા. એ પહેલાં ભારતના ખેલાડીઓએ ત્રણ મેડલ જીત્યા હતા. તેથી ભારતને મળેલા મેડલનો આંકડો ગુરુવાર સુધીમાં 10 પર પહોંચ્યો હતો. જેમાં અવની લખેરા અને સુમિત અનટીલે ગોલ્ડ મેડલ, ભાવિના પટેલ, નિષાદ કુમાર, દેવેન્દ્ર ઝાંઝરિયા, યોગેશ કાથુનિયા અને મરિયાપ્પન થંગવેલુંએ સિલ્વર મેડલ તથા શરદ કુમાર, સિંગરાજ અધાના અને સુંદર સિંહે બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે.

ભારતીય ખેલાડીઓએ જન્માષ્ટમીના શુભ પર્વે મેડલ પર મેડલ જીતીને આખા દેશમાં ખુશીને બમણી કરી દીધી હતી. એક જ દિવસમાં ભારતના ખેલાડીઓએ પાંચ મેડલ જીત્યા અને તેમાં જોરદાર રંગ જયપુરની અવની લખેરાએ રાખ્યો હતો. અવની લખેરાએ મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલ ફાઈનલમાં ગોલ્ડ મેડલ જીતીને સૌને દંગ કરી દીધા હતા. અવનીએ ફાઈનલમાં ૨૪૯.૬ પોઈન્ટ મેળવીને વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરીને પોતાની જીતને ચાર ચાંદ લગાવી દીધા. ડિસેમ્બર ૨૦૧૮માં યુક્રેનની ઈરિના શેતનિકે ૨૪૯.૬ પોઈન્ટ મેળવીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. જયારે ભારતની દીકરી અવનીએ આ વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી છે. અવનીની જીત એટલા માટે મોટી છે કેમ કે, તેની ટક્કર વર્લ્ડ રેકોર્ડ રચવાની ઈરિના શેતનિક સામે હતી અને ચીનની ઝાંગ કુઈપિંગ સામે પણ હતી.

અવની ક્વોલિફિકેશન રાઉન્ડમાં ૨૧ શૂટર્સ વચ્ચે સાતમા સ્થાને રહી હતી અને માંડ માંડ ફાઈનલમાં પહોંચી હતી. ક્વોલિફિકેશન રાઉન્ડમાં અવનીએ ૬૦ શોટની શ્રેણીમાં છ શોટ બાદ ૬૨૧.૭નો સ્કોર કર્યો હતો. તેની સામે ચીનની કુઈપિંગ અને યુક્રેનની ઈરિયાના શેતનિકે ક્વોલિફિકેશનમાં ૬૨૬નો સ્કોર નોંધાવ્યો હતો. બંને નવા પેરાલિમ્પિક રેકોર્ડ સાથે પ્રથમ બે સ્થાન મેળવીને ટોચ પર રહી હતી અને તેની સામે અવની ટોચના આઠ નિશાનેબાજોમાં માંડ માંડ જગા મેળવી શકી હતી. ફાઈનલમાં ચીની શૂટર ઝાંગ જે રીતે ધાર્યાં નિશાન પાડતી હતી,



તેના કારણે અવનીની જીતની આશા નહોતી અને ઘણાંના જીવ અધ્ધર હતા. ઝાંગે અવનીને જોરદાર ટક્કર આપીને હંફાવી દીધી હતી અને ભારતીયોને ગોલ્ડ મેડલ હાથથી સરકતો જણાયો હતો. પણ અવનીએ છેલ્લે છેલ્લે અચૂક નિશાન પાર પાડીને ઝાંગને હરાવી અને ગોલ્ડ મેડલ પણ જીત્યો.

અવનીએ ફાઈનલમાં ૨૪૯.૬ સ્કોર કરીને વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી જ્યારે સિલ્વર મેડલ જીતનારી ચીનની ઝાંગ કુઈપિંગનો સ્કોર ૨૪૮.૯ પોઈન્ટ હતો તેના પરથી જ કેવી ટક્કર જામી હશે તેની કલ્પના કરી જુઓ. અવનીએ જેનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો એ યુક્રેનની ઈરિયાના શેતનિક તો ક્યાંય ચિત્રમાં જ ના રહી. અવનીથી ૨૨ પોઈન્ટ ઓછા એટલે કે ૨૨૭.૫ પોઈન્ટ મેળવીને ઈરિયાનાએ બ્રોન્ઝ મેડલ જીત્યો.

અવની પેરાલિમ્પિક ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બની છે. અવની પહેલાં ભારત વતી ત્રણ પુરૂષોએ ગોલ્ડ મેડલ જીત્યા હતા. યોગેશ કથુનિયાએ એફ-૫૬ કેટેગરીમાં ડિસ્ક થ્રો એટલે કે ચક્રફેંકમાં સિલ્વર મેડલ જીતીને ભારતને વધુ એક સિલ્વર મેડલ અપાવ્યો. યોગેશ પણ શરૂઆતમાં બહુ નહોતો જામ્યો પણ છટ્ઠા અને છેલ્લા પ્રયાસમાં તેણે હતું એટલું જોર લગાવી દીધું. છેલ્લા પ્રયાસમાં યોગેશે ૪૪.૩૮ મીટરનો થ્રો ફેંકીને આ સિરીઝમાં શ્રેષ્ઠ



દેખાવ કર્યો. યોગેશે પોતાનો સર્વશ્રેષ્ઠ થ્રો ફેંક્યો અને ક્યાંય ચિત્રમા જ નહોતો તેમાંથી અચાનક જ ઉભરીને સિલ્વર મેડલ કબજે કર્યો. ઝાઝરિયાએ ૨૦૧૬માં રીયોમાં રમાયેલી પેરાલિમ્પિકસ ગેમ્સમાં જ્વેલિન થ્રોમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. આ ગોલ્ડ મેડલ જીતીને દેવેન્દ્ર પેરાલિમ્પિક્સમાં બે ગોલ્ડ મેડલ જીતનારા પહેલા ભારતીય ખેલાડી બની ગયા હતા. મજાની વાત એ હતી કે, દેવેન્દ્રે પોતાનો પહેલો ગોલ્ડ મેડલ ૨૦૦૪માં એથેન્સમાં જીત્યો હતો. એ પછી ૨૦૦૮ અને ૨૦૧૨ની બે પેરાલિમ્પિક્સમાં ભાલા ફેંકની કેટેગરી જ નહોતી.

રીયોમાં ૨૦૧૬ની પેરાલિમ્પિકસ ગેમ્સમાં ૧૨ વર્ષ પછી ભાલા ફેંકમાં સમાવેશ કરાયો તો દેવેન્દ્રે ફરી ગોલ્ડ મેડલ જીતીને છાકો પાડી દીધો ઝાઝરીયાએ આ મેડલ જીતીને જોગિન્દરસિંહ બેદીના રેકોર્ડની પણ બરાબરી કરી છે. ભારતે ટોક્યો પેરાલિમ્પિક્સ પહેલાં પેરાલિમ્પિક્સમાં સૌથી જોરદાર દેખાવ ૧૯૮૪ના ન્યુ યોર્ક પાસેના સ્ટોક મેન્ડેવિલેમાં રમાયેલી પેરાલિમ્પિક ગેઈમ્સમાં કર્યો હતો. તે સમયે ભારતે બે સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ મળીને ચાર મેડલ જીત્યા હતા. ભારતના આ યશસ્વી દેખાવનું શ્રેય જોગિન્દરસિંહ બેદીને જાય છે. બેદીએ એક સિલ્વર અને બે બ્રોન્ઝ જીતીને દેશનું ગૌરવ વધાર્યું હતુ. ભારતે જીતેલા ચાર મેડલમાંથી ત્રણ મેડલ તો બેદી જ લઈ આવ્યા હતા.

તેમનો આ રેકોર્ડ અકબંધ છે અને કોઈ ભારતીય હજુ તોડી શક્યો નથી. પણ ઝાઝરિયા ભાલા ફેંકમાં સિલ્વર મેડલ જીતીને ત્રીજો પેરાલિમેપિક્સ મેડલ જીતીને બેદીની હરોળમાં ચોક્કસ આવી ગયા છે. ભારત માટે જન્માષ્ટમીના સપરમા દાડે ચોથો મેડલ પણ ભાલા ફેંકમાં આવ્યો. ઝાઝરિયાએ જ્વેલિન થ્રોમાં સિલ્વર મેડલ જીત્યો તો સુંદર સિંહે બ્રોન્ઝ મેડલ જીત્યો છે. ભારતના આ યશસ્વી દેખાવમાં ગુજરાતી યુવતી ભાવિના પટેલની વાત પણ કરવી પડે તેમ છે. ભાવિના પટેલે ટેબલ ટેનિસના મહિલા સિંગલ્સમાં વર્ગ-૪ કેટેગરીમાં ભારતને પ્રથમ મેડલ અપાવ્યો છે. ભાવિના ફાઈનલમાં વિશ્વની નંબર ૧ ચીનની ખેલાડી ઝોઉ યિંગ સામે હારી ગઈ પણ ભાવિનાએ સિલ્વર જીતીને ઈતિહાસ તો રચી જ દીધો.

કેમ કે, ટેબલ ટેનિસમાં મેડલ જીતનાર ભાવિના પહેલી ભારતીય ખેલાડી છે. મહેસાણા જિલ્લામાં આવેલા સુંઢિયા નામના નાનકડાં ગામમાં રહેતા એક સામાન્ય ખેડૂત પરિવારની દીકરી છે. ભાવિનાનાં પિતા ગામમાં સ્ટેશનરી અને કટલરીની નાનકડી દુકાન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ભાવિના એક વર્ષની હતી અને પોલિયોની અસર થતાં તેના બંને પગ કામ કરતા બંધ થઈ ગયા હતા. આમ છતાં મક્કમ મનોબળ ધરાવતી ભાવિના પટેલે સ્નાતક સુધી અભ્યાસ કર્યો છે અને પછી કમ્પ્યુટરનો અભ્યાસ કરવા માટે અમદાવાદના અંધજન મંડળમાં આવી. ત્યારે તેણે ટેબલ ટેનિસ રમવાની શરૂઆત કરી હતી. જે ઉમરે નવું કશું કરવાની ઈચ્છા જતી રહે એ વયે રમવાની શરૂઆત કરીને ભાવિનાએ ૩૪ વર્ષની વયે મેડલ જીતીને દેશનાં લાખો દિવ્યાંગોને પ્રેરણા આપી છે.

ભાવિનાએ ભારતના મેડલ વિજય અભિયાનની શરૂઆત કરાવી પછી હાઈ જમ્પ એટલે કે ઊંચા કૂદકામાં નિષાદ કુમારે સિલ્વર મેડલ જીત્યો હતો. જન્માષ્ટમીએ ભારતે પાંચ મેડલ જીતીને આંકડો સાત પર પહોંચાડી દીધો. જો કે અત્યાર સુધીમાં જ જે દેખાવ થયો છે તે ભારત માટે અત્યંત યશસ્વી છે એ જોતાં દરેક ભારતીયને ગર્વ થવો જોઈએ. વધારે ગર્વ એ વાતનો થવો જોઈએ કે જેમને આપણે ત્યાં ગણતરીમાં જ નથી લેવાતા એ માનસિક અને શારીરિક ક્ષતિગ્રસ્ત લોકોએ આ ગૌરવ અપાવ્યું છે. આ માનસિક અને શારીરિક ક્ષતિગ્રસ્ત લોકોની સિદ્ધિ એટલી મોટી છે કે, તેને જેટલી સલામ કરીએ એટલી ઓછી પડે.

**અવની લખેરાએ મહિલાઓની 10 મીટર એર રાઇફલ ફાઇનલમાં ગોલ્ડ મેડલ જીતીને સૌને દંગ કરી દીધા, તેના પહેલાં ભારતના માત્ર 3 પુરુષો જ ગોલ્ડ મેડલ જીતી શક્યા હતા**

# SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

iccrc crcic

# CANADA IMMIGRATION

## Specialized in :

**Job Offer & LMIA / Entrepreneur / Investor Business/ Self Employed / Farm Investor**

- LMIA/WORK PERMIT
- EXPRESS ENTRY
- CANADIAN EXPERIENCE CLASS
- SUPER VISA & VISITOR VISA
- STUDY & WORK PERMIT
- Work / Study /Visitor Permit Extension
- PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
- REFUGEES/APPEALS / DETENTION REVIEWS / CRIMINAL PARDONS
- POST GRADUATION WORK PERMIT
- CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS



## AMI MEHTA
IMMIGRATION PRACTIONER

BUSINESS IMMIGRATION TO CANADA REQUIRES 3 CR NET WORTH/ 1.5 CR INVESTMENT/ BUSINESS OWNERSHIP/ MANAGEMENT EXP

**REJECTION CASES SPECIALIST**

**ONLINE IELTS SPOKEN ENGLISH CLASSES ON ZOOM**

**SUPER VISA INSURANCE / TRAVEL INSURANCE / PR 90 DAYS INSURANCE**

**CANADA** 94- 499 MAIN STREET SOUTH, SHOPPERS WORLD MALL, BRAMPTON, ONT. PH : 416-745-2466, 905-230-7855

**VADODARA** 101-102 Siddharth Complex, Beside Express Hotel, Alkapuri, Vadodara 390007. Ph : 91-94289 73911, 91-95121 57817

**AHMEDABAD** 139 Iscon Emporio, Beside Star Bazaar Satellite Ahmedabad 380015. Ph : 91-94289 73911, 91-98256 79911

Email.: info@siis.ca Website.: www.siis.ca

# પર્વાધિરાજ પર્યુષણપર્વની પાવનકારી પધરામણી

આદિ-અનાદિકાળથી પર્વાધિરાજ પર્યુષણપર્વ શ્રાવણ વદ અગિયારસથી આઠ દિવસ માટે ઉજવાતું હોય છે. જે જૈનધર્મનું પાવનકારી શાશ્વત પર્વ છે.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ રમે વર્ષમાં એકવાર આવતો એવો પવિત્ર અવસર છે. જે અનેક પુણ્યશાળી આત્માઓનાં હૃદયમાં ધર્મની પ્રેરણા જગાડે છે. પર્યુષણપર્વમાં સાધકોનાં અંતરમાં શ્રદ્ધા અને ભક્તિભાવનો અભિભાર્વ થતો હોય છે.

પર્યુષણ એટલે આત્માનું કલ્યાણ કરવાનો મહાઅવસર ! પર્યુષણ આવે એટલે વ્યક્તિનાં અંતરમાં સ્ફૂરણા જાગવા લાગે અંદરથી જ સાધકને પ્રેરણા પ્રગટે, કે આ મળેલા મને અમૂલ્ય અવસરમાં હું મારાથી બનતી ધર્મસાધના, તપ, ત્યાગ, દાન આદિ સત્ કાર્યો કરીશ. પર્યુષણનો ઉપદેશ છે. 'હે માનવ ! તારું સમગ્ર જીવન અન્યોમાં ધ્યાન આપવામાં ગયું. તું તારી વસ્તુઓ, વ્યક્તિઓ, પરિવાર અને સમાજને ખુશ રાખવા, સાચવવા સતત મહેનત કરતો રહ્યો, પણ બધાનો ખ્યાલ રાખવાવાળો તું તારી જાતનો ખ્યાલ રાખી ન શક્યો. પર્યુષણની સાધનાનું હાર્દ છે, તું ભગવાનને સાંભળે, ગુરુને સાંભળે, સંત-સતીઓની વાતો સાંભળે, બધાની વાતોમાં આવી જાય, પરંતુ તું જો તારા અંતરાત્માનો અવાજ નહીં સાંભળે, ત્યાં સુધી તારામાં કોઈ પરિવર્તન આવતું નથી.

આપણે આજ સુધી ખૂબ કામો કર્યા પરંતુ આપણે પોતાને સાંભળવાનું, સંભાળવાનું સાચવવાનું કામ કર્યું નથી. સૌ બીજાને સાચવવામાં પોતાની જાતને સાચવવાનું ભૂલી ગયો છે.

માણસ અનંતકાળથી પોતાની જાતને ભૂલવાની અને ન સાંભળવાની ગંભીર ભૂલો કરતો આવ્યો છે. આ બધો સમય અજ્ઞાનતા અને અંધકારમાં વીતાવ્યા. પરંતુ આ ભવમાં આગલાભવનાં કોઈ પુણ્યોને કારણે કંઈક ગંભીરતા વિચારવાનો યોગ થયો છે તો ક્યાંક સમય આપનારા સદ્ગુરુનો સંયોગ પ્રાપ્ત થયો છે. ત્યારે ફરી-ફરીને એવી ભૂલ કરવા જેવી છે.

જીવનમાં પણ મૃત્યુની આગ લાગી ગઈ છે. જે દિવસે માણસનો જન્મ થયો, એજ ઘડીએ એક- એક દિવસ મૃત્યુ સમીપ જઈ રહ્યો છે. અને તેનો બધો સમય બીજા વિષે વિચારવાનો, સતત તેમની વાતો કરવામાં જાય છે.

# ગણપતિની જન્મની તિથિ ગણેશ ચતુર્થી

ગણપતિના જન્મની તિથિ 'ચતુર્થી' બધી તિથિઓની માતા છે. કારણ બધી તિથિઓ ચતુર્થીમાથી જ પ્રગટ થઇ છે. આ ચતુર્થી સાથે ગણેશજીનું પ્રાગટય જોડાયેલું છે બધા જ માંગલિક કાર્યોની શરૂઆતમાં ભગવાન ગણેશજીની પૂજા કરવામાં આવે છે. ઋગ્વેદમાં ઉલ્લેખ છે કે બધા કાર્યોનો આરંભ એમના માધ્યમથી થાય છે. તેઓ વૈદિક દેવતા છે. ભગવાન ગણેશના ઉચ્ચારણથી વેદપાઠ શરુ થાય છે. ગણેશ આદિ દેવ છે. વૈદિક ઋચાઓમાં તેમની હાજરી અવશ્ય હોય છે. ગણેશ પુરાણમાં બ્રહ્મા, વિષ્ણુ તથા શિવજી દ્વારા એમની પૂજા કરવાના ઉલ્લેખ પણ જોવા મળે છે.



ગણપતિ અથર્વશીર્ષ (વૈદિક સ્તુતિ) અનુસાર ગણપતિ દ્વારા જ સમગ્ર જગત ઉત્પન્ન થાય છે. જગત એનામા જ રહેલું છે અને અંતે તેમનામા જ લીન થઇ જાય છે. સર્વ જગદિદં તવત્તો જાય તે, સર્વ જગદિદંત્વત્તાસ્તિષ્ઠતિ । સર્વ જગદિદં ત્વયિ લયમેષ્યતિ । ગણેશ નિર્વિવાદ રૂપે ફક્ત પ્રથમ પૂજ્ય છે. તુલસીદાસજી 'રામચરિત માનસ'માં રામકથાની પહેલા શિવકથા કહે છે એ કથામાં તેઓ શ્રીગણેશની આદિદેવરૂપમાં સ્થાપના કરે છે. પંચદેવ પૂજામાં શક્તિ, સૂર્ય, વિષ્ણુ, શિવ અને ગણપતિ આવે છે. અહિ પ્રશ્ન એ થાય કે શિવપાર્વતી માતાપિતાના લગ્નમાં પુત્ર ગણેશ કઈ રીતે આવી શકે ? તુલસીદાસજી કહે છે, ''સંશય છોડીદો તાત્વીક રીતે ગણેશજી અનાદિ છે.''

કર્મકાંડમાં તો ગણપતિની પૂજા સૌથી પહેલા કરવામાં આવે છે. એ તો બધા જાણે છે. પણ અધ્યાત્મના માર્ગે આગળ વધવા માગતા સાધકો પણ આ આધારને સ્વીકારે છે. આ વર્ષે તા. 10-9-2021ના રોજ ગણેશ ચતુર્થી છે.

## શીર્ષક : પ્રતીક્ષા
### કવયિત્રી : હિના મોદી

પ્રતીક્ષાની નદીનાં કિનારે,
તારાં આગમનનાં એંધાણે;
હું યુગોથી ઊભી છું.
પેલાં કમોસમી વરસાદનાં ઝાપટાંથી -
ભીંજાઈ જાઉં છું ,
ત્યારે ...
ફિનિક્સની જેમ પાંખો ફફડાવી
ઊમંગી ઊઠું છું.
ને ,પછી ફરી...
ધખધખતો આકરો તડકો !
આ બધું...
હરહંમેશ શું આમ જ ચાલ્યા કરશે!?
તેથી જ...
હું નિરાશાનાં નગરમાં સૂતી રહું છું
કણસતી શ્વસી રહું છું
આમ છતાં ...
આશાનાં ઉંબરેથી -
અનિમેષ મૃગજળ જોયા કરું છું.
કદાચ... ક્યારેક...
ભીંતરમાં ડોકિયું કરતાં
નિશાનાં ઉજાગરે
દિલનાં કોઈક વળાંકે
બે કિનારાનાં મિલન શોધી શકું!

# શું રેન્સમવેર ગેંગ ડિક્રિપ્શન કી આપશે?

રાગનરોક જે એક રેન્સમવેર ગેંગ 2019 થી સક્રિય હતી. તેને ઘણા મોટા સર્વર પર રેન્સમવેર એટેક કર્યા છે. જેમાં મુખ્ય Citrix ADC સર્વર પર એટેક ખુબ પ્રખ્યાત છે. આ રેન્સમવેર ગેંગ હવે કાર્યરત નથી અને તેઓ એ પીડિત માટે ડિક્રિપ્શન કી પણ રીલીઝ કરી દીધી છે.

રાગનરોક રેન્સમવેર ગેંગ જેને ક્યારેક અસ્નારોક તરીકે ઓળખવામાં આવતી હતી. ગત અઠવાડિયે તેના ડાર્ક વેબ પોર્ટલ પર એનક્રિપ્ટ ફાઈલને કેવી રીતે ડીક્રિપ્ટ કરવી તે અંગે સૂચિબદ્ધ માહિતી આપી હતી. આ એક ડિક્રિપ્ટરના પ્રકાશન રૂપ હતું જેની માહિતી Emsisoft ના સાયબર એક્સપર્ટ એ આપી હતી. રાગનરોક રેન્સમવેરના પીડિત માટે આ સંપૂર્ણ ડિક્રિપ્શન કી છે. જેને તેઓ માસ્તર ડિક્રિપ્ટર પણ કહે છે. રાગનારોક આઈ.ટી. નેટવર્કને લક્ષ્ય બનાવવા માટે રાગનર લોકર રેન્સમવેરનો ઉપયોગ કરવા માટે જાણીતું છે. WannaCry રેન્સમવેર એટેકની જેમ EternalBlue એટેક કરવામાં આ ગેંગ પ્રખ્યાત છે. જેને Citrix ADC સર્વર પર એટેક કરીને 4.5 મિલિયન ડોલરથી પણ વધુની કમાણી કરી છે. એપ્રિલ 2020માં સાયબર ગુનેગારોએ પોર્ટુગીઝ એનર્જી જાયન્ટ ઈડીપી સાથે સંકળાયેલા 10 ટેરાબાઈટ ડેટા ચોર્યા હતા અને 10.9 મિલિયન ડોલર ચૂકવવામાં નહીં આવે તો તેને લીક કરવાની ધમકી આપી હતી. નવેમ્બર 2020માં જાપાનીઝ વિડીયો ગેમ્સની વિશાળ કંપની Capcom ને પણ નિશાન બનાવી હતી. આ ગેંગ એ કેપકોમની સિસ્ટમોમાંથી 390,000 ગ્રાહકો, બિઝનેસ પાર્ટનર્સ અને અન્ય બાહ્ય પક્ષોનો વ્યક્તિગત ડેટા ચોરી લીધો હોવાનું જાણવા મળ્યું હતું.

હવે એ જોવાનું છે કે આ રેન્સમવેર ગેંગનું બંધ થવું કાયમી છે કે DoppelPayment રેન્સમવેર ગેંગ એ પોતાનું રિબ્રાન્ડીંગ Grief રેન્સમવેર તરીકે કર્યું તેમ આ રાગનરોક રેન્સમવેર ગેંગ પણ પોતાનું રિબ્રાન્ડીંગ કરશે.

@beinghumanmj






# રાજ્યમાં પ્રજાની નારાજગીથી ભાજપમાં ફેલાયેલો ફફડાટ દૂર કરવા વ્યૂહ ઘડાશે

## રેલીને પ્રજાનો પાંખો પ્રતિભાવ મળતાં ભાજપ મોવડીઓમાં ચિંતા

**અમદાવાદ**

કેન્દ્રના પાંચ મંત્રીઓની વડપણ હેઠળ ગુજરાતમાં છ દિવસ માટે યોજાયેલી જનઆશીર્વાદ રેલીને પ્રજા તરફથી પાંખો પ્રતિભાવ મળ્યો હોવાથી ફફડી ઊઠેલા ભાજપે જનતાની નારાજગી દૂર કરવા માટેનો વ્યૂહ ઘડી કાઢવાને મુદ્દે કેવડિયામાં બીજી અને ત્રીજી સપ્ટેમ્બરે મળનારી પ્રદેશકારોબારીની બેઠકમાં વિગતવાર ચર્ચા વિચારણાં કરવામાં આવશે તેવી જાણકારી મળી રહી છે.

જનઆશીર્વાદ રેલીને પાંખો પ્રતિભાવ મળ્યો હોવાથી 2022માં યોજાનારી ચૂંટણીમાં 2017ની વિધાનસભાની ચૂંટણીમા માત્ર 99 બેઠકો મળવાની ઘટનાનું પુનરાવર્તન થઈ જવાનો ભય ભાજપને સતાવવા માંડયો છે. કારણ કે ભાજપ પણ પ્રજાની સમસ્યાઓ ઘટાડી શક્યો નથી. ભાજપ માત્ર તાયફાઓ કરે છે, પરંતુ સમસ્યા ઉકેલવાના તેના પ્રયાસો ઉપરછલ્લા જ હોય છે તેવી લાગણી લોકોમાં તીવ્ર બની છે.

લેન્ડ ગ્રેબિંગ કરનારાઓ સામે આકરાંમાં આકરાં પગલાં લેવા માટે અલગથી કાયદો કર્યો અને ભૂમાફિયા સામે સંકડો કેસ પણ કર્યા, પરંતુ લોકોને તમાં હજી ન્યાય મળતો નથી. તેથી ભાજપ ખરેખર તેમને તેમની જમીન અપાવશે કે કેમ તે અંગે પણ આશંકા પ્રવર્તતી હોવાનું જણાય છે. બીજું, પ્રજાજનો ભાજપથી સખત નારાજ છે ત્યારે બીજીતરફ વરસાદ અપૂરતો પડયો હોવાથી ભાજપની કઠણાઈ વધી છે.

# ACB ટ્રેપ થતાં GST ઈન્સ્પેક્ટરે કાર ભગાવી : ફરિયાદી સહિત બેને ઈજા

**અમદાવાદ**

એસીબીની ટ્રેપ થતાં જ જીએસટી ઈન્સ્પેક્ટરે પોતાની કાર ભગાવી મુકી હતી. 3000 રૂપિયાની લાંચ આપી રહેલાં ફરિયાદી અને સાથે રહેલાં એસીબીના કોન્સ્ટેબલ કાર અટકાવવા માટે દરવાજામાં લટકી ગયા હતા.

પરેશ નામના જીએસટી ઈન્સ્પેક્ટરે કાર ભગાવી તો એસીબીના ફરિયાદી 400 મીટર સુધી લટકી ગયા હતા. જ્યારે, કોન્સ્ટેબલ રસ્તામાં પટકાઈ પડયા હતા. લાંચ કેસના ફરિયાદી, કોન્સ્ટેબલને ઈજા થઈ હતી. લાંચ પછી કાર લઈને નાસેલા જીએસટી ઈન્સ્પેક્ટર સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરવામાં આવી છે. ચાંદખેડામાં વિસત રોડ ઉપર કુમકુમ હોટલ પાસે સાંજના સમયે સર્જાયેલા દ્રશ્યો લોકો જોતાં રહી ગયાં હતાં. ગોલ્ડન કલરની ડબલ્યુઆરવી કાર આવીને ઉભી રહી હતી. કારનો દરવાજો ખૂલતાં બે શખ્સો નજીક ગયાં હતાં. ખૂલ્લા દરવાજે વાતચિત ચાલતી હતી ત્યાં જ અચાનક જ કાર ભગાવવામાં આવી હતી. બન્ને શખ્સો કારના દરવાજે લટકી ગયા હતા. એક શખ્સ નીચે પટકાયો હતો. બીજો શખ્સ લટકતો રહ્યો અને કાર બેફામ ભગાવી હતી 400 મિટર સુધી કાર ભગાવાયા પછી બીજો શખ્સ પણ પટકાયો હતો અને કાર નાસી છૂટી હતી.

# અમદાવાદમાં મલેરિયા, ચિકનગુનિયા અને ડેન્ગ્યૂના કેસો વધ્યા

**અમદાવાદ**

અમદાવાદ : અમદાવાદ મ્યુનિ. ના હેલ્થ ખાતાની ઘોર બેદરકારીના કારણે ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને મેલેરિયાના રોગચાળાએ ભરડો લીધો છે. ડેન્ગ્યુના કેસોમાં અગાઉના વર્ષ કતાં બેગણાથી પણ વધુ અને ચિકનગુનિયાના કેસોમાં ત્રણ ગણાથી વધુ વધારો નોંધાયો છે. શહેરનો એક પણ વિસ્તાર એવો નથી જ્યાં મચ્છરો વિપુલ પ્રમાણમાં પેદા થયા ના હોય. મ્યુનિ. ચોપડે મેલેરિયાના 202, ફાલ્સીપેમના 21, ડેન્ગ્યુના 266, ચિકનગુનિયા 130 મળી 619 કેસો હાલ નોંધાયા છે.

# કરોડો રૂપિયાનું સરકારી અનાજ હજમ કરવાના રાજ્યવ્યાપી કૌભાંડનો પર્દાફાશ

**અમદાવાદ**

જાહેર વિતરણ વ્યવસ્થામાં ફરી એકવાર મોટાં અને રાજ્યવ્યાપી કૌભાંડનો ઘટસ્ફોટ થયો છે. મૂળ તો અમદાવાદ પોલીસની ડિટેકશન ઓફ ક્રાઈમબ્રાંચે થોડાં સમય પહેલાં આ કૌભાંડ બેનકાબ કર્યું હતું.

પરંતુ પછીથી 'ગેમ સ્કેન' અને 'સેવ ડેટા' નામક સોફટવેર, મોબાઈલ એપ્લીકેશન આધારિત આ કૌભાંડની પોલીસ તપાસની સમાંતરે પુરવઠા વિભાગે નોન લાઈવ ટ્રાન્ઝેકશન્સને પણ આવરી લઈને તપાસ આદરી છે. એકંદરે, રાજ્યના 29 શહેર-જિલ્લામાં પથરાયેલું આ કૌભાંડ અત્યાર સુધીમાં કરોડો રૂપિયાને આંબી ગયાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ પ્રકરણનાં તપાસનીશ અધિકારીઓએ જણાવ્યું કે મુખ્ય આરોપીઓ એવા દાંતાના ચાર શખ્સોએ ડિસેમ્બર-2019માં ઓનલાઈન સર્વર બેઝ્ડ એક સોફટવેર વિકસાવ્યું હતું. જેમાં રેશનકાર્ડ ધારકના નામ-સરનામું, રાશનકાર્ડ નંબર અને આધારકાર્ડ નંબરની ડેટા એન્ટ્રી કર્યા બાદ તેની ફીંગર પ્રિન્ટ નાખવાથી તેનાં નામનો અનાજનો જથ્થો જનરેટ થઈ શકે છે. વાયા વાયા રાશનના વેપારીઓનો સંપર્ક કરીને તેને આ કૌભાંડમાં સામેલ કરવા સોફટવેર વેચાતો પણ અપાતો હતો. વેપારી મહિનાના અંતે તેને ત્યાં અનાજ લેવા નહીં આવેલા લાભાર્થીઓના નંબર મોકલી આપે એટલે સૂત્રધારો તે-તે નામના બિલ જનરેટ કરી આપતા હતા

# ભારતના પ્રથમ પ્લેટિનમ રેટેડ સિટી તરીકે ગિફ્ટ સિટી ગાંધીનગરને માન્યતા મળી

**ગાંધીનગર**

ગાંધીનગર : ભારતના એકમાત્ર ઓપરેશનલ સ્માર્ટ સિટી અને ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર ગિફ્ટ સિટીને સીઆઈઆઈ ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ તરફથી ગિફ્ટ સિટીના પ્રથમ તબક્કાના વિકાસ માટે ગાંધીનગરને ગ્રીનર માસ્ટર પ્લાનિંગ અને ડિઝાઈન તથા અમલીકરણ માટે ગ્રીન સિટીઝ પ્લેટિનમ સર્ટિફિકેટ એનાયત કરાયું છે. ગિફ્ટ સિટી ભારતનું પ્રથમ ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટી છે કે જેણે આઈજીબીસી ગ્રીન સિટીઝ પ્લેટિનમ રેટિંગ મેળવ્યાં છે. ભારતીય અને વૈશ્વિક કંપનીઓ ગિફ્ટ સિટીને તેમના પર્યાવરણ અને ટકાઉપણાના લક્ષ્યાંકો સાથે આદર્શ ડેસ્ટિનેશન ગણે છે.

# ગુજરાતમાં કોરોનાથી 2.81 લાખ લોકોનાં મોત નિપજ્યાં : કોંગ્રેસનો ગંભીર આક્ષેપ

**અમદાવાદ**

અમદાવાદ : કોરોનાની બીજી લહેર વિદાય લીધી છે પણ કોરોનાના મૃત્યુઆંકને લઈને ગુજરાતમાં રાજનીતિ શરૂ થઈ છે. કોંગ્રેસે એવો દાવો કર્યો છેકે, રાજ્યની 68 નગરપાલિકામાં મૃત્યુના આંકડાઓનુ વિશ્લેષણ કરતાં માલુમ પડયુ છેકે, માર્ચ 2020થી એપ્રિલ 2021 સુધી 16,892થી વધુ મૃત્યુ થયા છે. ખરેખર તો ગુજરાતમાં કોરોનાથી 2.81 લાખ લોકોના મોત થયા છે. કોંગ્રેસે એવો આક્ષેપ કર્યો છેકે, રાજ્ય સરકાર કોરોનાનો મૃત્યુઆંક 10,075 દર્શાવે છે. હકીકતમાં આ આંકડો ખોટો છે. આરટીઆઈના માધ્યમથી આ માહિતી બહાર આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વય નિવૃત થતા અનિલ મુકિમે લીધી વિદાય, પંકજકુમારે મુખ્ય સચિવપદે પદભાર સંભાળ્યો




અમદાવાદ : વયનિવૃત થતા અનિલ મુકિમે મુખ્ય સચિવપદેથી વિદાય લીધી હતી જયારે પંકજકુમારે મુખ્ય સચિવપદે પદભાર સંભાળ્યો હતો. આખરી દિને સમારોહ યોજી મુકિમને વિદાય આપી નિવૃત જીવનની શુભેચ્છાઓ આપવામાં આવી હતી. રાજ્યના નવનિયુક્ત પંકજ કુમારે મુખ્ય સચિવ તરીકે પદભાર સંભાળ્યો હતો. 1986ની બેચના આઇએએસ અધિકારી પંકજકુમારે મુખ્ય સચિવ તરીકે જવાબદારી અપાઇ છે તેન ખુબ જ નિષ્ઠાથી નિભાવશે અને તેમના વહીવટી અનુભવ થકી ગુજરાત વધુને વધુ પ્રગતિ સાધે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છેકે, મૂળ બિહારના વતની પંકજકુમારે સિવિલ એન્જિનિયરીંગ ક્ષેત્રે બી.ટેકનો અભ્યાસ કર્યો છે. રાજયના વિવિધ જિલ્લામાં કલેક્ટર તરીકે સેવાઓ આપી છે.

### અમદાવાદ- મુંબઈ વચ્ચેનો બુલેટ ટ્રેન પ્રોજેક્ટ બે તબક્કામાં પૂરો કરવા માટે ભલામણ કરાઈ

અમદાવાદ : અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ માટે ગુજરાતમાં અંદાજે 97 ટકા જમીન હસ્તગત કરી લેવાઈ છે, પરંતુ મહારાષ્ટ્રમાં હજી 26 ટકાની આસપાસ જ જમીન હસ્તગત થઈ હોવાથી વધુ વિલંબ ન થાય તે માટે બુલેટ ટ્રેનનો પ્રોજેક્ટ બે તબક્કામાં પૂરો કરવાની સંસદના 30 સભ્યોનો સમાવેશ કરતી ઓલ પાર્ટી પાર્લામેન્ટરી સ્ટેન્ડિંગ કમિટીએ ભલામણ કરી છે. રેલવેના રાધા મોહન સિંહે પણ આ વાતને સમર્થન આપ્યું છે. 21મી ઓગસ્ટથી 6મી ઓગસ્ટ દરમિયાન બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ માટે થયેલી સ્ટડી ટુર દરમિયાન પ્રોજેક્ટમાં થઈ રહેલા વિલંબને ધ્યાનમાં લઈને આ રજૂઆત કરવામાં આવી છે. પહેલા તબક્કામાં સાબરમતીથી દાદરાનગર હવેલી સુધીનું કામ પતાવવા અને ત્યારબાદ દાદરાનગર હવેલીથી મુંબઈ માં બાંદ્રાકુર્લા કોમ્પ્લેક્સ સુધીનું કામ પૂરું કરવાની ભલામણ કરાઈ છે.

### લેન્ડ ગ્રેબિંગ એક્ટ સાર્થક છે કે નહીં તે મુદ્દે રૂપાણી સરકાર પાસે કોઇ જ જવાબ નથી

અમદાવાદ : રાજ્ય સરકારે લેન્ડ ગ્રેબિંગ એક્ટ દ્વારા કાયદામાં કરેલા સુધારા સાર્થક થઇ રહ્યા છે કે પછી તેનો દુરૂપયોગ થઇ રહ્યો છે તેવાં હાઇકોર્ટના સ્પષ્ટ સવાલનો રાજ્ય સરકાર પાસે કોઇ જવાબ ન હોવાનું અવલોકન ગુજરાત હાઇકોર્ટ દ્વારા કરવામાં આવ્યું છે. બોટાદમાં મકાન ખાલી ન કરાનારા ભાડૂઆત સામે લેન્ડ ગ્રેબિંગ હેઠળ ફરિયાદ નોંધાવવાના તેમજ તેને 'પ્રોપર્ટી ગ્રેબર' ઠેરવી પાસા હેઠળ કાર્યવાહી કરવાના કેસમાં હાઇકોર્ટે રાજ્ય સરકારને ગત સુનાવણીમાં પ્રશ્ન કર્યો હતો કે સરકારે લેન્ડ ગ્રેબિંગ એક્ટ દ્વારા કાયદામાં જે સુધારા કર્યા છે તે સાર્થક છે કે પછી તેનો દુરૂપયોગ થઇ રહ્યો છે. જો કે આ મુદ્દે રાજ્ય સરકાર તરફથી યોગ્ય અને સંતોષકારક જવાબ ન મળતા જસ્ટિસ પરેશ ઉપાધ્યાયે આ અવલોકન નોંધ્યું છે.

### સાબરમતી રિવરફ્રન્ટનું ગૌરવ તો લેવાય છે, પરંતુ નદીમાં પ્રદૂષણ થાય છે તેનું શું : હાઇકોર્ટ

અમદાવાદ : ગુજરાત હાઇકોર્ટની ખંડપીઠે આજે ટકોર કરી હતી કે એક તરણ આપણે સાબરમતી નદીના તટ પર બનેલા શ્રેષ્ઠ રિવરફ્રન્ટ પ્રોજેક્ટનું ગૌરવ લઇએ છીએ અને બીજી તરફ તે જ સાબરમતી નદીમાં કેમિકલયુક્ત પાણી અને અન્ય ગંદકી છોડીને તેને પ્રદૂષિત પણ કરીએ છીએ. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ વૈભવી ડી. નાણાવટીની ખંડપીઠે આજે એવી ટકોર પણ કરી હતી કે ઉદ્યોગોને માત્ર તેમના દૂષિક કેમિકલ અને કચરાનો નિકાલ થાય તેટલી જ દાનત છે. સુપ્રીમ કોર્ટના આદેશો ટાંકી હવે આ સમસ્યાનું સમાધાન નહીં આવે, દરેક જવાબદારના કાન આમળવાની શરૂઆત હવે આ કોર્ટ દ્વારા કરવામાં આવશે. કોર્ટે વધુ સુનાવણી 14મી સપ્ટેમ્બરના રોજ નિયત કરી છે. સાબરમતી નદીમાં પ્રદૂષણ સામે ગુજરાત હાઇકોર્ટે હાથ ધરેલી સુઓમોટો કાર્યવાહીમાં એમિકસ ક્યુરી ની રજૂઆત સાંભળી ખંડપીઠે નોંધ્યું છે કે તમામ રજૂઆતોના અંતે અમારી સામે જે ચિત્ર આવ્યું છે તે વિચલિત કરનારું છે.

### જામજોધપુરમાં ભારે વરસાદમાં તલાટી મંત્રી કાર સાથે પાણીમાં તણાતાં, રેસ્ક્યૂ કરાયા

**જામનગર :** જામજોધપુર પંથકમાં ભારે વરસાદને પગલે કોઝવેમાં આવેલા પૂરમાં તલાટી કાર સાથે તણાયા હતા. જોકે, સ્થાનિકો અને ફાયરબ્રિગેડ દ્વારા તાત્કાલિક રેસ્કયૂ કરી તલાટી કમ મંત્રીને આબાદ બચાવી લીધા હતા. જામનગર જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં પડેલા વરસાદની વિગતો મુજબ જોડિયા પંથકમાં ૧૦૨ મિ.મી. એટલે કે ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. લાલપુર તાલુકામાં ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. કાલાવડ તાલુકામાં પણ પોણા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. ધ્રોલ પંથકમાં પણ બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જામનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પણ ૫૩ મિ.મી. એટલે કે ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જામજોધપુર પંથકમાં પણ બે ઈંચ જેટલો વરસાદ છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયો છે.

# રાજસ્થાનમાં ટ્રક તેમજ જીપ ટકરાતાં ૧ર યાત્રાળુનાં મોત : છને ગંભીર ઈજા

**નાગૌર**

રાજસ્થાનના નાગૌરમાં તૂફાન જીપ અને ટ્રકટ્રેલર વચ્ચેના ગમખ્વાર અકસ્માતમાં ૧ર પ્રવાસીઓનાં મોત થયાં હતાં અને છ લોકો ગંભીર રીતે ઘવાયા છે. માર્ગ દુર્ઘટનામાં માર્યા ગયેલાં તમામ લોકો મધ્યપ્રદેશના ઉજ્જૈન જિલ્લાના એક જ ગામના વતની હતા. અકસ્માતમાં સામાન્ય ઈજા સાથે બચી ગયેલાં એક યાત્રાળુએ જણાવ્યા અનુસાર રાજસ્થાનના રામદેવરા સહિત વિવિધ સ્થાનો ઉપર દર્શન કરીને પુષ્કર તરફ જઈ રહ્યા હતાં ત્યારે જ મધ્યપ્રદેશના યાત્રાળુ અકસ્માતનો ભોગ બન્યા છે. જીપમાં ૧૮ લોકો સવાર હતાં. બન્ને વાહનો પૂરઝડપે જઈ રહ્યા હતાં અને તૂફાન જીપમાં જરૂર કરતાં વધારે લોકો સવાર હતાં. અહેવાલો અનુસાર ઘટનાસ્થળે જ આઠ લોકોનાં મોત થયાં હતાં અને અન્ય ચાર લોકોએ રસ્તામાં દમ તોડી દીધો હતો. ઘાયલો હાલમાં બિકાનેરની પીબીએમ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઘટનાની જાણ



થતાં જ દુઃખની લાગણી વ્યક્ત કરી મૃતકોના પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦-૫૦ હજારની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી હતી. મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે પણ મૃતકોના પરિવારજનોને રાજ્ય સરકાર તરફથી ૨-૨ લાખની આર્થિક સહાય અને ઘાયલોની સારવારનો ખર્ચ ઉઠાવવાની જાહેરાત કરી છે.

# બેંગ્લોરમાં કાર અકસ્માતમાં MLA સહિત 7 લોકોના મોત

**કર્ણાટક**

કર્ણાટકના બેંગ્લોર શહેરમાં થયેલા એક ગમખ્વાર અકસ્માતમાં તામિલનાડુના ધારાસભ્ય વાઈ પ્રકાશના પુત્ર અને પુત્રવધુ સહિત સાત લોકોના મોત થયા છે. બેંગ્લોર નજીક કોરમંગલા પાસે એક ઓડી થાંભલા સાથે ટકરાઈ હતી. ઓડી કારની ઝડપ એટલી હતી કે, થાંભલા સાથે અથડાયા બાદ તેના ચીંથરા ઉડી ગયા હતા. જેમાં ધારાસભ્યના પુત્ર કરૂણા સાગર તેમજ પુત્રવધુ બિંદુના મોત થયા હતા.

સોમવારે મધરાતે બે વાગ્યે આ અકસ્માત સર્જાયો હતો. ઓડીમાં કુલ સાત લોકો મુસાફરી કરી રહ્યા હતા. જેમાં ચાર પુરુષ અને ત્રણ



મહિલાઓનો સમાવેશ થતો હતો. અકસ્માત એટલો ભયાવહ હતો કે 6 લોકોના સ્થળ પર જ મોત થયા હતા અને અન્ય એક વ્યક્તિએ હોસ્પિટલ ખસેડાતી વખતે રસ્તામાં જીવ ગુમાવ્યો હતો. હાલમાં મોતને ભેટેલા જેટલા લોકોની ઓળખ થઈ છે તેમના પરિવારજનોને સૂચના અપાઈ છે.

# યૂપી ઇલેક્શન પહેલા થશે હિંદુ લીડરની હત્યા : રાકેશ ટિકૈત

**હરિયાણા**

કેન્દ્ર સરકારના ત્રણ કૃષિ કાયદાઓ વિરૂદ્ધ ગત ઘણા મહિનાઓથી પ્રદર્શન કરી રહેલા ખેડૂત નેતા રાકેશ ટિકૈતએ બીજેપી અને કેન્દ્ર સરકાર પર નિશાનો સાધ્યો છે. સિરસામાં ટિકૈતે કહ્યું કે, બીજેપીથી ખતરનાક કોઈ પાર્ટી નથી. આ સાથે જ તેમણે વિવાદાસ્પદ નિવેદન આપતા કહ્યું કે, યૂપીમાં ચૂંટણી પહેલા કોઈ મોટા હિંદુ લીડરની હત્યા થઈ શકે છે. હરિયાણાના સિરસામાં ખેડૂત સંમ્મેલનમાં ભાગ લેવા પહોંચેલા ભારતીય ખેડૂત યૂનિયનના નેતા રાકેશ ટિકૈતે બીજેપી સરકાર પર મોટો આરોપ લગાવ્યો છે. ટિકૈતે કહ્યું કે યૂપી ઈલેક્શન પહેલા કોઇ મોટા હિંદુ લીડરની હત્યા થશે. તેમણે કહ્યું કે, તેમનાથી બચીને રહેજો અને તેઓ કોઇ મોટા હિંદુ લીડરની હત્યા કરાવીને દેશમાં હિંદુ-મુસલમાન કરીને ચૂંટણી જીતવા માંગે છે.

ખેડૂત નેતા ટિકૈતે કહ્યું કે, બીજેપીથી ખતરનાક કોઇ બીજી પાર્ટી નથી. જે લોકોએ બીજેપીને બનાવી હતી, આજે તે નેતાઓને પણ ઘરમાં કેદ કરી લેવામાં આવ્યા છે. ટિકૈતે કહ્યું કે, આ દેશ પર 'સરકારી તાલિબાનીઓ'નો કબજો થઇ ગયો છે.

# પંજાબમાં કપૂરથલાથી રૂ. 100 કરોડનું હેરોઈન ઝડપી પડાયું, બેની ધરપકડ

## જેલમાં બંધ ગેંગસ્ટરો મોટી ડ્રગ સિન્ડિકેટ ચલાવી રહ્યા હોય તેવી શંકા વ્યક્ત કરાઈ

**ચંદીગઢ**

પંજાબના કપુરથલા જિલ્લામાં બે વ્યક્તિ પાસેથી આંતરરાષ્ટ્રીય બજારમાં ૧૦૦ કરોડની કિંમતનું વીસ કિલોગ્રામ હેરોઈન પકડવામાં આવ્યું હોવાનું પંજાબ પોલીસે જણાવ્યું હતું.

પકડાયેલા બંનેને જણા સપ્લાયર અને ડીલર છે અને તેમને ઓળખી કાઢવામાં આવ્યા છે. તેમા બલવિન્દર સિંઘ હોશિયારપુરના સારંગવાલ ગામનો છે અને પીટર મસીહ જલંધરના



બસ્તી દાનિશમંડા વિસ્તારનો છે. પીટર સામે બે ફોજદારી કેસ નોંધાઈ ચૂક્યા છે. રાજ્યના ડીજીપી દિનકર ગુપ્તાએ સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે પોલીસ ટીમે કપૂરથલા ખાતે ચકાસણી દરમિયાન ટ્રક અને કારને આંતરી હતી. આ વાહનોની તપાસ કરવામાં આવતા તેમની પાસેથી 20 કિલોગ્રામ હેરોઈન પકડાયુ હતુ.

આ વાહનોના ડ્રાઇવરાએ ભાગી જવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તે તરત જ પકડાઈ ગયા હતા. પોલીસે તેમની પાસેથી એક-એક કિલોગ્રામના એવા વીસ હેરોઈનના પેકેટ જપ્ત કર્યા હતા, એમ ડીજીપીએ જણાવ્યું હતું.

# પ્રકાશ હિંદુજાને ૧૦૦૦ કરોડનો ટેક્સ ભરવા તેમજ સંપત્તિ સીઝ કરવા આદેશ

**નવી દિલ્હી**

હિંદુજા સમૂહના પ્રકાશ હિંદુજાને કથિત ટેક્સ ચોરીના એક કેસમાં સ્વિત્ઝરલેન્ડની ફેડરલ કોર્ટમાંથી રાહત નથી મળી. ફેડરલ કોર્ટે જણાવ્યું કે, પ્રકાશ હિંદુજાએ ૧૩.૭ કરોડ ડોલર (આશરે ૧,૦૦૦ કરોડ રૂપિયા)નો ટેક્સ ભરવો પડશે. કોર્ટે તેમની સંપત્તિ ફ્રીઝ કરવાના આદેશને પણ માન્ય જાહેર કર્યો છે.

૭૬ વર્ષીય પ્રકાશ હિંદુજા યુરોપમાં હિંદુજા જૂથના ચેરમેન છે. ગોપીચંદ હિંદુજા, પ્રકાશ હિંદુજા, અશોક હિંદુજા અને એસપી હિંદુજા આ ૪ ભાઈઓ હિંદુજા ગ્રુપના કર્તાહર્તા છે. સ્વિત્ઝરલેન્ડની સર્વોચ્ચ અદાલત (ફેડરલ ટ્રિબ્યુનલ)એ બુધવારે સ્વિસ ટેક્સ ઓથોરિટીના આદેશને સાચો ઠેરવીને પ્રકાશ હિંદુજા પર ૧૩.૭ કરોડ ડોલરનો પાછલા વર્ષનો બાકી ટેક્સ દેણું છે તેમ કહ્યું હતું. આ દેણદારી ૨૦૦૮થી ૨૦૧૭ના વર્ષ દરમિયાનની છે. પ્રકાશ હિંદુજા પર એવો આરોપ છે કે, તેમણે ટેક્સ બચાવવા માટે પોતાને મોનેકોના નાગરિક ગણાવ્યા હતા અને સંપત્તિની વેલ્યુ પણ ઘટાડીને બતાવી હતી. આ કથિત હેરાફેરી ત્યારે સામે આવી જ્યારે ૩ વર્ષ પહેલા જિનિવાના પ્રોસિક્યુટર્સે માનવ તસ્કરીના એક કથિત કેસમાં તેમના પરિવાર અંગે તપાસ શરૂ કરી. તે કેસ જીનિવા વિલા સાથે સંકળાયેલો હતો જ્યાં પ્રકાશ હિંદુજાનો પરિવાર રહેતો હતો.

તપાસ બાદ પ્રોસિક્યુટર્સે ટેક્સ અધિકારીઓને જણાવ્યું કે, પ્રકાશ હિંદુજા એવો દાવો કરે છે કે, તેઓ ૨૦૦૭ના વર્ષથી જ મોનાકોમાં રહે છે પરંતુ તેઓ હજુ પણ સ્વિત્ઝરલેન્ડમાં વસી રહ્યા છે. તેમણે પોતાની સંપત્તિ ઓછી બતાવી છે અને મોનાકોમાં રહેવાનો દાવો કર્યો જેથી સ્વિત્ઝરલેન્ડમાં તેમને ઓછો ટેક્સ લાગે.

# યુપીમાં મહિલાના પ્રેમમાં પાગલ યુવકે પત્ની-બાળકોની હત્યા કરી

**નોઇડા**

યુપી મહિલા પોલીસના પ્રેમમાં પડેલા શખ્સે તેની પત્ની તથા બે નાના-નાના બાળકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. હત્યા બાદ આરોપીએ પત્ની તથા બાળકોના મૃતદેહને બેસમેન્ટની અંદર દાટી દીધા હતા. આરોપીએ આખી ઘટનાને છૂપાવવા માટે મૃતદેહોને દાટયા પછી તેના પર મજૂરને બોલાવીને દિવાલ બનાવી દીધી અને મકાન ભાડે આપી દીધું હતું. આ પછી યુવક પોતાના માતા-પિતા સાથે રહેવા લાગ્યો હતો. રાકેશના લગ્ન વર્ષ ૨૦૧૨માં એટાની રહેવાસી રત્નેશ સાથે થયા હતા. રાકેશે પરિવારના દબાણમાં આવીને લગ્ન કર્યા હતા. આરોપ છે કે રાકેશનો પ્રેમ પ્રસંગ ગામમાં જ રહેતી યુવતી સાથે ચાલતો હતો. યુવતીની ભરતી ૨૦૧૫માં પોલીસમાં થઈ હતી. તે રાકેશ પર લગ્ન માટે દબાણ કરી રહી હતી, આ પછી પત્ની અને પ્રેમિકાની વચ્ચે અટવાયેલા રાકેશે તકલીફોનું સમાધાન લાવવા માટે પોતાની પત્ની અને બાળકોને મોતને ઘાટ ઉતારીને તેમના મૃતદેહને ઘરમાં જ દાટી દીધા હતા. રાકેશની દીકરીની અવનીની ઉંર બે વર્ષ અને દીકરા અર્પિતની ઉંમર ત્રણ વર્ષ હતી.

# કાશ્મીરના અલગતાવાદી નેતા અલી શાહ ગિલાનીનું 92 વર્ષની વયે નિધન

**શ્રીનગર**

કાશ્મીરના અલગતાવાદી નેતા સૈયદ અલી શાહ ગિલાનીનું શ્રીનગરમાં બુધવારે રાત્રે નિધન થઈ ગયું. તેઓ ૯૨ વર્ષના હતા. શ્રીનગરના હેદરપોરા સ્થિત ઘરે તેમનું નિધન થઈ ગયું. તેમના નિધન પર ઘણા નેતાઓએ શોક વ્યક્ત કર્યો છે. સૈયદ અલી શાહ ગિલાનીના નિધનને પગલે કાશ્મીર ઘાટીમાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવાઈ છે. આઈજીપી કાશ્મીર વિજય કુમારે જણાવ્યું કે, કાશ્મીરમાં ઈન્ટરનેટ સેવા ખોટવાઈ ગઈ છે. જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહબૂબા મુફ્તીએ ટ્વીટ કરી શોક વ્યક્ત કરતા લખ્યું કે, ગિલાની સાહબના નિધનના સમાચારથી દુખી છું.

# ભારતમાં ટેસ્લાની એન્ટ્રી નિશ્ચિત 4 મોડલના ઉત્પાદનને લીલીઝંડી

**નવી દિલ્હી**

ઈલેક્ટ્રિક કાર બનાવનારી વિશ્વની અગ્રણી કંપની ટેસ્લા ભારતમાં ધમાકેદાર એન્ટ્રીની નજીક પહોંચી ગઈ છે. તેને ભારતમાં પોતાના ચાર મોડલનું ઉત્પાદન કરવા અથવા તેની આયાત કરવાની ભારત સરકાર પાસેથી મંજૂરી મળી ગઈ છે. માર્ગ અને પરિવહન મંત્રાલયની વેબસાઈટ અનુસાર ટેસ્લાને એ બાબતે સર્ટિફાઈડ કરવામાં આવી છે કે તેની કાર્સ ભારતીય માર્ગો માટે અનુકૂળ છે. તેમાં જણાવાયું છે કે ટેસ્ટિંગ અનુસાર કંપનીની કાર્સ ઉત્સર્જન અને સેફ્ટીના




સંદર્ભમાં ભારતીય માર્કેટને અનુકૂળ હોવાનું જણાયું છે. નોંધનીય છે કે એક ટેસ્લા ફેન ક્લબે ટ્વિટ કરતાં જણાવ્યું હતું કે કંપની ભારતમાં મોડલ ૩ અને મોડલ વાય વેરિઅન્ટ લોંચ કરી શકે છે.

# સગીર બહેને ષડયંત્ર કરી બળાત્કારના આરોપમાં સગા ભાઈને ફસાવ્યો

**મુંબઈ**

મુંબઈમાં એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. જ્યાં એક વ્યક્તિને પોતાની સગીર બહેન પર બળાત્કાર ગુજારવાના આરોપસર બે વર્ષ સુધી કારાવાસમાં રાખ્યા બાદ છોડી મૂકવામાં આવ્યો છે. પોક્સો કોર્ટમાં બહેને સ્વીકાર્યું છે કે, તેણે પોતાના ભાઈ પર ખોટો આરોપ લગાવ્યો હતો. જેના પછી કોર્ટે તેના ભાઈને છોડી મૂકવાનો આદેશ કર્યો. મીડિયા રિપોર્ટ અનુસાર, 2 વર્ષ પહેલા આ વ્યક્તિને પોતાની સગીર બહેનની પર વારંવાર બળાત્કાર કરવાના આરોપસર જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો. પરંતુ છોકરીએ ખુલાસો કર્યો છે કે, તેણે પોતાના બોયફ્રેંડના કહેવાથી પોતાના ભાઈ પર બળાત્કારનો આરોપ લગાવ્યો હતો.

# જવાહરલાલ નેહરુની જાહેરસભા સામે ઇંદુચાચાની સમાંતર સભા

એ વખતે વડા પ્રધાન તરીકે પંડિત જવાહરલાલ નેહરુ હતા. તા. ૨-૧૦-૧૯૫૬ના રોજ કૉંગ્રેસીઓએ અમદાવાદમાં પંડિત નેહરુની જાહેરસભાનું આયોજન કર્યું. તેની સામે મહાગુજરાતની માગણી કરી રહેલ જનતા પરિષદે અમદાવાદમાં સમાંતર જાહેરસભા યોજવાની જાહેરાત કરતાં વાતાવરણ તંગ થઈ ગયું.

### નેહરુની લોકપ્રિયતા

પંડિત નેહરુની સામે જાહેર સમાંતર સભા કરવી તે નાનીસૂની વાત નહોતી. એ દિવસોમાં પણ નેહરુની લોકપ્રિયતા જબરદસ્ત હતી. આ ખ્યાલ સાથે જ જનતા પરિષદે જનતા પરિષદની સમાંતર સભાને સફળ બનાવવા જબરદસ્ત મહેનત ઉઠાવી. સમાંતર સભામાં હાજરી આપવા માત્ર અખબારી અપીલો આવી. લગભગ રોજ રોજ પ્રચાર માટેની આઠથી દસ જાહેરસભાઓ જુદા જુદા વિસ્તારોમાં યોજવાનું શરૂ કરી દીધું. આ સભાઓમાં ઈંદુલાલ યાજ્ઞિક, બ્રહ્મકુમાર ભટ્ટ, હરિહર ખંભોળજા, જયંતી દલાલ, કરસનદાસ પરમાર, પ્રબોધ રાવળ, અહેમદમિયાં શેખ, હરિપ્રસાદ વ્યાસ, હબીબુરી રહેમાન, રંજનબહેન દલાલ, વીરબાળા નાગરવાડિયા, વિનોદિની નીલકંઠ, બડામિયાં પીરઝાદા, બુલાખી નવલખા વગેરે પ્રવચનો કરતાં હતાં. આ માટે એક સભા પછી વક્તાઓ એકથી બીજી સભામાં મોડી રાત સુધી રિક્ષામાં ઝડપભેર ફરી વળતા હતા અને સભાઓ મધરાત પછી પણ ચાલતી હતી. સભાઓમાં હજારોની સંખ્યામાં ભાઈઓ-બહેનો હાજર રહેતાં હતાં. મહાગુજરાતની લડતને વેગ આપવામાં કૉંગ્રેસી આગેવાનોનાં ઉશ્કેરણીજનક પ્રવચનોનો પણ મોટો ફાળો છે. ઠાકોરભાઈ દેસાઈનાં પ્રવચનો તો ખાસ ઉશ્કેરણીજનક હતાં અને તેથી આ સભાઓમાં મહાગુજરાતને જ લક્ષ્યાંક બનાવીને તીખાં તમતમતાં પ્રવચનો કરતાં અને તે રીતે લોકોનો ઉત્સાહ વધારતા હતા.

### મહાગુજરાત ના મળે

૨૩-૯-૫૬ના રોજ કૉંગ્રેસ હાઉસના મેદાનમાં સભા થયેલી. કૉંગ્રેસની સભાઓ કૉંગ્રેસ હાઉસ મેદાન સિવાય ક્યાંય મળી શકે તેવું વાતાવરણ જ ન હતું. તેથી કૉંગ્રેસી આગેવાનો તેમના મેદાનમાં જ સભા કરીને પ્રવચનો કરતા હતા અને છાપાંઓમાં મોટા અક્ષરે છપાવતાં. ૨૩મીની કૉંગ્રેસ હાઉસની સભામાં ઠાકોરભાઈ દેસાઈએ જણાવેલું કે, 'આ મહાગુજરાતવાળાને મહાગુજરાત નથી જોઈતું. તેમને તો કૉંગ્રેસને ખતમ કરવી છે. તેઓ ગોળીબારની વાતો જ કરે છે અને શહીદોની




સભાઓમાં ઇંદુલાલ યાજ્ઞિક, બ્રહ્મકુમાર ભટ્ટ, હરિહર ખંભોળજા, જયંતી દલાલ, કરસનદાસ પરમાર, પ્રબોધ રાવળ, અહેમદમિયાં શેખ, હરિપ્રસાદ વ્યાસ, હબીબુરી રહેમાન, રંજનબહેન દલાલ, વીરબાળા નાગરવાડિયા, વિનોદિની નીલકંઠ, બડામિયાં પીરઝાદા, બુલાખી નવલખા વગેરે પ્રવચનો કરતાં હતાં.

વાત કરે છે. ગોળી ઉપર કોઈનાં નામ-સરનામાં લખેલાં હોતાં નથી. આનાથી તેમનાં દિલ ઘવાયેલાં છે તેમ કહે છે, પરંતુ કારણ કોઈ જુદું જ છે. ગોળીબાર ન થાય તો અંધાધૂંધી વ્યાપી જાય. તોફાની તત્ત્વો જોડે કાંઈ ગરબા ગવાતા નથી, તાળીઓ પાડવાથી કંઈ મહાગુજરાત ન મળે.' મહાગુજરાત તરફી વાતાવરણ જામતું જતું હતું અને રોજરોજ વ્યવસ્થિત થતું હતું, તેથી ગુજરાતના ક્ષત્રિય આગેવાનો પણ એકઠા થયા. આ ક્ષત્રિય આગેવાનોની એક બેઠકમાં નટવરસિંહ સોલંકી, ઉદેસિંહ વડોદરિયા, છીન્નાસિંહ અટારિયા, શંકરસિંહ રાઓલ, હરિસિંહ ચાવડા વગેરેએ પ્રવચનો કરી મહાગુજરાતની લડતને ટેકો જાહેર કર્યો. આથી ગુજરાતના ક્ષત્રિય સમાજમાં તેની સારી એવી અસર થઈ અને ક્ષત્રિયોની નેતાગીરીમાં અસરકારક ભાગલા પડયા. ક્ષત્રિયોનો એક તરફી જે ટેકો કૉંગ્રેસને હતો તેના બદલે મહાગુજરાતના આંદોલનને પણ ક્ષત્રિયોનો ટેકો બહુ જ આવકારદાયક, ફળદાયી રહ્યો.

### નેહરુની લાગણી

બીજી ઑક્ટોબરની સમાંતર સભાની છેવટની તૈયારીઓ માટેની બેઠક રતિલાલ ખુશાલદાસ પટેલના, ગાંધીધામ રેલવે સ્ટેશનની સામેના ખાંચામાં આવેલા બંગલામાં મળી અને ત્યાં સમાંતર સભાના કાર્યક્રમ અંગેની વિગતો જાહેર કરી. ત્યારે એ જ અરસામાં તા. ૧-૧૦-૫૬ના રોજ પંડિત નેહરુ રાજકોટ આવી પહોંચ્યા. તેમણે રાજકોટની જાહેરસભામાં એમ જણાવ્યું કે ભાષાવાદીઓ પ્રચારથી કૉંગ્રેસને તોડવા માગે છે. જિમખાના મેદાન ઉપરની વિશાળ મેદનીને ૩૦ મિનિટ સુધી સંબોધીને પંડિતજીએ કહ્યું કે, 'એક વ્યવસ્થા અને બીજી વ્યવસ્થા વચ્ચે દીવાલ ઊભી થવાનો તેમાં ભય રહેલો છે. ગોળીબારનો ઉલ્લેખ કરતાં પંડિતજીએ કહ્યું કે, ખુવારી થઈ તેથી મને દુઃખ થાય છે. તે દુઃખ અમદાવાદ કે ગુજરાતનું નથી પરંતુ આખા દેશનું છે. દ્વિભાષીના નિર્ણયથી ગુજરાતની પ્રજાને અણધાર્યો આઘાત પહોંચ્યો છે, પરંતુ આ નિર્ણય પાર્લમેન્ટે લીધો છે.'

### સમાંતર સભા

દરમિયાન બીજી ઑક્ટોબરે યોજાનારી સમાંતર સભા માટે બહારથી આવનારા લોકોને અમદાવાદમાં રહેવા-જમવા માટે શહેરની પોળે પોળે સેંકડો માણસોએ સ્વેચ્છાએ વ્યવસ્થા કરી અને રસોડાં ઊભાં કર્યાં હતાં. સમાંતર સભામાં હાજર રહેવા નજીકના જિલ્લાના લોકોને ખાસ અપીલ કરવામાં આવી હતી. **(ક્રમશઃ આવતા અંકે)**

**(માહિતી સૌજન્ય : ડો. વિજ્યા યાદવ)**

દેવેન્દ્ર પટેલ સંપર્ક :+91 98792 07102

# ઇસ્લામ ધર્મનો ચોથો મુળભુત સ્તંભ (સિધ્ધાંત) ઝકાત (ફરજીયાત દાન-પુણ્ય)

ભાગ-૨

"ભલાઈ (નેકી)એ નથી કે તમે તમારા મુખ પૂર્વ તરફ અથવા પશ્ચિમ તરફ કરી લીધા. પરંતુ ભલાઈ(નેકી) એ છે કે કોઈ મનુષ્ય અલ્લાહને અને અંતિમ દિવસ (કયામત)ને અને ફરીશતાઓને અને અલ્લાહના ધર્મગ્રંથોને અને અલ્લાહના પયગંબરોને હૃદયપુર્વક માને..... અને સમયસર બંદગી કરે (નમાઝ સ્થાપિત-કાયમ કરે) અને ઝકાત (ફરજીયાત દાનપુણય) આપ્યા કરે....... આ છે સત્યમાર્ગી લોકો અને આ જ લોકો સંયમી (પરહેઝગાર-મુત્તકકી) લોકો છે." (પ્રકરણ ૨, શ્લોક ૧૭૭નો એક ભાગ)

હવે આપણે કુરાન મજીદમાંનું એ બોધવચન જોઈએ જેમાં ઝકાતની રકમ કે કોઈ બીજી વસ્તુ પર કોનો અધિકાર છે એટલે કે ઝકાતની રકમ કે બીજીવસ્તુ કોના કોના પર અને કયા કયા કાર્યોમાં ખર્ચ કરી શકાય છે. આ બોધવચન આ પ્રમાણે છે :-

"દાન પુણ્ય (સદકાત-ઝકાત)નો માલ તો ખરી રીતે દરિદ્રો (ગરીબો-ફકીરો) અને નિર્ધનો (મોહતાજો-મીસ્કીનો) માટે છે, અને એ લોકો માટે છે જે ઓ ઝકાતના કામકાજ (હિસાબ-કિતાબ) માટે નિયુક્ત છે,અને તેમના માટે છે જેમના હૃદય મોહી લેવા(લોભાવવા)નો આશય હોય. ઉપરાંત ગરદનો છોડાવવા (ગુલામોને સ્વતંત્ર-આઝાદ કરવા)માટે તથા દેવાદારો (કરજદારો)ની સહાય કરવા માટે અને અલ્લાહની વાટમાં (સદ્કાર્યોમાં) અને સાધન વગરના વટેમાર્ગુઓ (મુસાફરો) માટે છે. આ એક ફરજીયાત કાર્ય છે અલ્લાહ તરફથી, અને અલ્લાહ સર્વેની જાણ રાખનાર અને અતિ ડહાપણ(હિકમત)વાળો છે." (પ્રકરણ ૯, શ્લોક ૬૦)

પ્રકરણ ૯ ના ઉપરના શ્લોક ૬૦નો સાર એ છે કે ઝકાતની રકમ નીચે પ્રમાણે આઠ કાર્યો માટે વહેચણી કરી શકાય છે :-

(૧) દરિદ્રો (ગરીબો-ફકીરો)ની સહાય માટે (૨) નિર્ધનો (મોહતાજો-મીસ્કીનો)ની સહાય માટે (૩) ઝકાતના નાણાના હિસાબ કિતાબના કર્મચારીઓને મહેનતાપણા (પગાર)ની ચુકવણી માટે. ઘણા ઈસ્લામી દેશોમાં સરકાર તેની મુસ્લિમ પ્રજા પાસેથી ઝકાત વસુલ કરે છે તથા તેમના પાસે એક ઝકાત ભંડોળ પણ હોય છે, જેનો હિસાબ કિતાબ જરૂરી હોય છે. (૪) હૃદય મોહી લેવા (લોભાવવા)ના આશયનો અર્થ એ થાય છે કે એવા જરૂરતમંદો ને સહાય કરવી, જેઓએ નવા મુસલમાન તરીકે ઈસ્લામ ધર્મ અંગીકાર કરેલ છે. આનું કારણ એ છે કે જો તે જરૂરત મંદોને સહાય નહીં કરવામાં આવે, તો કદાચ તેઓ ઈસ્લામ ધર્મ છોડીને પાછા પોતાના અસલ ધર્મ તરફ વળી જશે. મુળ આશય તેમની જરૂરીયાતોને ધ્યાનમાં રાખવાનો છે. ઈસ્લામના અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.)ના સમયમાં અરબ દેશમાં ઘણા બિનમુસ્લિમ સરદારો હતા, જેમને ઝકાતના નાણાથી સહાય કરવામાં આવેલ હતી. પછી તેઓ ઈસ્લામ ધર્મની ઝકાત માંથી સહાયની વહેંચણીની ઉત્તમ પદ્ધતિ જોઈને મુસલમાન થઈ ગયા હતા. તેથી ઝકાતની રકમ માંથી બિન મુસ્લિમો માંથી નવા મુસ્લિમ થનારાઓને સહાય કરી શકાય છે. (૫) ગુલામોને સ્વતંત્રતા (આઝાદી) અપાવવા રકમની ચુકવણી માટે (૬) દેવાદારો (કરજદારો)ને દેવા (કરજ) માંથી મુક્ત કરાવવા માટે (૭)અલ્લાહની વાટમાં સદકાર્યો માટે, ખાસ કરીને જેમાં ગેર ઈસ્લામી વ્યવસ્થાને બદલે ઈસ્લામી વ્યવસ્થા સ્થાપના કરવા માટે (૮) સાધન વગરના વટેમાર્ગુઓ(મુસાફરો)ની સગવડો અને સુવિધા માટે.



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

**ઈસ્લામની આરસી**

કાસિમ અબ્બાસ

ઉપર બતાવેલા આઠ કાર્યો સિવાય ઝકાતની રકમનો ઉપયોગ ન કરવો જોઈએ. જો કોઈ અન્ય કાર્ય માટે કોઈને સહાય કરવી હોય અથવા કોઈ બિનમુસ્લિમને સહાય કરવી હોય, તો તે મરજીયાત દાન પુણ્ય તરીકે સહાય કરી શકાય છે. મુસ્લિમોના પ્રાર્થના સ્થાન મસ્જીદના બાંધકામ માટે પણ ઝકાતની રકમનો ઉપયોગ નથી થઈ શકતો.

ઝકાતની કાર્ય પદ્ધતિ હેઠળ રકમની ગણત્રી કરવા માટે એક શ્રધ્ધાળુની કુલ સંપત્તિ, જે તેના પાસે એક વર્ષ સુધી રહી હોય, તેનો હિસાબ કરવામાં આવે છે. આ સંપત્તિમાં તેના વ્યક્તિગત વપરાશ માટેના મકાનની કિંમત તથા ફર્નીચર, કપડાં લત્તા વગેરેની કિંમત તેની કુલ સંપત્તિમાં નથી લેખાતી, કારણકે આ સર્વે વસ્તુઓ તેના વ્યક્તિગત વપરાશમાં છે. અલબત્તા સોના, ચાંદી તથા હીરા મોતીના ઝવેરાતની કિંમત સંપત્તિ તરીકે ગણાય છે અને તેના પર ઝકાત કાઢવી ઝરૂરી છે. જરૂરતમંદોને ઝકાત આપવાની કાર્ય પદ્ધતિ વિષે કુરાન મજીદના પ્રકરણ ૨ના શ્લોક ૨૬૨, ૨૬૩ અને ૨૬૪ માં જે આદેશો આપવામાં આવેલ છે તેના ખુલાસા અનુસાર ત્રણ બાબતોને ખાસ ધ્યાન રાખવી જોઈએ, જે આ પ્રમાણે છે :-

૧. ઝકાત આપનાર ઝકાત લેનાર પર કોઈ ઉપકાર કરી રહ્યો છે એવી વર્તણુક કદાપિ ન કરવી જોઈએ.

૨. ઝકાત લેનારને કોઈ પણ પ્રકારનો માનસિક કે અન્ય ત્રાસ ન આપવો જોઈએ.

૩. ઝકાત લેનારને ઝકાતની રકમનો સંપુર્ણ અને બિન શરતી માલીક બનાવી દેવો જોઈએ અને કોઈ પણ પ્રકારની શરતો ન રાખવી જોઈએ.

ઝકાતની કાર્ય પદ્ધતિ હેઠળ શ્રધ્ધાળુઓ (ઈમાનવાળાઓ), જેઓ આ પદ્ધતિ હેઠળ ઝકાત આપી શકતા હોય, તેમના માટે કુરાન મજીદના આદેશો અનુસાર આ ફરજીયાત દાન પુણ્ય છે. તેમ છતાં કુરાન મજીદમાં મરજીયાત દાન પુણ્ય માટે પણ અસંખ્ય આદેશો આપવામાં આવેલ છે. આ વિષેનું એક બોધવચન આ પ્રમાણે છે :-

"(હે પયગંબર), તમોને આ પ્રશ્ન કરવામાં આવે છે કે અમે અલ્લાહની વાટમાં શું અને કેટલો ખર્ચ કરીએ ? તમે તેમને કહો કે તમારી જરૂરીયાત કરતાં તમારા પાસે જે વધારે હોય તે. આવી રીતે અલ્લાહ તમારા માટે સ્પષ્ટ આદેશો વર્ણવે છે, જેથી તમે આ જગતના જીવન અને આગળના જીવન (આખેરત), બંને ઉપર વિચાર મનન કરો." (પ્રકરણ ૨, શ્લોક ૨૧૯)

કુરાન મજીદના ઉપરના બોધવચન થકી જાણવા મળે છે કે ઈસ્લામ ધર્મ દાન પુણ્યને બહુ જ મહત્વ આપે છે. ઈસ્લામ ધર્મની ઝકાતની વહેંચણીની આ ઉત્તમ પદ્ધતિ અનુસાર જો પૃથ્વી પરનો દરેક મનુષ્ય, જેની નાણાકિય સ્થિતિ ઠીક હોય, પોતાની અને પોતાના કુટુંબની જરૂરીયાતથી વધારેનું અને જો એ ન થઈ શકતું હોય, તો પોતાની સંપત્તિ માંથી અમુક ભાગ આવી રીતે રીબાતી માનવતાના કલ્યાણ અને ઉત્કર્ષ કાજે ખર્ચ કરે, તો ખરેખર આ પૃથ્વી પર કોઈ પણ મનુષ્ય ભુખ્યો કે દરિદ્ર ન રહે.

ઈસ્લામ ધર્મની ઝકાત વહેંચણીની આ ઉત્તમ પદ્ધતિ અને વ્યવસ્થા પર જગતના દરેક દેશના અર્થશાસ્ત્રીઓએ સારી રીતે અભ્યાસ કરવો જોઈએ અને તેના પર ઝીણવટ પૂર્વક વિચાર કરવો જોઈએ, કારણ કે જો તે પદ્ધતિને ખરેખર અમલમાં મુકવામાં આવે તો જગતના દેશો માંથી ગરીબાઈ ઘણા અંશે દુર થઈ શકે છે. સમાપ્ત.

# તાલિબાનની મદદથી ISISનો ખાત્મો કરવા US ની તૈયારી

**કાબુલ**

અમેરિકાએ ભલે અફઘાનિસ્તાન છોડી દીધું હોય પરંતુ તે હજુ પણ ત્યાં આતંકવાદીઓ વિરૂદ્ધ પોતાની એક્શન ચાલુ રાખશે. અમેરિકી સેનાના ઓફિસરે જણાવ્યું કે, આગામી દિવસોમાં જરૂર પડશે તો અમેરિકા આતંકવાદીઓ વિરૂદ્ધ એરસ્ટ્રાઈક કરી શકે છે. ખાસ વાત એ છે કે, ઓફિસરના કહેવા પ્રમાણે અમેરિકા આ કામ માટે તાલિબાનનો સાથ લઈ શકે છે. અમેરિકી સેનાના જનરલ માર્ક મિલીના કહેવા પ્રમાણે અમેરિકા અફઘાનિસ્તાનમાં ઉપસ્થિત ઈસ્લામિક આતંકવાદીઓ વિરૂદ્ધ એરસ્ટ્રાઈક કરી શકે છે. ભવિષ્યમાં તાલિબાન સાથે સહયોગ સાધીને પણ તેવું કરવામાં આવી શકે છે. માર્ક મિલીએ જણાવ્યું કે, તાલિબાન એક ક્રૂર સંગઠન છે અને તે હજુ પણ દશકાઓ પહેલા હતું તેવું જ છે. જોકે અફઘાનિસ્તાનમાં તાલિબાનનું ભવિષ્ય શું હશે તેનો અત્યારથી કોઈ અંદાજો ન લગાવી શકાય. આગામી થોડા સમય સુધી અફઘાનિસ્તાન અને તાલિબાન પર નજર રાખવી પડશે. અમેરિકી સેનાના ઓફિસરના કહેવા પ્રમાણે તાજેતરમાં અમેરિકાએ જ્યારે લાખો લોકોનું રેસ્ક્યુ કર્યું તે સમયે અમેરિકા અને તાલિબાન વચ્ચે પ્રોફેશનલ સંબંધો રહ્યા. કારણ કે, તાલિબાને અમેરિકી નાગરિકો માટે એરપોર્ટ સુધીનો સેફ પેસેજ તૈયાર કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ અફઘાનિસ્તાન છોડ્યું તે પહેલા પણ ISIS-K વિરૂદ્ધ એરસ્ટ્રાઈક કરી હતી.

## તાલિબાન સામે જંગ માટે પંજશીરના યોદ્ધાઓ સજ્જ



અફઘાનિસ્તામાં સત્તા મેળવનાર તાલિબાન સામે નોર્ધન એલાયન્સના લડાકુઓ ઝુકવા માટે તૈયાર નથી. નોર્ધન એલાયન્સનો ગઢ મનાતા પંજશીર પ્રાંતમાં તાલિબાન સામે જંગ લડવા માટે ભારે તૈયારીઓ થઈ છે. નોર્ધન એલાયન્સે ગઈકાલે દાવો કર્યો હતો કે, પંજશીર પર કબ્જો કરવાનો પ્રયાસ કરનારા તાલિબાનના ૩૫૦ આતંકીઓને ઢાળી દેવાયા છે. હવે મળતી વિગતો પ્રમાણે નોર્ધન એલાયન્સ દ્વારા જંગ લડવા માટે મોટા પાયે તૈયારીઓ કરાઈ છે. પંજશીર પ્રાંતમાં એક સ્ટેડિયમને દારૂગોળાથી ભરી દેવામાં આવ્યુ છે. નોર્ધન એલાયન્સ પાસે બે હેલિકોપ્ટર પણ છે. તાલિબાનનો આ એક માત્ર પ્રાંત પર હજી કબ્જો થયો નથી અને તાલિબાન તેને પણ કાબૂમાં લેવા માટે મરણીયા પ્રયાસો કરી રહ્યુ છે. જોકે તાલિબાનનો દાવો છે કે, અમે પંજશીરને ચારે તરફથી ઘેરી લીધુ છે પણ હકીકતમાં તાલિબાનના હુમલાઓને અત્યાર સુધી અહીંયા જોઈએ તેવી સફળતા મળી નથી. હજારોની સંખ્યામાં એન્ટી તાલિબાન લડાકુઓ પંજશીરમાં એકઠા થઈને તાલિબાનને જવાબ આપી રહ્યા છે. જોકે પંજશીર માટે ખતરો એ વાતનો છે કે, તાલિબાન પાસે અમેરિકાના ઘાતક હથિયારો આવી ગયા છે અને તેનો ઉપયોગ તે પંજશીર પર હુમલા માટે કરી શકે છે.

### અફઘાનમાં ભૂખમરો અને આર્થિક બેહાલી

અફઘાનિસ્તાનમાં ૨૦ વર્ષ પછી આજનો દિવસ તાલિબાનો માટે ઐતિહાસિક હતો. અમેરિકાના નેતૃત્વમાં નાટો દળોએ સંપૂર્ણપણે વિદાય લઈ લીધી છે. આતંકીઓમાંથી શાસક બનેલા તાલિબાનો માટે દેશમાં ફેલાયેલો ભૂખમરો અને આર્થિક કંગાલિયતની સ્થિતિને દૂર કરવી એ સૌથી મોટો પડકાર છે. બીજીબાજુ અમેરિકાએ તાલિબાનને ચેતવણી આપી છે કે જરૂર પડશે તો અમે અફઘાનિસ્તાન પર ડ્રોન હુમલો કરતા રહીશું. અમેરિકન સૈન્યની વિદાયને પગલે તાલિબાનો ઊજવણી કરી રહ્યા છે. પરંતુ તેમના માટે આ ઊજવણી લાંબો સમય ચાલે તેમ નથી.

### પાક. અને ઇરાન સરહદે લોકોનો જમાવડો

કાબુલઃ અમેરિકામાંથી અફઘાનિસ્તાન પરત ફરતા દેશ છોડીને બહાર જવા માંગતા લોકોને ભારે તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. કાબુલ એરપોર્ટ તાલિબાનના કબ્જામાં છે અને હાલમાં કોઈ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ ચાલી રહી નથી. આવામાં હજારોની સંખ્યામાં અફઘાની નાગરિક પાકિસ્તાન અને ઇરાન બોર્ડર તરફ વળી રહ્યા છે, જેથી દેશની બહાર જઈ શકાય. પાકિસ્તાનમાં ખૈબર પાસે બોર્ડર પર હજારોની સંખ્યામાં લોકો અફઘાનિસ્તાન બાજુ ઊભા છે. તે પાકિસ્તાનમાં જવા ઇચ્છે છે.

### હૈબતુલ્લાહ અખુંદજાદાના અફઘાનના નેતા

અફઘાનિસ્તાનમાં તાલિબાને ઘોષણા કરી છે કે મુલ્લા હૈબતુલ્લાહ અખુંદજાદા તેમના સર્વોચ્ચ નેતા હશે. એક રિપોર્ટ મુજબ, તાલિબાને આ જાણકારી આપી છે કે અખુંદજાદાના માર્ગદર્શન મુજબ એક વડાપ્રધાન કે રાષ્ટ્રપ્રમુખ દેશ ચલાવશે. તાલિબાનના સાંસ્કૃતિક આયોગના સભ્ય અનામુલ્લા સમાંગાનીએ કથિત રીતે કહ્યું કે, અખુંદજાદા નવી સરકારના નેતા પણ હશે. વેબસાઇટે તાલિબાનના રાજનીતિક કાર્યાલયના નેતા શેર મોહમ્મદ અબ્બાસ સ્ટાનિજકઈના હવાલાથી જણાવ્યું કે, ઈસ્લામિક અમિરાત આગામી બે દિવસમાં પોતાની નવી સરકારની ઘોષણા કરશે.

### તાલિબાને લોકગાયકને ગોળી મારી હત્યા કરી

અફઘાનિસ્તાનમાં સત્તા પર આવ્યા બાદ ચારે તરફ તાલિબાનનો ખોફ જોઈ શકાય છે. બીજી તરફ તાલિબાને અફઘાનિસ્તાનની અંદ્રાબી ખીણમાં એક લોક ગાયક ફવાદ અંદ્રાબીની હત્યા કરી નાંખી છે.તાલિબાનીઓએ તેમને ઘસેડીને ઘરની બહાર લાવ્યા હતા અને પછી તેમને ગોળી મારી દીધી છે. તાલિબાનીઓના આ કૃત્ય બાદ સમગ્ર વિસ્તારમાં ચર્ચા છે કે, તાલિબાન ફરી 1996 જેવુ દમનકારી શાસન લાગુ કરવા માંગે છે. અંદ્રાબી ખીમ કાબુલથી 100 કિમી દુર ઉત્તરમાં બગલાન પ્રાંતમાં છે. જેના પર હવે તાલિબાનનુ નિયંત્રણ છે. એ પછી અહીંયા ઉથલ પાથલ જોવા મળી રહી છે.

## ચીને બંગાળની ખાડી સુધી પોતાની પહોંચ વિસ્તારી, ભારત માટે જોખમ

**કોલકાતા**

ભારતને ઘેરવાની નીતિના ભાગરૂપે ચીને હવે ભારતના પ્રભાવ ધરાવતા હિન્દ મહાસાગર ક્ષેત્ર સુધી પોતાની પહેલી ટ્રેન દોડાવી છે.

ચીનનો સામન લઈને આ ટ્રેન મ્યાનમાર સરહદથી છેક પશ્ચિમ ચીનના બિઝનેસ હબ ગણાતા ચેંગદુ સુધી પહોંચી છે. આ રેલ અને રોડ લાઈનની મદદથી હવે ચીનની પહોંચ બંગાળની ખાડી સુધી થઈ છે.

ચીનના મીડિયાના કહેવા પ્રમાણે સામનને ચાઈના-મ્યાનમાર પેસેજ તરીકે ઓળખાતા રૂટ પરથી 27 ઓગસ્ટે ચેંગદુ પોર્ટ સુધી લાવવામાંમ આવ્યો છે. આ ટ્રાન્સપોર્ટ કોરિડોરમાં પહેલા સિંગાપુરથી ચીનનો સામાન આંદામન સમુદ્ર થઈને માલવાહક જહાજ થકી મ્યાનમારના યંગૂન પોર્ટ પર પહોંચ્યો હતો. એ પછી રસ્તા થકી મ્યાનમાર ચીન બોર્ડર પર આવેલા ચીનના લિકાંગ શહેર પર આ સામાન પહોંચાડાયો હતો.

એ પછી સામાનને રેલવે થકી ચેંગદૂ લઈ જવામાં આવ્યો હતો. આમ ચીન હવે સિંગાપુરથી મ્યાનમારના રસ્તા પર પણ જોડાયુ છે. હિન્દ મહાસાગર સાથે દક્ષિણ પશ્ચિમ ચીનને કનેક્ટ કરવા માટે આ સૌથી આસાન રૂટ છે. ચીનનુ કહેવુ છે કે, આ રસ્તા પરથી થતી મુસાફરીમાં 20 થી 22 દિવસ ઓછા લાગી રહ્યા છે.

## 6 દેશોમાં કોરોનાનો વધુ એક વેરિઅન્ટ C.1.2 ફેલાયો : વિશ્વ પર તોળાતો ખતરો

**વોશિંગ્ટન**

કોરોનાનો નવો ખતરનાક વેરિઅન્ટ સી.૧.૨ વિશ્વનાં છ દેશોમાં ફેલાયો છે. આને કારણે આખા વિશ્વ પર નવો ખતરો તોળાઈ રહ્યો છે. નિષ્ણાતોનાં મતે નવો વેરિઅન્ટ વધુ ઝડપથી સંક્રમણ ફેલાવતો હોવાની તેમજ તેનાં પર કોઈ વેક્સિનની અસર થતી નહીં હોવાની ભીતિ સેવાઈ રહી છે.

આ વેરિઅન્ટ સૌથી પહેલાં સાઉથ આફ્રિકામાં મળી આવ્યો હતો. જે હવે ચીન, મોરેશિયસ, ઈંગ્લેન્ડ, ન્યૂઝીલેન્ડ, પોર્ટુગલ, કોંગો અને સ્વિત્ઝર્લેન્ડમાં સંક્રમણ ફેલાવી રહ્યો છે. આને વેરિઅન્ટ ઓફ ઈન્ટરેસ્ટની કેટેગરીમાં



મૂકવામાં આવ્યો છે. સી.૧.૨ પહેલા મળી આવેલા સી.૧ વેરિઅન્ટ કરતા તેવધુ મ્યૂટેટ થયો હતો આને કારણે તે વધુ ખતરનાક બન્યો છે. તેની મ્યૂટેશનની ઝડપ બમણી છે. સાઉથ આફ્રિકાનાં વૈજ્ઞાનિકો દ્વારા તેની અસરો પર નજર રખાઈ રહી છે. હાલનાં તબક્કે તે બહુ જોખમી જણાતો નથી પણ વધુ મ્યૂટન્ટ તેમજ વેરિઅન્ટ બદલવાને કારણે તે જોખમી બની શકે છે. કોરોનાનાં ડેલ્ટા વેરિઅન્ટને કારણે અમેરિકામાં તરખાટ મચ્યો છે ત્યારે નિષ્ણાતોએ યુરોપમાં પણ તે મહાતબાહી મચાવશે તેવી ચેતવણી આપી છે. ડબલ્યુએચઓએ કહ્યું છે કે યુરોપનાં અનેક દેશોમાં કેસ વધી રહ્યા છે. જો સ્થિતિ નહીં સુધરે તો ૧ ડિસેમ્બર સુધીમાં ૨ લાખ લોકોનાં મોત થઈ શકે છે. યુરોપનાં હેડ હાંસ ક્લુઝે કહ્યું હતું કે, યુરોપમાં મોતનો આંકડો ઝડપથી વધી રહ્યો છે.

## શ્રીલંકામાં આર્થિક સંકટ: ખાદ્ય પદાર્થની તંગીથી કટોકટીની જાહેરાત

**કોલંબો**

શ્રીલંકા મુશ્કેલ આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. શ્રીલંકાએ ખાદ્ય સંકટને કારણે કટોકટીની સ્થિતિ જાહેર કરી છે, કારણ કે ખાનગી બેંકો પાસે આયાત માટે વિદેશી હૂંડિયામણની અછત છે. રાષ્ટ્રપતિ ગોતાબાયા રાજપક્ષેએ કહ્યું કે તેમણે ખાંડ, ચોખા અને અન્ય જરૂરી ખાદ્ય ચીજોની સંગ્રહખોરી રોકવા માટે પગલાં લીધા છે. કટોકટીના નિયમો અને કાયદાનો અમલ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. રાજપક્ષેએ સેનાના એક ઉચ્ચ અધિકારીને ધાન્ય, ચોખા, ખાંડ અને અન્ય ઉપભોક્તા સામાનના પુરવઠા માટે આવશ્યક સેવાઓના આયુક્ત જનરલ તરીકે નિયુક્ત કરાયા છે.

## ચીને દલાઈ લામાની તસ્વીર રાખવા મુદ્દે 60 તિબેટીયનની કરી ધરપકડ

**શાંઘાઈ**

ચીની અધિકારીઓએ 60 તિબેટીયનોની તેમના આધ્યાત્મિક ગુરૂ દલાઈ લામાની તસ્વીરો રાખવાના કારણસર ધરપકડ કરી છે. આ કાર્યવાહી કરદજેના દેજ વોનપો કસ્બામાં કરવામાં આવી હતી. ભારતમાં રહેતા એક તિબેટીયને જણાવ્યું કે, પોલીસે તિબેટીયન સ્વાયત્તશાસી ક્ષેત્રમાં એક સ્થાનિક મઠમાંથી 19 ભિક્ષઓને કસ્ટડીમાં લીધા છે. જ્યારે અન્ય 40 લોકોની પ્રશાસન દ્વારા હાથ ધરવામાં આવેલા ઘરોના તલાશી અભિયાન દરમિયાન ધરપકડ કરવામાં આવી હતી. બેઈજિંગ દ્વારા આ કાર્યવાહી દલાઈ લામાની તસ્વીરો સહિત તમામ પ્રતિબંધિત ફોટો રાખવા માટે તિબેટીયનોને સજા આપવાના પોતાના અભિયાનને તેજ કરવા સાથે કરવામાં આવી છે. તમામ લોકોને સેરશૂલ કાઉન્ટી પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા છે. ધરપકડ ઉપરાંત અધિકારીઓએ તે ક્ષેત્રમાં એક બેઠક પણ આયોજિત કરી હતી જેમાં લોકોને દલાઈ લામાની તસ્વીરો ન રાખવા અને પોતાના મોબાઈલ ફોન પર તેમના વિશેની કોઈ જ જાણકારી શેર ન કરવા ધમકી આપવામાં આવી હતી.

## ઓસ્ટ્રેલિયામાં કંઠી પહેરવા બદલ ગુજરાતી છોકરાને મેદાનમાંથી કાઢી મૂક્યો

**બ્રિસબેન**

ઓસ્ટ્રેલિયામાં ફૂટબોલની મેચની શરૂઆત થાય તે પહેલાં રેફરીએ ગળામાં તુલસીની માળા (કંઠી) પહેરવા બદલ 12 વર્ષના શુભ પટેલને મેદાનમાંથી બહાર તગેડી મૂક્યો હતો એમ ઓસ્ટ્રેલિયા ટુ ડે નામના વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલા એક અહેવાલમાં કહેવામાં આવ્યું હતું. ફક્ત એક ફૂટબોલની મેચ રમવા માટે હુ મારી કંઠી તોડવાને બદલે હું મારા ધર્મનું પાલન કરવાનું વધુ પસંદ કરીશ એમ 12 વર્ષિય શુભ પટેલે મીડિયા સાથે વાત કરતાં કહ્યું હતું. 12 વર્ષિય ખેલાડીએ કહ્યું હતું કે ગળામાંથી કંઠી દૂર કરવી તે હિંદુ ધર્મના સિદ્ધાંતો વિરૂદ્ધ છે એમ સ્વામીનારાયણ સંપ્રદાયના ચુસ્ત સત્સંગી એવા શુભે કહ્યું હતું.

# કેરળમાં કથળતી સ્થિતિ, દેશમાં 47092 નવા કેસ

**નવી દિલ્હી**

ભારતમાં કોરોના સંક્રમણ ફરીથી ટેન્શન વધારી રહ્યું છે. એક જ દિવસમાં ૪૭ હજારથી વધુ લોકો સંક્રમિત થયા છે, જ્યારે મૃત્યુઆંક પણ ૫૦૦ના આંકને વટાવી દીધો છે. કેરળમાં સંક્રમણનો કહેર સતત વધી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૩૨ હજારથી વધુ કોરોના વાયરસના કેસ નોંધાયા છે.

આ ઉપરાંત ૧૭૩ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. ત્યારબાદ બીજું રાજ્ય જેમાં કોવિડ-૧૯ કેસ વધી રહ્યા છે તે છે મહારાષ્ટ્ર. અહીં એક દિવસમાં ૪,૪૫૬ કેસ નોંધાયા છે અને ૧૮૩ દર્દીનાં મોત થયા છે. ગુરુવારે ૨૪ કલાકમાં દેશમાં ૪૭,૦૯૨ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૫૦૯ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૨૮,૫૭,૯૩૭ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૬૬,૩૦,૩૭,૩૩૪ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે.

ગુરુવારે સાંજે સુધીના ૨૪ કલાકમાં ૮૧,૦૯,૨૪૪ કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. કોવિડ-૧૯ મહામારી સામે લડીને ભારતમાં ૩ કરોડ ૨૦ લાખ ૨૮ હજાર ૮૨૫ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૩૫,૧૮૧ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

ભારતમાં હાલ રિકવરી રેટ ૯૭.૫૦ ટકા છે. હાલમાં ૩,૮૯,૫૮૩ એક્ટિવ કેસ છે. અત્યાર સુધીમાં કુલ ૪,૩૯,૫૨૯ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. આ ઉપરાંત, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધીમાં કુલ ૫૨,૪૮,૬૮,૭૩૪ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. બુધવારના ૨૪ કલાકમાં ૧૬,૮૪,૪૪૧ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

## સૌથી સંક્રમિત બાળકોના પંજાબના

પંજાબમાં 30 દિવસના આંકડા અનુસાર 9.6 ટકાના દરે બાળકોમાં સંક્રમણ વધ્યું છે. કેન્દ્ર દ્વારા કરવામાં આવેલા આ સર્વેમાં જાણવા મળ્યું છે કે, પંજાબમાં સંક્રમણનો દર સૌથી વધુ છે. સર્વેમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, 2 ઓગસ્ટથી સ્કૂલ ખુલ્યા બાદ બાળકોમાં સંક્રમણ સૌથી વધુ જોવા મળ્યું છે. લુધિયાણાની એક સ્કૂલમાં ધોરણ 11માં 20થી વધુ વિદ્યાર્થીઓ પોઝિટિવ આવતાં સ્કૂલ 14 દિવસ બંધ કરાઈ હતી.

**રસીકરણમાં ભારતે રચ્યો ઈતિહાસ :** ખુશીની વાત એ છે કે ભારત કોરોના રસીકરણમાં નવા રેકોર્ડ બનાવી રહ્યા છે. દેશમાં 1.33 કરોડ રસી લગાવવામાં આવી, જે અત્યાર સુધી સૌથી વધારે આંકડા છે. તાજેતરમાં જ દેશમાં કોરોનાના 1 કરોડ ડોઝ લગાવવામાં આવ્યા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે 31 ઓગસ્ટ સુધી સમગ્ર દેશમાં 65 કરોડ 41 લાખ 13 હજાર કોરોના વેક્સિનના ડોઝ આપી ચૂક્યા છે.

**કોરોનાના ત્રીજા વેવના પ્રારંભનો સંકેત - ICMR :** ઇન્ડિયન મેડિકલ રિસર્ચ કાઉન્સિલ (આઇસીએમઆર)ના એપિડેમિયોલોજી એન્ડ કોમ્યુનિકેબલ ડિસીઝ વિભાગના વડા ડો. સમિરન પાંડાએ ચેતવણી ઉચ્ચારી છે કે કોરોના મહામારીના સેકન્ડ વેવમાં ઓછા કેસ નોંધાયાં હતાં તેવા રાજ્યોમાં હવે સંક્રમણમાં વધારો થઇ રહ્યો છે જે કોરોના મહામારીનો ત્રીજો વેવ શરૂ થયો હોવાના પ્રારંભિક સંકેતો છે.

# નોઈડામાં જેઠ-સસરાએ પુત્રવધુ સાથે દુષ્કર્મ કરી વીડિયો બનાવ્યો

**નોઈડા**

ઉત્તરપ્રદેશના નોઈડામાં એક શરમજનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જ્યાં જેઠ અને સસરાએ વિધવા વહુ ઉપર દુષ્કર્મ આચર્યું હતું. આ કેસમાં પોલીસે જેઠ અને સસરાની ધરપકડ કરી છે અને કોર્ટે બંનેને 14 દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા છે.

એક ખાનગી ચેનલ અહેવાલ અનુસાર પોલીસ સ્ટેશન સૂરજપુરના ઇન્ચાર્જ ઇન્સ્પેક્ટર અજય કુમાર સિંહે જણાવ્યું કે એક મહિલાએ તેના જેઠ અને સસરા રાજવીર સામે માર્ચ 2020માં રિપોર્ટ નોંધાવ્યો હતો. મહિલાએ તેની ફરિયાદમાં જણાવ્યું હતું કે તેના જેઠ અને સસરાએ તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. નોઇડાના સૂરજપુર પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ ઇન્સ્પેક્ટરે જણાવ્યું કે મહિલાએ પોલીસને આ સંદર્ભે એક વીડિયો પણ આપ્યો છે જેમાં મહિલાએ સસરા અને જેઠના કૃત્યો રેકોર્ડ કર્યા છે. મહિલાએ કહ્યું હતું કે જ્યારે તે વિરોધ કરે છે ત્યારે તે તેને મારતો હતો અને જો તે કોઈની સામે મોં ખોલશે તો તેને મારી નાખવાની ધમકી પણ આપી હતી. મહિલાની ફરિયાદ બાદ પોલીસે આરોપી જેઠની ધરપકડ કરી હતી.

# જુલાઈમાં જીએસટી કલેક્શન 1 લાખ કરોડને પાર : ઓગસ્ટમાં ૧.૧૨ લાખ કરોડ આવક

**નવી દિલ્હી**

કોરોનાની બીજી લહેર પછી આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળતા સતત બીજા મહિને જીએસટી કલેકશનએક લાખ કરોડ રૂપિયાથી વધુ રહ્યું છે. ઓગસ્ટમાં જીએસટી કલેક્શન ૧.૧૨ લાખ કરોડ રૂપિયા રહ્યું છે.

સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર જીએસટી કનલેક્શન ઓગસ્ટ, ૨૦૨૦ની સરખામણીમાં ૩૦ ટકા અને આગસ્ટ, ૨૦૧૯ની સરખામણીમાં ૧૪ ટકા વધુ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ, ૨૦૨૦માં જીએસટી કલેક્શન ૮૬,૪૪૯ રૂપિયા અને ઓગસ્ટ, ૨૦૧૯માં જીએસટી કલેક્શન ૯૮,૨૦૨ કરોડ રૂપિયા રહ્યું હતું. જો કે જુલાઇ, ૨૦૨૧ની સરખામણીમાં ઓગસ્ટ, ૨૦૨૧માં જીએસટી કલેક્શનમાં ૩.૭૬ ટકાનો ઘટાડો થયો છે. જુલાઇ, ૨૦૨૧માં જીએસટી કલેક્શન ૧.૧૬ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. નાણા મંત્રાલય દ્વારા જારી નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ઓગસ્ટ, ૨૦૨૧માં જીએસટી કલેક્શન ૧,૧૨,૦૨૦ કરોડ રૂપિયા રહ્યું છે. જેમાં સેન્ટ્રલ જીએસટી ૨૦,૫૨૨ કરોડ રૂપિયા, સ્ટેટ જીએસટી ૨૬,૬૦૫ કરોડ રૂપિયા, ઇન્ટેગ્રેટેડ જીએસટી ૫૬,૨૪૭ કરોડ રૂપિયા રહ્યું છે.




# કાબુલમાં તાલિબાને કબજો કર્યા બાદ 60 કાશ્મીરી ગાયબ, આતંકી બન્યાની શંકા

## તાલિબાનને શુભેચ્છા આપવાનો ટ્રેન્ડ, કાશ્મીરમાં આતંકવાદી હુમલા વધ્યા

**શ્રીનગર**

અમેરિકાએ અફઘાનિસ્તાનમાંથી પોતાનું સૈન્ય પરત બોલાવી લીધુ છે જે બાદ જમ્મુ કાશ્મીરમાં આતંકી હુમલામાં વધારો થવા લાગ્યો છે. જ્યારે એક રિપોર્ટ અનુસાર અફઘાનિસ્તાન પર કબજો કરનારા તાલિબાનની મદદથી પાકિસ્તાન ગમે ત્યારે કાશ્મીરમાં હુમલા કરાવી શકે છે.

આ માટે પાકિસ્તાન પોતાના સ્થાનિક આતંકીઓની પણ મદદ લઇ શકે છે. એટલે કે તાલિબાની અને પાકિસ્તાની આતંકીઓ મળીને ભારત પર હુમલા કરે તેવા રિપોર્ટ સામે આવ્યા છે. અન્ય એક ચોંકાવનારો રિપોર્ટ પણ કાશ્મીર અંગે સામે આવ્યો છે. અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબજાની અસર જમ્મુ કાશ્મીરમાં જોવા મળી રહી છે. એજન્સીઓને મળેલી માહિતી અનુસાર આતંકીઓના છ જુથોએ કાશ્મીર ઘાટીમાં ઘુસણખોરી કરી છે, જેમના એજન્ડામાં કેટલાક મોટા ટાર્ગેટ પણ છે. આશરે 25-30 આતંકીઓએ એક મહિનાથી સુરક્ષા દળોને ઈંગેજ કરી રાખ્યા છે. અન્ય એક રિપોર્ટ અનુસાર જમ્મુ કાશ્મીરમાંથી 60 યુવાઓ ગાયબ થઇ ગયા છે. તેઓ પાકિસ્તાન અથવા તાલિબાનના સંપર્કમાં હોવાની શક્યતાઓને પગલે સુરક્ષા એજન્સીઓ અને સૈન્ય એલર્ટ થઇ ગયા છે.

કાશ્મીરના ટોચના પોલીસ અધિકારી વિજય કુમારે કહ્યું હતું કે આ લોકો એમ કહીને ગયા હતા કે તેઓ કોઇ કામ માટે જાય છે. જોકે બાદમાં ગાયબ થઇ ગયા છે. જે ચિંતાનો વિષય છે.

# પ્રશાંત કિશોરની કોંગ્રેસમાં સંભવિત એન્ટ્રી મુદ્દે 2 ફાડ! મોવડીઓ નારાજ

**નવી દિલ્હી**

ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર કોંગ્રેસમાં સામેલ થશે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. આ બધા વચ્ચે પાર્ટીનું એક જૂથ એવું પણ છે જે પ્રશાંત કિશોરને કોંગ્રેસમાં સામેલ કરવાના સખત વિરોધમાં જણાવાઈ રહ્યું છે. સોમવારે પૂર્વ કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલના ઘરે એક મહત્વની બેઠક યોજાઈ હતી જેમાં પ્રશાંત કિશોરના કોંગ્રેસમાં આગમન મુદ્દે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

જાણવા મળ્યા મુજબ જન્માષ્ટમીના દિવસે કપિલ સિબ્બલના ઘરે એક મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કોંગ્રેસના 23 નેતાઓ જે G-23 તરીકે પણ ઓળખાય છે તે સામેલ થયા હતા. તેઓ પ્રશાંત કિશોરને કોંગ્રેસમાં સામેલ કરવાના સખત વિરોધમાં છે. આ જૂથના નેતાઓ ચૂંટણી સાથે સંકળાયેલા મહત્વના નિર્ણયો લેવાના 'આઉટસોર્સિંગ'થી આશંકિત છે. દિલચસ્પ વાત એ છે કે, આ બેઠકમાં કેટલાક એવા નેતાઓ પણ હતા જે PK(પ્રશાંત કિશોર)ને કોંગ્રેસમાં સામેલ કરવાને સમર્થન આપી રહ્યા છે. જાણવા મળ્યા મુજબ પાર્ટીનું એક જૂથ પ્રશાંત કિશોરને કોંગ્રેસમાં સામેલ કરવાને લઈ નારાજ છે.

# કોલકાતામાં કોરોના સાથે સંકળાયેલી ચીજોના કાળાબજાર, ઈડીના દરોડા

**કોલકાતા**

કોવિડ સાથે સંકળાયેલ આવશ્યક વસ્તુઓનું કાળા બજાર કરવાના સંબધમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઈડી) એ કોલકાતામાં 10 સ્થળોએ દરોડા પાડયા હતાં તેમ એજન્સીના સૂત્રોએ એક નિવેદનમાં જણાવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સેન્ટ્રલ એજન્સીએ રેમડેસેવિર ઈન્જેક્શન સહિતની આવશ્યક દવાઓ ઉંચા ભાવે વેચવાના રેકેટના સામેલ લોકો સામે છ કેસ દાખલ કર્યા છે. અમે એવા લોકોના પરિસરોમાં દરોડા પાડયા છે જેમણે કોરોનાની બીજી લહેર દરમિયાન ભારે માગ ધરાવતી દવાઓની સંગ્રહખોરી કરી હતી. અમારી ટીમે કોલકાતામાં દસ સ્થળોએ દરોડા પાડયા હતાં.

# 30 લાખથી વધુ ભારતીય એકાઉન્ટ ઉપર વોટ્સએપે પ્રતિબંધ મૂકી દીધો

**નવી દિલ્હી**

વોટ્સએપ દ્વારા 16 જુનથી 31 જુલાઈ દરમિયાન 30 લાખથી વધારે ભારતીય ખાતાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, એમ કંપનીએ મંગળવારે તેના કોમ્પ્લાયન્સ અહેવાલમાં જણાવ્યું હતું. સસ્પેન્ડ થયેલા એકાઉન્ટ્સની વાસ્તવિક સંખ્યા 30 લાખ 27,000 છે. મેસેજિંગ પ્લેટફોર્મને આ સમયગાળામાં 594 ફરિયાદ મળી છે. આ ખાતાઓ વિવિધ ફરિયાદોના લીધે સસ્પેન્ડ કરાયા છે.

આ ફરિયાદોમાં ઓટોમેટેડ મેસેજિસ વગેરેના બિનસત્તાવાર ઉપયોગનો સમાવેશ થાય છે. વોટ્સએપે તેના છેલ્લા અહેવાલમાં જણાવ્યું હતું કે તેને 594 યુઝર રિપોર્ટ્સ મળયા છે. તેમા એકાઉન્ટ સપોર્ટના 137, પ્રતિબંધની અપીલના 316, અન્ય સપોર્ટના 45, પ્રોડક્ટ સપોર્ટના 64 તથા સલામતીના 32 યુઝર રિપોર્ટ 16 જુનથી 31 જુલાઈ દરમિયાન મળ્યા હતા. આ સમયગાળા દરમિયાન 74 એકાઉન્ટ પર પગલાં લેવાયા હતા. આ પગલાંનો અર્થ ક્યાં તો એકાઉન્ટ પર પ્રતિબંધ મૂકવાનો કે એકાઉન્ટ રિસ્ટોર કરવાનો થાય છે.

# ગાયને રાષ્ટ્રીય પ્રાણી તરીકે જાહેર કરવી જોઈએ : અલાહાબાદ હાઈકોર્ટ

**અલાહાબાદ**

ઉત્તરપ્રદેશમાં ગૌહત્યાના કેસમાં આરોપીની જામીન અરજી નકારી કાઢતાં અલાહાબાદ હાઈકોર્ટે ટિપ્પણી કરી હતી કે ગાય ભારતીય સંસ્કૃતિનો મહત્ત્વનો હિસ્સો છે અને તેને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવી જોઈએ. જસ્ટિસ શેખરકુમાર યાદવે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે ગાયને મૂળભૂત અધિકાર આપવા માટે સંસદમાં કાયદો ઘડી રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવી જોઈએ અને ગાયને નુકસાન કરવાની વાત કરનારાને પણ સજા ફટકારતા આકરા કાયદા ઘડી કાઢવા જોઈએ. ગૌરક્ષાને હિન્દુઓનો મૂળભૂત અધિકાર બનાવવો જોઈએ. જસ્ટિસ યાદવે જણાવ્યું હતું કે, ગાય ભારતની સંસ્કૃતિનો હિસ્સો છે.

# પેરાલિમ્પિકના ઈતિહાસમાં ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન, મેડલ્સનો વરસાદ

ભારતે ટોક્યોમાં બે ગોલ્ડ, પાંચ સિલ્વર અને ત્રણ બ્રોન્ઝ એમ કુલ દસ મેડલ જીતીને તેના પેરાલિમ્પિકના ઈતિહાસનો સર્વશ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. ભારતને અવની લેખારાએ સૌપ્રથમ ગોલ્ડ, સુમિત એન્ટિલે ગોલ્ડ, ભાવિના પટેલને સિલ્વર ઉપરાંત એથ્લેટિક્સમાં ભારતને ચાર સિલ્વર મળ્યા હતા. જ્યારે શૂટિંગની એક અને એથ્લેટિક્સની બે ઈવેન્ટમાં ભારતને બ્રોન્ઝ મેડલ મળ્યા હતા.


અવનિ લેખરા


સિંહરાજ અધાના


મરિયપ્પન થંગાવેલુ


દેવેન્દ્ર ઝાઝરિયા


શરદ કુમાર


ભાવિના પટેલ

- **સુમિત અંતિલેએ ગોલ્ડ જીત્યો :** સુમિત અંતિલે જ્વેલિન થ્રોમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ ગેમ્સમાં ભારતનો બીજો રહ્યો હતો.
- **શૂટિંગમાં અવની લેખરાને ગોલ્ડ :** માત્ર ચાર વર્ષની ટૂંકી કારકિર્દી ધરાવતી અવની લેખરાએ વિમેન્સ ૧૦ મીટર એર રાઇફલ સ્ટેન્ડિંગ એસએસ-૧ ઇવેન્ટમાં ગોલ્ડ જીતીને ઇતિહાસ રચ્યો હતો.
- **સિંહરાજ અધાનાને બ્રોન્ઝ:** સિંહરાજ અધાનાએ ૧૦ મીટર એર પિસ્તોલ એસએફ-૧ ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- **હાઇજમ્પમાં મરિયપ્પન થંગાવેલુને સિલ્વર:** મરિયપ્પન થંગાવેલુંએ હાઇજમ્પ ટી-૬૩ ફાઇનલમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો.
- **દેવેન્દ્ર ઝાઝરિયા અને સુંદરસિંહ ગુર્જર:** પેરાએથ્લેટ દેવેન્દ્ર ઝાઝરિયાએ મેન્સ જ્વેલિન થ્રોની એફ-૪૬ ઇવેન્ટમાં સિલ્વર તથા સુંદરસિંહ ગુર્જરે આ ઇવેન્ટમાં જ બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો.
- **શરદ કુમારને બ્રોન્ઝ :** ભારતના અન્ય એથ્લેટ શરદ કુમારે પણ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ સાથે ટોક્યો પેરાલિમ્પિકમાં ભારતના મેડલની સંખ્યા ૧૦ સુધી પહોંચી ગઇ હતી.
- **ડિસ્કસ થ્રોમાં વિનોદ કુમારનો બ્રોન્ઝ મેડલ છીનવાયો:** મેન્સ એફ-૫૨ કેટેગરીની ડિસ્કસ થ્રોમાં વિનોદ કુમારનો બ્રોન્ઝ મેડલ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. વિનોદે ૧૯.૯૧ મીટરનો થ્રો કરીને એશિયન રેકોર્ડ નોંધાવ્યો હતો પરંતુ તેની કેટેગરી ક્વોલિફિકેશન અંગે પ્રશ્નાર્થ થતાં ઇવેન્ટનું પરિણામ સ્થગિત કરાયું હતું.
- **શૂટર રૂબિના ફ્રાન્સિસને નિરાશા સાંપડી:** ટોક્યો પેરાલિમ્પિકના સાતમા દિવસના પ્રારંભિક તબક્કામાં વિમેન્સ ૧૦ મીટર એર પિસ્તોલ એસએસ-૧ કેટેગરીમાં રૂબિના ફ્રાન્સિસે ફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું પરંતુ મેડલ રેસમાં તેને નિરાશા સાંપડી હતી. ટોક્યો પેરાલિમ્પિકના સાતમા દિવસના પ્રારંભિક તબક્કામાં વિમેન્સ ૧૦ મીટર એર પિસ્તોલ એસએસ-૧ કેટેગરીમાં રૂબિના ફ્રાન્સિસે ફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું પરંતુ મેડલ રેસમાં તેને નિરાશા સાંપડી હતી.



સુમિત અંતિલે

## ICC ટેસ્ટ રેન્કિંગમાં જોઈ રુટ નંબર-વન બેટ્સમેન બન્યો

**દુબઈ**

ભારત સામેની વર્તમાન પાંચ ટેસ્ટની શ્રેણીમાં અત્યાર સુધી શાનદાર પ્રદર્શન કરનાર ઈંગ્લેન્ડનો સુકાની જોઈ રુટ આઈસીસી ટેસ્ટ રેન્કિંગના બેટ્સમેનોની યાદીમાં પ્રથમ સ્થાને પહોંચી ગયો છે. રુટે ભારત સામેની પ્રથમ ત્રણેય ટેસ્ટમાં સદી ફટકારી હતી. તેણે ૧૨૬.૭૫ના એગ્રિગેટથી ૫૦૭ રન બનાવ્યા છે. તેણે સાતત્યપૂર્ણ પ્રદર્શન કરીને ન્યૂઝીલેન્ડના કેન વિલિયમ્સનને પાછળ રાખીને ટોચનું સ્થાન હાંસલ કરી લીધું હતું. ભારત સામેની શ્રેણી પહેલાં રુટ બેટ્સમેનોની યાદીમાં પાંચમા ક્રમે હતો. રુટ ઉપરાંત ઈંગ્લેન્ડનો જોની બેરિસ્ટો પણ પાંચ ક્રમના સુધારા સાથે ૨૪મા તથા ડેવિડ મલાન ૮૮મા ક્રમાંકે પહોંચી ગયો છે.

## ચોથી ટેસ્ટમાં ભારતનું ખરાબ પ્રદર્શન, 191 રનમાં ઓલઆઉટ: ઈંગ્લેન્ડ 53/3

### શાર્દુલ ઠાકુર અને વિરાટ કોહલીની અર્ધ સદી : વોક્સની 4, રોબિન્સનની 3 વિકેટ

**ઓવલ**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 5 ટેસ્ટની ચોથી મેચ અત્યારે કેનિંગ્ટન ઓવલ ખાતે રમાઈ રહી છે. જેની પહેલી ઈનિંગમાં ટોસ હારીને બેટિંગ કરવા ઉતરેલી ઈન્ડિયન ટીમ માત્ર 191 રનના સ્કોરમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. વળી શાર્દૂલ ઠાકુરે 57 રન અને કેપ્ટન કોહલીએ 50 રનની મહત્ત્વપૂર્ણ અર્ધસદીની સહાયતાથી જ ઈન્ડિયન ટીમ એક સન્માનજનક સ્કોર સુધી પહોંચી શકી હતી. જેના જવાબમાં ઈંગ્લેન્ડની ટીમે 3 વિકેટના નુકસાને 53 રન કર્યા છે. ડેવિડ મલાન 26 અને ક્રેગ ઓવર્ટન 6 રન કર્યા હતા. ઈંગ્લેન્ડ હજુ પણ ઈન્ડિયાથી 138 રન પાછળ છે. બુમરાહના આક્રમક સ્પેલ દરમિયાન ઈંગ્લિશ ટીમે 6 રનમાં જ બંને ઓપનર્સની વિકેટ ગુમાવી દીધા હતા. ઉમેશ યાદવે ઈંગ્લિશ ટીમના કેપ્ટન જો રૂટને ક્લિન બોલ્ડ કરી પેવેલિયન ભેગો કર્યો હતો.



ભારતે ઈંગ્લેન્ડ સામે ખરાબ શરૂઆત કરી હતી. ભારતે 105 રનમાં 5 વિકેટ ગુમાવી દીધી હતી. ભારતે પાંચમી વિકેટ 105 રને ગુમાવી હતી. રોહિત શર્મા, કે.એલ. રાહુલ અને ચેતેશ્વર પુજારા, વિરાટ કોહલી અને રવિન્દ્ર જાડેજા પેવેલિયન પરત ફર્યા છે. ભારતીય ટીમે પાંચમી વિકેટ તરીકે વિરાટ કોહલીની વિકેટ ગુમાવી હતી.

## રોનાલ્ડોનો રેકોર્ડ, હાઈએસ્ટ ઈન્ટરનેશનલ ગોલ નોંધાવ્યા

**પોર્ટુગલ**

વિશ્વના દિગ્ગજ ફૂટબોલર્સમાં સામેલ ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ વધુ એક નવો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. તે ઈન્ટરનેશનલ ફૂટબોલમાં હાઈએસ્ટ ગોલ નોંધાવનાર ખેલાડી બની ગયો છે. વર્લ્ડ કપ ક્વોલિફાયર મુકાબલામાં તેણે આ આયરલેન્ડ સામે બે ગોલ નોંધાવીને આ સિદ્ધિ હાંસલ કરી હતી. તેની ટીમ પોર્ટુગલ આયરલેન્ડ સામેનો મુકાબલો ૨-૧થી જીત્યો હતો. રોનાલ્ડોના કુલ ૧૧૧ ઈન્ટરનેશનલ ગોલ થયા છે અને તેણેઔઈરાનના અલી દેઈને પાછળ રાખી દીધો છે જેણે ૧૦૯ ગોલ નોંધાવ્યા હતા. અન્ય કોઈ ફૂટબોલર ૧૦૦ ગોલના આંકડા સુધી પણ પહોંચી શક્યા નથી. રોનાલ્ડોએ બંને ગોલ હેડર દ્વારા નોંધાવ્યા હતા.

## IPLની નવી ટીમના ટેન્ડર જારી, ૨૦૦૦ કરોડની બેઝપ્રાઇસ રહેશે

**નવીદિલ્હી**

આઈપીએલની ૧૫મી સિઝનમાં વધુ બે નવી ટીમો રમતી જોવા મળશે અને તેના માટે બીસીસીઆઈએ ટેન્ડર બહાર પાડી દીધું છે. ટેન્ડર ખરીદવાની છેલ્લી તારીખ પાંચમી ઓક્ટોબર નક્કી કરવામાં આવી છે. બોર્ડના અનુસાર ટેન્ડરના દસ્તાવેજને ૧૦ લાખ રૂપિયામાં ખરીદી શકાશે જેમાં ટીમને ખરીદવા માટેની પાત્રતા, બોલી લગાવવાની પ્રક્રિયા, પ્રસ્તાવિત નવી ટીમોના અધિકાર સાથે જોડાયેલી તમામ બાબતોની જાણકારી રહેશે. આ ઉપરાંત બોલી જમા કરાવવા ઈચ્છતી કોઈ પણ કંપનીને ઈન્વિટેશન ટૂ ટેન્ડર એટલે કે આઈટીટી ખરીદવી જરૂરી રહેશે. જોકે માત્ર દસ્તાવેજ ખરીદીને ભરવાથી કોઈ આઈપીએલ ટીમની બોલી લગાવવા માટે હકદાર રહેશે નહીં. નવી ટીમોએ બાકીની શરતો તથા માપદંડનું પાલન કરવું પડશે. બીસીસીઆઈ પાસે કોઈ પણ કારણ બતાવ્યા વિના કોઈ પણ સ્તરે બોલની પ્રક્રિયા રદ કે સંશોધિત કરવાનો અધિકાર રહેશે.

માહિતીના અનુસાર બોર્ડે એક ટીમની બેઝ પ્રાઈસ લગભગ બે હજાર કરોડ રૂપિયાની રાખે છે અને આ સ્થિતિમાં બે ટીમોની લગભગ પાંચ હજાર કરોડ રૂપિયાની કિંમત મળી શકે છે. આગામી સિઝનમાં ૬૦ના બદલે ૭૪ મેચો રમાશે. વતમાન સિઝનમાં બાકીની ૩૧ મેચો ૧૯મી સપ્ટેમ્બરથી યુએઈમાં રમાશે. નવી ટીમોની બોલીની પ્રક્રિયાને હવે અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

### ત્રણ કંપનીઓ સંયુક્ત રીતે બોલી લગાવી શકશે

નવી ટીમ ખરીદવા સાથે જોડાયેલી બોલની પ્રક્રિયામાં વાર્ષિક ૩૦૦૦ હજાર કરોડ રૂપિયા કે તેનાથી વધારે ટર્ન ઓવર ધરાવતી કંપનીઓને જ સામેલ કરવાની મંજૂરી આપવામાં આવશે. આ બોર્ડ કંપનીઓના ગ્રૂપને પણ ટીમને ખરીદવાની મંજૂરી આપવાની વિચારણા કરી રહ્યું છે. જો કોઇ ત્રણ કંપની સાથે મળીને એક ટીમ માટે બોલી લગાવવા માગતી હોય તો બીસીસીઆઇને કોઇ મુશ્કેલી થશે નહીં. બોર્ડને આશા છે કે આ યોજના હેઠળ વધારે નાણાં મળી શકે છે.



# CLUB CERAMIC





Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઇલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

**Porcelain tiles starting from $0.89 per square feet only**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

**Ceramic tiles starting from $0.50 per square feet only**

સિરામિક ટાઇલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- પોર્સેલિન ટાઇલ્સ અને સિરામક ટાઇલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઇલ્સ મળશે

**-: Available Size :-**

24'' * 24'' I 12'' * 24'' I 24'' * 48'' I 4'' * 8'' I 4'' * 12''

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

https://clubceramic.com Email : sales@clubceramic.com

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Fully Furnished!! Stunning 2 Bedrooms And 2 Full Washrooms Penthouse With Heartbreaking View At Malibu Condos A Trendy California Inspired Condo On Lakeshore & Bathurst. Close To Financial And Business District, Ttc, Cne, Lake And Much More. 9" Ceiling, Granite Coutertop, No Carpet, Hardwood Floors Only, Neat And Clean. Just Move In




High Demand Location In Toronto, Affordable Renovated Condo Unit 1 Bedroom 1Bath. Bright & Spacious E/ Breathtaking Panoramic View. Quality Laminate Flooring Throut, Modern Kitchen, B/New Cabnit, B/New S/S Appliances, Quartz Kitchen Counter. Ttc At Doormat, 2 Stops To Eglinton Cross Town Lrt Ontario Science Center Station. Steps To Tops School. Swimming Pool, Party Room, Gym, Children's Park And More!




Looking for Investment property for extra Cash flow? We just secured this beautiful bungalow to a client below $370K. Contact us for more details!

BEAUTIFUL ALL BRICK BUNGALOW ON DEAD END STREET. IN AREA OF HIGH END HOMES. Home fronts on 2 roads with a culvert at rear of home to accommodate a trailer or RV. Enter home into a bright, spacious Livingroom with large picture windows and hand crafted electric Fireplace. Beautiful hardwood floors throughout main level. Spacious eat in Kitchen/Dining area overlooks private rear yard with magnificent trees and large deck. Master Bdrm has large walk in closet and there are 2 other good size bedrooms with big windows. Oversize main bath. Finished rec room with large windows and Gas FP. Separate entrance to Basement from garage offers IN-LAW SUITE POTENTIAL!



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions... Its that Simple!

*You have Nothing to Loose...Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because...Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.


7 CONTINENTS holidays
Holidays around the World with Desi Touch
9 NIGHTS & 10 DAYS
ICELAND
STAY IN 4-STAR CITY CENTER HOTEL PROPERTIES.
BREAKFAST, LUNCH & DINNER PREPARED BY OUR ONBOARD INDIA CHEF. AFTERNOON MASALA CHAI WITH INDIAN SNACKS.
ALL MEALS SERVED IN BANQUET HALLS. NO PACKED MEALS ON OUR TOUR.
UNLIMITED NORTHERN LIGHTS VIEWING TOURS.
2-NIGHT'S STAY AT AKUREYRI, IDEALLY LOCATED TO BEST VIEW NORTHERN LIGHTS.
WHALE WATCHING CRUISE INCLUDED.
INTO THE GLACIER ICE CAVE TOURS IN LANGJOKULL IN MONSTER TRUCKS.
VISIT TO PLANE WRECK WHERE THE SONG SEQUENCE OF DILWALE MOVIE SONG GERUA WAS SHOT.
ADMISSION TO BLUE LAGOON THERMAL POOL WITH COMFORT PACKAGE.
ADMISSION TO MYVATN BATH WITH COMFORT PACKAGE.
ADMISSIONS TO GLACIER LAGOON CRUISE (AMPHIBIAN BOAT RIDE), CRYSTAL BEACH, FLY-OVER ICELAND 4-D SHOW, LIVE LAVA SHOW, AND VISIT TO ICELANDIC HORSE FARM.
UNLIMITED WI-FI ON COACH.
TOLL FREE : +1 (855) 497-1127 NORTH AMERICA | PHONE : +1 (725) 333-1855
Sales@7continentsholidays.com
tico.ca
TICO LICENCE #50025633
» TOUR DEPARTURES «
SEP : 18, 30 (SOLD OUT) | OCT : 9 (SOLD OUT), 16, 26 | NOV : 2, 7,19,2021
OTHER DESTINATIONS WE OFFER TOURS WITH INDIAN CHEF
ARCTIC, SOUTH AFRICA, TURKEY, SCANDINAVIA, EUROPE, NEW ZEALAND, EGYPT, ETC.
CANADA OFFICE 216 OAK PARK BLVD, UNIT 111, OAKVILLE ON L6H 0T8
USA OFFICE 3651 LINDELL ROAD, SUITE D416, LAS VEGAS, NV 89103
POWERED BY
DMCi
CERTIFIED
INSPIRED BY ICELAND
SPECIALIST